# પડ જુઓ પાંચાળ

(ભાગ-3 સાયલા)



શ્રી ઝવેરચંદ મેઘાણી

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર

















શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

**અધ્યક્ષ : ડૉ. સી.ટી. ટૂંડિયા**
**તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા**
**સહતંત્રી : ડૉ. રાજેનકુમાર પિતલિયા**

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડ્યા
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રી બી.એમ. મેટાલિયા
ડૉ. ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

**સંપાદક મંડળ**

શ્રી તુલસીભાઈ મકવાણા (TPEO)
શ્રી વિનોદભાઈ સાપરા (BRCC)
શ્રી કરમશીભાઈ મીઠાપરા (કે.નિ.)
શ્રી ભરતસિંહ રાઠોડ (કે.નિ.)
શ્રી જુવાનસિંહ ગોહિલ (CRCC)
શ્રી મશરૂભાઈ મુંધવા (CRCC)
શ્રી ભનુભાઈ ખવડ (સેજકપર)
દ.શ્રી વનરાજસિંહ ખવડ (સુદામડા)
શ્રી કંદર્પ રાવલ (સાંગોઈ)
શ્રી પ્રદીપભાઈ નાકિયા (નાગડકા)
શ્રી ઈર્શાદ માંકડ (સાયલા-૪)
શ્રી લાલુભાઈ મસાણી (શિરવાણિયા)
શ્રી જીતુભાઈ લીંબડીયા (ખીંટલા કન્યા)
શ્રી શામજીભાઈ જમોડ (દેવગઢ)
શ્રી રસીકભાઈ માલકિયા (નાના હરણિયા)
શ્રી રેખાબેન પરમાર (મદારગઢ)
શ્રી રમેશભાઈ એમ. ચૌહાણ (કંસાળા)
શ્રી બિપીનભાઈ વાણીયા (જુની મોરસલ)
શ્રી દિલીપભાઈ ગોહિલ (મોટા સખપર)

## પડ જુઓ પાંચાળ...

કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ;
નર પટાધર નીપજે, પડ જુઓ પાંચાળ.

'પલાશ' મુખપત્રના માધ્યમથી આપ સૌની સમક્ષ ઉપસ્થિત થતાં અમોને આનંદ થાય છે. ડાયેટ - સુરેન્દ્રનગર દ્વારા NEP 2020 અંતર્ગત સાહિત્ય નિર્માણ કરવાનો એક નમ્ર પ્રયાસ કરી રહ્યાં છીએ.

NEP 2020માં Section-4 અભ્યાસક્રમ અને પધ્ધતિશાસ્ત્ર (Curriculum and Pedagogy) તથા Section 4.23 અને ભારતીય જ્ઞાન પ્રણાલી (Indian Knowledge Systems) જેવાં મુદ્દાઓમાં સ્થાનિક પર્યાવરણ, ઈતિહાસ, સંસ્કૃતિ, સ્થાનિક સાહિત્ય અને સમાજ સાથે જોડાયેલ બાબતોનો ઉલ્લેખ કરેલ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ની સૂચિત ભલામણોને ધ્યાને રાખી ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા આપણાં જિલ્લાના પ્રદેશ પ્રમાણેના વિશેષાંક બનાવવાની શૃંખલામાં 'વઢવાણની પરકમ્મા', 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૧ ચોટીલા-થાન) તથા 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૨ મૂળી) પ્રગટ કરી ચૂક્યા છીએ. જે શૃંખલામાં 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૩ સાયલા) પ્રગટ કરી રહ્યાં છીએ.

'પડ જુઓ પાંચાળ' (ભાગ-૩ સાયલા) સાયલા તાલુકાના ધોરણ 6 થી 8ના સામાજિક વિજ્ઞાન વિષયનું અધ્યાપનકાર્ય કરાવતાં શિક્ષકને સંદર્ભ સાહિત્ય તરીકે પૂરક બની રહેશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરૂં છું.

સાયલા એ પ્રાચીન અને અર્વાચીન રીતે આગવો ઈતિહાસ, પર્યાવરણ અને ભૂગોળ ધરાવે છે. જેની સંસ્કૃતિ, સાહિત્ય અને પરિવેશ અલગ જ છે. આપ સૌને આ વિશેષાંક અધ્યાપન-કાર્યમાં ઉપયોગી બની રહેશે તેવાં ઉદ્દેશ સાથે 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૩ સાયલા) આપ સૌને અર્પણ કરૂં છું.

**ડૉ. સી.ટી. ટૂંડિયા** પ્રાચાર્ય, ડાયેટ-સુરેન્દ્રનગર

**પત્રવ્યવહાર - સંપર્ક**

ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦
મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭
E-mail : palash.dietsnr@gmail.com
Website : www.dietsnr.org
Youtube : diet surendranagar

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સામે, કેળવણીનો પથ, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૨**
E-mail : dietsurendranagar@gmail.com





# સાયલા સ્ટેટનો ઈતિહાસ અને ઝાલા રાજવીઓ

- **સાયલાના ઝાલા રાજવીઓનો શાસનકાળ :**

(1) મહારાણા શ્રી શેષમલજી - 1 (ઇ. સ. 1756-1794)
(2) મહારાણા વિક્રમાતજી (કાકો ભાઈ) : (1794-1813)
(3) મહારાણા મદારસિંહજી - 1 (1813-1814)
(4) મહારાણા શ્રી આતાજી (આતો ભાઈ) : (1814-1837)
(5) મહારાણા શેષાજી - 2 (બાવોજી) : (1837-1839)
(6) મહારાણા કેશરીસિંહજી (1839-1881)
(7) ઠાકોર સાહેબ શ્રી વખતસિંહજી (1881-1924)
(8) ઠાકોર સાહેબ શ્રી મદારસિંહજી - 2 (1924-1938)
(9) ઠાકોર સાહેબ શ્રી કરણસિંહજી (1938-1962)
નોંધ :- સાયલા રાજ્યનું સંયુક્ત સૌરાષ્ટ્ર સંઘમાં વિલીનીકરણ ઇ.સ. 1948
(10) ઠાકોર સાહેબ શ્રી સુરેન્દ્રસિંહજી (1962-1970)
(11) ઠાકોર સાહેબ શ્રી પૃથ્વીરાજસિંહજી (1970-2018)
(12) ઠાકોર સાહેબ શ્રી સોમરાજસિંહજી ઝાલા (પ્રવર્તમાન)



ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું સાયલા એ ભક્તિ, પરંપરા અને ઐતિહાસિક વારસાનું અનોખું કેન્દ્ર છે. આઝાદી પહેલાં તે ઝાલાવંશના શાસકોનું સ્વતંત્ર બાહુબળ દ્વારા પ્રાપ્ત કરેલું બિનતોપ સલામી ધરાવતું એક રજવાડું હતું. હાલ 'ભગતનાં ગામ' તરીકે જાણીતા સાયલા રાજ્યના મૂળ સ્થાપક મહારાણા શેષમલજી હતા. સાયલાનો ઝાલાવાડનાં એક પરગણા તરીકે તરીકે ઉલ્લેખ છેક આઇને-અકબરીમાંથી પ્રાપ્ત થાય છે. ઝાલા સત્તાની સ્થાપના પૂર્વે આ વિસ્તાર પર ખવડ કાઠી દરબારોનું વર્ચસ્વ હતું.

હળવદની ગાદીએ મહારાણા રાયસિંહજી ઝાલા (ઇ. સ. 1730-57) નું અવસાન થતાં મહારાણા ગજસિંહજી ગાદીએ આવ્યા. ભાઇઓને ગરાસની વહેંચણી કરતા મેરૂજી અને શેષમલજીને 7 ગામો સાથે માથકનો ગરાસ મળ્યો. એકવાર ડાયરો ભરીને બેઠેલા શેષાજીએ



પોતાના પાસવાનને હોકો ભરી લાવવા જણાવતા નાનાભાઈ મેરૂજીએ હોકો ભરીને મોટાભાઈને આપતા માતાનાં કડવા વેણો સાંભળીને પોતાનો માથકનો ગરાસ મુકી દીધો. ઝાલાવાડમાં એવી માન્યતા પ્રવર્તે છે કે માતાએ કહેલું કે, 'હોકા ભર્યે માથકનો ગરાસ ખવાશે નહીં.' શેષાજી એક શુરવીર અને પરાક્રમી પુરૂષ હતા એટલે માથકનો હક્ક ત્યાગ કરી શેષમલજી નવા પ્રદેશની શોધમાં નીકળી પડ્યા.

શેષાજીનું હળવદના ગજસિંહજી ઉપર વિશેષ વર્ચસ્વ હોવાથી વરસોડાવાળા જીજીબા યુવરાજ જસાજીને લઇને પોતાના પિયરમાં રહેતા હતા. કારણ કે તેમને હંમેશા ભય રહેતો કે શેષાજી ધ્રાંગધ્રા કબ્જે કરી લેશે. અંતે હળવદ શેષાજીએ કબ્જે કર્યું. પછીથી તેઓ ધ્રાંગધ્રાથી 3 માઇલનાં અંતરે આવેલા બાવળીમાં કાકા કલાભાઈ પાસે ગયા કે જેઓ તેમની દાતારી અને શૂરવીરતા માટે પ્રખ્યાત હતા. શેષાજીને આંખમાં આંખ પરોવી કહી શકે એવો આ એક વીર પુરૂષ હોઇ ગજસિંહજીને ત્યાં વેણ નાંખ્યું. બાવળીનાં કલાજીની સક્રિય મદદને કારણે ગજસિંહજી હળવદનો કબજો મેળવી શક્યા પણ ધ્રાંગધ્રા તો શેષાજી પાસે જ રહ્યું.

આ બાજુ વરસોડામાં રહેલા જીજીબાને યુવરાજ જસાજીનો ભવિષ્યનો હક ડૂબતો જણાયો તેથી ધ્રાંગધ્રાથી દક્ષિણે આવેલા સીથા (આજનું રાજસીતાપુર) ગામે રહ્યા. એ પછી ધોળકા અને વિરમગામનાં કરબાતીઓ તથા ખવડ દરબારોનો સહકાર મેળવી, શેષાજી પાસેથી ધ્રાંગધ્રા પડાવી લેવાનો પ્રયત્ન કર્યો જે નિષ્ફળ રહ્યો. કાઠીઓએ કરેલી પોતાની વિરૂદ્ધની નોંધ શેષાજીની ચકોર દ્રષ્ટિએ નોંધી, જેનો ઉપયોગ આગળ ઉપર વેર લેવામાં કર્યો.

આ જ અરસામાં ઝાલાવાડ પરગણાની પેશકશી ઉઘરાવવા નીકળેલા મરાઠા સરદાર ભગવંતરાવ અને રાધનપુરનાં નવાબ બાબી કમાલુદ્દીનની મદદથી ધ્રાંગધ્રાનો કબજો જીજીબાએ મેળવી લીધો અને રાજયનો વહીવટ સીથામાં રહીને કર્યો. આ બનાવ દરમિયાન ગુજરાત પર ઇ. સ. 1758માં મોગલ સત્તાનો અસ્ત અને મરાઠી સત્તાનો ઉદય થયો. શેષાજીએ બંને સત્તાનાં અસ્ત અને ઉષાનાં સંધિકાળની અવ્યવસ્થાનો લાભ લઇ સાયલાના ખવડ કાઠી દરબારોએ પહેલા જીજીબાને પોતાની સામે કરેલી મદદને ધ્યાનમાં લઇને તેમનો પ્રદેશ પડાવી લીધો. આમ, સાયલાની સત્તા ઇ. સ. 1753-58 વચ્ચે સ્થપાઇ હશે તે કહી શકાય.

કોટડા સાંગાણીનાં જાડેજા જસોજી (ઇ. સ. 1750-55) એ તેમનાં દરબારમાં મશ્કરી કરેલી





કે 'આ સસલું શું કરવાનું છે?' આથી શેષાજીએ તેમના ઉપર આક્રમણ કરેલું અને રાજપીપળા ગામ પાસે ભયંકર યુદ્ધ થયું તેમાં જસાજી અને સરતાનજીનું મૃત્યુ થયેલું.

ઇ. સ. 1765 માં ધ્રાંગધ્રાની સત્તા ઉપર જશવંતસિંહજી ઝાલા હતા ત્યારે કાઠીઓએ ઢોરો વાળતા, શેષાજી તેમની વહારે આવેલા અને શેષાજી વધુ માત્રામાં ઘવાયા હતા. અહીં તેમની મુળ ગાદી પરત્વે રહેલું મમત્વ જણાઇ આવે છે. તેની કદરમાં ધ્રાંગધ્રાના રાજપતિએ શેષાજીને લીયા ગામ બક્ષિસમાં આપેલું.

સાયલાના શેષાજી ઝાલાએ સાયલાનો ગઢ બાંધી સંરક્ષણની દ્રષ્ટિએ સુરક્ષિત બનાવ્યો. તેમનાં શાસન સમય દરમિયાન 'વીસ ભુજેશ્વરી' માતાજીનું મંદિર બાંધવામાં આવ્યું. આમ, સાયલા રાજ્યની સ્થાપના સ્વબળે કરી. આ શેષાજીની શુરવીરતાને બિરદાવતાં ચારણી સાહિત્યમાં અનેક ગીતો આપણને જોવા મળે છે. જીવન પર્યંત શુરવીરતા અને કૂશળતાથી સાયલા રાજ્ય ચલાવીને ઇ. સ. 1749 માં તેઓ દેવલોક પામ્યા. સાયલા રાજકુટુંબના સ્મશાનની દેરીઓમાંના શિલાલેખનાં આધારે સંવત 1850ના શ્રાવણ વદી-4 રવિવાર રામશરણ થયાનો ઉલ્લેખ છે.

મહારાણા શેષાજીનાં અવસાન બાદ કાકોભાઇ ઉર્ફે વિક્રમસિંહ ઝાલા ઇ. સ. 1794 માં ગાદીએ આવ્યા. આ રાજવીનાં સત્તા સમય દરમિયાન સૌરાષ્ટ્રમાં મરાઠી સત્તાનો અંત અને અંગ્રેજ સત્તાનો ઉદયકાળનો સંધિકાળ હતો. કર્નલ વોકરે ઇ. સ. 1707-08 માં મોરબી પાસે આવેલ ઘુંટું ગામે રાજાઓ અને તાલુકદારોને એક પરિપત્ર પાઠવી બોલાવ્યા હતા અને તેમાં તલવાર યુગનો અંત આવી જતાં શાંતિ, સલામતી અને વ્યવસ્થાનો નવો યુગ શરૂ થયો. આ રાજવીએ પોતાના સમયમાં સ્થિરતા પ્રાપ્ત થતી જોઈ અને તેઓ ઇ.સ. 1813 માં અવસાન પામ્મા.

મદારસિંહજી યુવરાજ હોઇને ઇ. સ. 1813 માં સાયલાની ગાદીએ આવ્યા, જેમનો સમય માત્ર એક જ વર્ષ રહ્યો. તેમનાં ભાવભીના આમંત્રણને માન આપીને શ્રીમાળી વણિક કુટુંબના લાલજી મહારાજ સાયલા આવેલા. જેમનો જન્મ વાંકાનેર તાબાના સિંધાવદરમાં ઇ.સ. 1800 માં થયેલો. તેમણે વાંકાનેરનાં રઘુનાથજી મંદિરનાં મહંત શ્રી સેવાદાસજી મહારાજ પાસેથી 'શ્રી વૈષ્ણવી દીક્ષા' ગ્રહણ કરેલી. ધર્મપ્રિય રાજવી મદારસિંહજીનું અવસાન ઇ. સ. 1814 માં થયું. આમ બંનેનાં નામ ઇતિહાસમાં અમર થઈ ગયા.

મદારસિંહજી પછી આતોભાઇ ઇ. સ. 1814 માં ગાદીએ આવ્યા. આ રાજવીનાં અમલ દરમિયાન ઇ. સ. 1833 માં 'લાલજી મહારાજની જગ્યા' તરીકે સંસ્થાની સ્થાપના થઇ અને

શીરા-પુરીનું સદાવ્રત શરૂ કરવામાં આવ્યું. એ પછી દિવથી આવેલી શ્રી રામ-લક્ષ્મણ-સીતાની મૂર્તિ પ્રતિષ્ઠા સમયે વિષ્ણુયાગ મહાયજ્ઞ ઇ.સ. 1858 માં કર્યો હતો. આ સેવાભાવી મહંત લાલજી મહારાજ ઇ. સ. 1862 માં દેવલોક થયા. આ સંસ્થાની બીજી શાખા વઢવાણમાં છે. આતોભાઇ સાયલાની ગાદીએ સફળતાપૂર્વક 23 વર્ષ શાસન કરીને ઇ. સ. 1837 માં અવસાન પામ્યા.

આતોભાઇ અપુત્ર મરણ પામ્યાથી તેમનાં ભાઇ શેષાજી – 2 સાયલાની ગાદીએ ઇ. સ. 1837 માં આવ્યા. સાયલાનું સુપ્રસિદ્ધ 'કાશી વિશ્વનાથ'નું મંદિર આતોભાઇનાં નાના ભાઈ શેષાજીએ કરાવેલું છે, જેનો શિલાલેખ મંદિરમાં છે. આ લેખમાં સંવત 1877ના માગશર સુદ-2 બુધવારે શેષમલજીએ દેરૂં ચણાવ્યાનો ઉલ્લેખ છે. આ રાજવીના સત્તા સમય દરમિયાન ઝાલાઓનાં વહીવંચા ચત્રભુજજીએ ઇ. સ. 1832 માં મુલાકાત લીધી ત્યારે પહેરામણીમાં સોનાના કડા, રૂપિયા 300 અને સરપાવ આપ્યાની નોંધ ચોપડાઓમાં જોવા મળે છે. ઇ. સ. 1839 માં આ રાજવીનું અવસાન થયું.

શેષાજી – 2 નાં અવસાન બાદ મહારાણા કેશરીસિંહજી ઇ.સ. 1839 માં ગાદીએ આવ્યા. તેમનાં શાસનકાળ દરમિયાન મહારાણા શેષાજીએ બંધાવેલ કાશી વિશ્વનાથનાં મંદિરનો ગઢ, ધર્મશાળા તથા હનુમાનજીની દેરી, પાટણાધિપતી સિદ્ધરાજ જયસિંહ સોલંકીએ બનાવેલા સાયલા માનસરોવરનાં ઉત્તરાદે કાંઠે દોદરાવાળા બાઇશ્રી બાજીબાને કુંવરશ્રીને કેશરીસિંહજીનો જન્મ થયાની બાધા હતી, તેથી રૂ. બે હજાર ખર્ચીને બાંધેલા હતા તેમ મંદિરનો લેખ કહે છે. ગામમાં આધુનિક સગવડો માટે પ્રજાને જરૂરી ચીજોની યોજના કરી.

ઇ. સ. 1865 માં ઝાલાઓનાં વહીવંચા શ્રી ગુલાબજી મોડજીને સરપાવ આપ્યાની અને કુમારશ્રી વખતસિંહજીનું નામ મંડાવીને બારોટજીને ઘોડી રોજડી, 3 જોડકડા વેઢ ને પાંચ સેલા કામદાર વલમજીની સાખમાં પહેરામણી કર્યાનો ઉલ્લેખ છે.

વઢવાણ અને સાયલા વચ્ચે સંઘર્ષ બનાવ બનેલો, જેમાં સાયલા વિજયી રહેલું. આ યુદ્ધમાં દાખવેલી શુરવીરતાની બીરદાવતું ગીત ચારણી સાહિત્યમાંથી મળે છે. શુરવીર, ધીર અને બાહોશ રાજવી એવા આ રાજવીનું ઇ. સ. 1881 માં અવસાન થયું.

કેશરીસિંહજીના અવસાન પછી ઠાકોર સાહેબ વખતસિંહજી ઇ.સ. 1881 માં સાયલાની ગાદીએ આવ્યા. તેમનો સમય શાંતિનો રહેવાથી પ્રજાહિતાર્થે વધુ રહ્યો. તેમનાં સમયમાં 1914-18 નું પ્રથમ વિશ્વ યુદ્ધ આવતા બ્રિટિશ હકુમતને સાથે તેમણે યથાયોગ્ય મદદ કરી હતી. રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ મફત હતું અને દરબારગઢ સામે જ કન્યાશાળા ઉઘાડવામાં આવી





હતી. નાગરિકો માટે બાગનું નિર્માણ કર્યું તથા ચેરીટેબલ દવાખાનું પણ શરૂ કરવામાં આવ્યું. રસ્તા અને મકાનો માટે આધુનિક સુધારા કર્યા. આ બધાની નોંધ લઇ અંગ્રેજ સરકારે સી.એસ.આઇ. નો ઇલ્કાબ એનાયત કર્યો હતો. એ સમયનાં તમામ રાજવીઓમાં આ ઇલકાબ સૌપ્રથમ તેમને મળવાનો શ્રેય અને માન તેઓ ખાટી ગયા. આવા સુધારક અને પ્રજાપ્રિય રાજવીનું અવસાન તા. 12/1/1924 નાં રોજ થયું.

વખતસિંહજી પછી ઠાકોર સાહેબ શ્રી મદારસિંહજી – 2 ઇ.સ. 1924 માં ગાદીએ આવ્યા. રેલવે જેવા આવાગમનના આધુનિક સાધનથી અલિપ્ત હોવાથી વઢવાણ રાજ્ય સાથે પોતે મળીને રેલવે યોજના કરી. ભાવનગર-સુરેન્દ્રનગર (વઢવાણ જંક્શન કેમ્પ) વચ્ચે જોરાવરનગર સ્ટેશન તો હતું જ એટલે સાયલાની હદે 6 માઇલ ને બાકીની વઢવાણ હદે નેરોગેજ રેલવે નાંખવામાં આવી. તેનું જોડાણ જોરાવરનગર સ્ટેશને આપી તેને નાનકડું જંક્શન બનાવાયું. આમ, વઢવાણ – સાયલા ટ્રામને પાછળથી રેલવે નામે તે પ્રસિદ્ધ બની. આ નાનકડા રાજ્યને ભારત જેવા વિશાળ ક્ષેત્રમાં હિસ્સેદાર બનાવ્યું તેનો શ્રેય વઢવાણનાં ઠાકોર સાહેબ શ્રી જોરાવરસિંહજીને જાય છે.

રાજ્યમાં જીનીંગ ફેક્ટરી ખોલવામાં આવી. રોશની માટે પાવર હાઉસ, આઇસ ફેક્ટરી, પવનચક્કી, મહેમાનોનાં ઉતારા માટે બેલ ગેસ્ટ હાઉસ જેવી આધુનિક સગવડો પૂરી પાડી. સાયલાની પશ્ચિમે ભીમડુંગરી ઉપર ભીમેશ્વર મહાદેવનું મંદિર બંધાવ્યું, જ્યાં શ્રાવણ માસમાં લોકમેળો ભરાતો હતો. ખેતીવાડી સિંચાઈ માટે કુવા, તળાવ ને નહેરવાટે પાણીની યોજના કરી. જાનવરો માટે પશુ દવાખાનું કરાવ્યું. ખાસ કરીને 'કેટલ બ્રીડીંગ'નો તેમજ ઘોડા ઉછેરનો શોખ આ રાજવી ધરાવતા હતા. ગૌશાળામાં રાજ્યની દેખરેખ નીચે 2000 કરતાં પણ વધુ ગાયો હતી. એક ગાયને ત્રણ આંખ અને ત્રણ શિંગડા હતા જે અંગે પોલિટિકલ એજન્સી દ્વારા ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયેલો, જેનું સર્ટિફિકેટ મળેલ હતું. એ સિવાયના ઘણા બધા કેટલ બ્રિડિંગ મહારાણા મદારસિંહજી-2 ના સમયમાં પ્રાપ્ત થયેલા.

તેઓ ધાર્મિક વૃત્તિનાં હોઈ જાત્રાઓ પણ કરતા. 3-4 વખત દ્વારકાની યાત્રા સહકુટુંબ કરેલી તે તીર્થગોરના ચોપડા પરથી નોંધાયેલું માલુમ પડે છે. આ રાજવીને સી.એસ.આઇ. ઇલ્કાબ અંગ્રેજ સરકાર તરફથી મળ્યો હતો. આમ, દરેક ક્ષેત્રે રાજયનો વિકાસ કરતા તેઓ તા. 9/4/1938 માં અવસાન પામેલ હતા.

મહારાણા મદારસિંહજીનાં અવસાન પછી યુવરાજ કરણસિંહજી તા. 2/5/1938 નાં રોજ ગાદીએ આવ્યા. રાજયારોહણની ખુશીમાં પ્રથમ તો ભાયાતોનું રાજ તરફનું લેણું માફ કરવા

ઉપરાંત જાનવર પરનો 'શીંગોટીવેરો' માફ કર્યો. તદુપરાંત લાલજી મહારાજની જગ્યામાં સારી એવી સખાવત કરી. ખોડીયાર મંદિર, ગુરૂદ્વાર તથા પાંજરાપોળમાં પણ સારૂં દાનપૂણ્ય કર્યું. પોતાના નાના ભાઈઓ (ફટાયા કુંવરો)ને ગરાસમાં ગામો આપી, તેમનો વિશ્વાસ સંપાદન કરી રાજ્યને મજબૂત બનાવ્યું. પોતાના જન્મદિવસે પ્રાઈવેટ જેટ ખરીદ્યું હતું..! એ સમયની આ મોટી ઘટના હતી. તેમણે આર્યસમાજ ધર્મ અપનાવ્યો હતો. ભારત આઝાદ થતાં સમયને પારખીને અન્ય રાજવીઓ સાથે પોતે પણ સાયલાને સૌરાષ્ટ્ર સંઘમાં ભેળવી દીધું. રાજાશાહીનાં જમાનાના આ છેલ્લા, બાહોશ અને ધર્મનિષ્ઠ રાજવીનું ઇ. સ. 1952 માં અવસાન થયું.

આઝાદી પછીનાં ઠાકોર સાહેબ તરીકે સુરેન્દ્રસિંહજી 1962 માં ગાદીએ આવ્યા, જેમના લગ્ન સરગુંજા મહારાજા રામાનુજ શરણસિંહદેવના કુંવરી મણિશ્વરીદેવી સાથે થયા હતા. તેઓ પોતે આયુર્વેદમાં ખૂબ જ હોંશિયાર હતા. પોતે સાદગી પસંદ કરતા અને ખૂબ જ ધાર્મિક વૃતિના હતા. નિયમિત પૂજાપાઠમાં દિનચર્યાનો મોટો હિસ્સો હતો. તેમનું અવસાન ઇ. સ. 1970 માં થયું.

એ પછી ઠાકોર સાહેબ પૃથ્વીરાજસિંહજી ગાદીએ આવ્યા. તેમના લગ્ન પટના મહારાજા રાજેન્દ્રસિંહદેવના મહારાજકુમારી રાજશ્રીદેવી સાથે થયેલા. પોતે ઘણા બધા દેશોની મુલાકાત લીધેલી. તેમના શાસનકાળમાં એક મહત્વનું કાર્ય કે જે સાયલા અને માથક ગામનો અપૈયો હતો તે દૂર થયો અને વર્ષો પછી શેષમલજી અને મેરૂજીના પરિવારો એક થયા. તેમનું અવસાન 21 ડિસેમ્બર, 2018 માં થયું.

લેખક : મનોજ ઇન્દ્રવદન આચાર્ય
ઝાલાવાડનાં ઈતિહાસવિદ્ ડો. ઇન્દ્રવદન આચાર્યનાં સુપુત્ર
(સ્વામી સદાનંદ - ગાદીપતિ શ્રી સિદ્ધ ગાયત્રી શક્તિપીઠ, રાજકોટ)

આધાર સ્ત્રોત :

(1) ઝાલાવાડનાં ઈતિહાસવિદ્ ડો. ઇન્દ્રવદન આચાર્યની પી.એચ.ડી. થીસીસ (1974) - 'સૌરાષ્ટ્રમાં ઝાલા રાજવંશના શાસનનો ઇતિહાસ'
(2) શ્રી મિતરાજસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (આયા) નો ઇન્ટરવ્યુ
(3) website - Princly State Sayla





## કાઠિયાવાડ પ્રદેશ

કાઠિયાવાડ એટલે કાંઠ (સમુદ્ર કિનારો) + વાડ (દ્વાર). હિંદના પશ્ચિમ કિનારા પર આવેલ આ પ્રાંત કાઠિયાવાડના નામે પાછળથી ઓળખાયો. તે કચ્છના અખાત અને ખંભાતના અખાત વચ્ચે આવેલો છે. કાઠી લોકોના વસવાટને લઈને આ પ્રાંતનું નામ પડ્યું છે. શ્રી રામકુભાઈ ખાચર કહે છે કે કાઠીઓ જે પ્રદેશ જીતીને પોતાના તાબા નીચે લાવ્યા તે કાઠિયાવાડ કહેવાયો. ચીનના મુસાફર હ્યુ-એન-ત્સંગ વલ્લભી રાજ્યને અને સુરાષ્ટ્રને જુદાં રાજ્યો તરીકે વર્ણવે છે. તેમાં કેટલા ભાગને જૂના વખતમાં સુરાષ્ટ્ર કહેતા હશે તે કહેવું મુશ્કેલ છે. આખો દ્વીપકલ્પ કાઠિયાવાડ કહેવાતો ત્યારે માત્ર દ્વીપકલ્પનો દક્ષિણ ભાગ સોરઠના જૂના નામે ઓળખાય છે. ભગવદ્ગોમંડલ અનુસાર કાઠિયાવાડ નામ તો મરાઠાઓએ પાડ્યું છે, તે પહેલાં મુસલમાનો તો આખા દ્વીપને સોરઠ કહેતા. પ્રાચીન સૌરાષ્ટ્ર જે કાઠિયાવાડના નામે ઓળખાય છે તે પાછળથી સોરઠ, હાલાર, ગોહિલવાડ અને ઝાલાવાડ એમ ચાર વિભાગમાં વહેંચાયું એમ આલા ખાચર સા.નું જીવનચરિત્ર લખનાર જેઠમલજી મહારાજ નોંધે છે.

સોરઠનું પાટનગર ભાવનગર અને ઝાલાવાડનું પાટનગર ધ્રાંગધ્રા એ ચાર પૈકી જૂનાગઢનો પ્રદેશ આજે પણ સોરઠ તરીકે ઓળખાય છે. જે પ્રદેશમાં કાઠી લોકો વસ્યા હતા તે પ્રદેશ કાઠિયાવાડના નામે ઓળખાતો. તેનું ક્ષેત્રફળ 4000 ચો.માઈલ ગણાતું. નૈઋત્ય ભાગમાં વાળા કાઠીનું જેતપુર સંસ્થાન અને બાકીના ભાગમાં ખારોપાટ, કુંડલા અને દેસાઈઓના વસાવડ પરગણાં હતાં. સને 1882માં દુષ્કાળ પડ્યો ત્યારે જૂનાગઢના નવાબે તથા કાઠી-ગરાસિયાઓએ આ મુલક ગાયકવાડને આપતાં પ્રાચીન કાઠિયાવાડ સોરઠ સાથે ભેળવી દેવાયું હતું. આ કાઠિયાવાડની કામિની, મોજડી, પાઘડી અને મહેમાનગતિ આખા મલકમાં ખૂબ વખણાતી. આ રહ્યા એની સાક્ષી પૂરતા દુહા:

પાતળી પહેરે મોજડી, ચાલે ચટકતી ચાલ;
વાંકી બાંધે પાઘડી, ભલો ઈ કાઠિયાવાડ.

★ ★ ★

ભાદરકાંઠાની ભેંસ ભલી, વેણુ વખાણું ગાય;
કાઠિયાવાડની કામની, બરડાચંગો જુવાન.

ઝાલાવાડ પરગણું હરપાળદેવજીના વંશજો ઝાલાઓ પરથી ઝાલાવાડ તરીકે ઓળખાય છે. લોકવાણીમાં એને ઝરમરીયો ઝાલાવાડ પણ કહે છે. જૂનાં રાજ્યો ધ્રાંગધ્રા, લીંબડી, વઢવાણ, થાન-લખતર, સાયલા, ચુડા, મૂળી, બજાણા, પાટડી અને અન્ય નાની રિયાસતો,

ઝાલાવાડમાં હતી. કાઠિયાવાડ સર્વસંગ્રહમાં ઝાલાવાડ પરગણાનું ક્ષેત્રફળ 4392 ચો. માઈલ દર્શાવ્યું છે. એનાં ઘણાં ખરાં સંસ્થાનોના રાજવી ઝાલા રજપૂતો હતા, તેથી જ તેનું નામ ઝાલાવાડ પડ્યું છે. ઝાલાવાડ રણના કાંઠે બજાણા સુધી ફેલાયેલું હતું. એના પૂર્વ ભાગની કંઠાળ પટ્ટી 'જતવાડ'ના નામે જાણીતી હતી. ઝાલાવાડના માનવીઓની વાણી અને પાણીની કહેવતો લોકકંઠે રમે છે :

કંકુવરણાં લૂંગડાં, ધોવા લઈ જાય પાણો;<br>
પવાલા જેવડા ચૂડલા, ઈ ઝાલાવાડી જાણો.<br>
લોટમાં કાંકરી ને ભાંભળાં પાણી;<br>
આખાબોલા માનવી, ઈ ઝાલાવાડી જાણો.

## પાંચાળ પ્રદેશ

ઝાલાવાડનું એક પરગણું પાંચાળના નામે જૂના કાળથી જાણીતું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ થાન, ચોટીલા, મૂળી એ વિસ્તાર પાંચાળ ગણાય છે. સ્કંદપુરાણ અને પદ્મપુરાણમાં પાંચાળનો ઉલ્લેખ મળે છે. સૂર્યદેવળને મધ્ય માનીને તેની પૂર્વે મૂળી – માંડવરાય (માર્તંડદેવ–સૂર્ય) પશ્ચિમે મહીકુ, ઉત્તરે સરામાથક અને દક્ષિણમાં ચોટીલા અને આણંદપર એમ 196 માઈલના ક્ષેત્રમાં આ પરગણાનો વિસ્તાર હતો. આ પંથકને અહીંની પ્રજા 'દેવકો પંચાળ દેશ' પણ કહે છે.

આ પંથકનું નામ પાંચાળ શાથી પડ્યું હશે તેનું અનુમાન કરતાં શ્રી માયાશંકર પંડ્યા નોંધે છે કે આ ભૂમિનું નામ કણ્વ ઋષિના વખતમાં 'પાંચાળ' બોલાતું હતું તેમ જણાય છે. 'થાનમાહાત્મ્યના 12મા અધ્યાયમાં આપેલ હકીકત મુજબ રામચંદ્રજીએ ગુરૂ વશિષ્ઠને પૂછ્યું : 'હે મુનિવર ! મેં રાવણાદિક રાક્ષસોને માર્યા એ વખતે અગસ્ત્ય ઋષિએ કહ્યું કે રાવણ તો વિપ્ર હતો, એટલે તમને બ્રહ્મહત્યાનું પાપ લાગે. એ પાપના નિવારણ અર્થે દેવભૂમિ પાંચાળમાં જાઓ. ત્યાં કણ્વ, ગાલવ, ઓતિથ્ય, અંગીરા અને ભેંસપતિ આદિ પાંચ ઋષિઓનાં તપથી પાવન થયેલી ભૂમિ છે.' પાંચ ઋષિઓથી આ પ્રદેશ પાંચાળદેશના નામે જાણીતો છે, એમ કહેવાય છે.

પંચાળ શબ્દની વ્યુત્પત્તિ અંગે અનુમાન કરીએ તો પંચઋષિ જ્યાં વસતા હોય એ 'પંચાળય'. આમાં 'ય'નો ઘસાઈને લોપ થયો. પંચઋષિનું નિવાસસ્થાન આશ્રમ એટલે પંચાળ, કેટલાક માને છે કે પંચાળ નામ પાંચાલ દેશ પરથી આવ્યું છે. મૂળ પાંચાલ ઉત્તર ભારતમાં હાલ બરેલી અલીગઢ છે ત્યાં હતું. દ્રૌપદીના પિતા તેના રાજા હતા. શ્રી અમૃત પંડ્યા નોંધે છે કે,





પાંચાલ નામ સૌરાષ્ટ્રમાં શી રીતે આવ્યું તે સમજાતું નથી. પાંચાલી (દ્રૌપદી) પાંડવોના વખતમાં થઈ ગયાં. જ્યારે રામચંદ્રજી એના પહેલાં ઘણાં વરસે થયા એટલે પંચાલ પરથી પાંચાલદેશ થયાની હકીકતમાં ઝાઝું વજૂદ જણાતું નથી. કિંવદંતી અનુસાર પાંડવો આ ભૂમિ પર આવેલા. અર્જુને મત્સ્યવેધ અહીં કરેલો. દ્રૌપદી અર્થાત્ પાંચાલીના નામ પરથી આ પ્રદેશ પંચાળ કહેવાયો હોવાનું અનુમાન કરવામાં આવે છે. આ કંકુવરણી ધરતીના પટાધર પુરૂષો, નમણી નારીઓ, નવરંગ તોરંગ, કિલ્લોલતાં સારસ મૃગ વખણાય છે. એનું પ્રમાણ આ દુહા દે છે:

કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ,<br>
નર પટાધર નીપજે, ભોંય દેવકો પાંચાળ.

ગૂઢે વસ્તરે ગોરિયાં, પગપિંડીની તાલ;<br>
પનઘટ ઉપર પરવરે, પડ જોવો પાંચાળ.

ઓદરથી ઉરે સરસ, નાક નેણનો તાલ;<br>
ચાર હાથનો ચોટલો, પડ જોવો પાંચાળ.

નરનારી બંને ભલાં, કદી ન આંગણ કાળ,<br>
આવેલને આદર કરે, પડ જોડો પાંચાળ.

આછાં પાણી વીરડે, ધરતી લાંપડિયાળ,<br>
સર ભર્યા સારસ લવે, પડ જોડો પાંચાળ

નદી ખળકે નિઝરણાં, મલપતાં પીએ માલ;<br>
ગાળે કસુંબા ગોવાળિયા, પડ જોવો પાંચાળ

ઠાંગો માંડવ ઠીક છે, કદી ન આંગણ કાળ;<br>
ચારપગાં ચરતાં ફરે, પડ જોવો પાંચાળ

તારા તોરિંગ મૃગફૂદણા, લીલા પીળા લાલ;<br>
એવા વછેરા ઊછરે, પડ જોવો પાંચાળ

કુકડકંધા મૃગફૂદણાં, શત્રુને હૈયા સાલ;<br>
નવરંગ તોરિંગ નીપજે, પડ જોવો પાંચાળ

કળ કોળી ફળ લીંબોળી, વનસ્પતિ હરમાળ;<br>
(પણ) નર પટાધર નીપડે, ભોંય દેવકો પાંચાળ

# નવલખો - સેજકપર



સુરેન્દ્રનગર જિલ્લાનું સાયલા તાલુકાનું ગામ સેજકપર ઐતિહાસિક મહત્વ ધરાવે છે. કાળની કેટલીએ થપાટો ખમીને ઉભેલા નવલખાની ટૂંકી વાત.

આ મંદિરની રચના-શૈલી સોલંકી કાળની લાગે છે. આ પરથી આ ગામ 800 થી 1000 વર્ષ પ્રાચીન લાગે છે. લોકવાયકા એવી પણ છે સેજકજીને કૃષ્ણ ભગવાને વચન આપ્યું હતું. જ્યાં તારા રથનું પૈડું ભાંગી જાય ત્યાડ તું રોકાઇ જજે. સેજકજી મૂર્તિ લઈને ચાલતા થયા, જ્યાં પૈડું ભાંગ્યુ ત્યાં રોકાઇ ગયા. ત્યાં જે નગર વસાવ્યું તે હાલનું સેજકપર.

'રથ ભાંગ્યો સમર થશે, સેજક કથ સંભલરા,
ઘર સેજકપર નામ ઘર, પ્રથમ મુકામ પંચાળા.'

ઈતિહાસમાં જુનાગઢના રાજાએ સેજકજીને આ જમીન આપી તેવું બતાવ્યું છે. આ નવલખાને બાંધવામાં નવ લાખ રૂપિયા ખર્ચ થયો હશે. એટલે કદાચ નવલખો નામ પડયું હશે. મંદિરની સ્થાપત્ય શૈલી મોઢેરા અને સોમનાથના મંદિરને મળે છે. મંદિરના હાથી, હનુમાનજી, દેવ-દેવી, નર્તકીની ખંડિત, અખંડ મૂતિઓ જોવા મળે છે. શિવ-પાર્વતીનું મંદિર છે. મેદાનમાં પાળિયા છે. ઘણી કુદરતી અડચણો પછી આ નવલખો અડગ ઊભો છે.

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાનું એક ઐતિહાસિક નગર એટલે સેજકપર. તે ગામની ઉત્તર-પશ્ચિમે ઊભેલું પ્રાચીન નવલખા મંદિર કંઈક રાજસતાના પરિવર્તનો અને ચડતી-પડતીના દિવસો જોઇ મુક સાક્ષી બની ઊભું છે, અને કલાપ્રેમિઓને સાદ કરે છે. સોલંકી શૈલીનું શિલ્પનો અદ્ભૂત નમુનો એટલે નવલખા મંદિર (શિવાલય) નવલખા મંદિરની આપણે શિલ્પની ભાષામાં વ્યાખ્યા કરતાં પહેલાં ગુ.રા.સા.ઇ.ગ્રંથોના સંદર્ભે સોલંકી શૈલીની થોડીક વિશેષતાં જાણવાનો પ્રયાસ કરીએ.



પડ જુઓ પાંચાળ (ભાગ-૩ સાયલા)

## સોલંકી શૈલીની વિશેષતાઓ :

શિલ્પો કે સ્થાપત્યો પર હંમેશા અભિલેખો મળતાં નથી, શૈલિના આધારે સમય આંકવામાં આવે છે. જેમાં કદાચ દશ, વીસ કે પચાસેક વર્ષનો અંદાજિત ફેરફાર હોઈ શકે. સોલંકીકાળના શિલ્પો દશમાં સૈકાથી તેરમાં સૈકા સુધીના આંકવામાં આવે છે. સાડા ત્રણસો વર્ષના સોલંકીકાળમાં ચડતી પડતી આવી હોય છે, તેમ શિલ્પકલામાં પણ ફેરફાર જોવા મળે છે. સોલંકીકાળનાં એંશી જેટલાં મંદિરો, કિલ્લાઓ, તળાવો, વાવો વગેરે જોવાં મળેછે, હજુ પણ વધુ મળવાની શક્યતાઓ રહેલી છે. ગુજરાતના સોલંકીકાળના શિલ્પોમાં મુખ્યત્વે હિન્દુ તથા જૈન ધર્મની મૂર્તિઓ મળે છે. હિન્દુ શિલ્પોમાં શિવ, વૈષ્ણવ, સૂર્ય, શકિતને લગતાં શિલ્પો જોવા મળે છે. સોલંકીકાળના શિલ્પોમાં મંદિરની દિવાલ પર, જંઘા પર દિગપાલોની મૂર્તિઓ, સુરસુંદરીઓ, અપ્સરાઓ, નાયિકાઓ, જે તે સંપ્રદાયના મુખ્ય દેવ-દેવીઓ જોવા મળે છે. 'રથ'માં પૌરાણિક આખ્યાયિકાઓ, કથાઓ તેમજ ઘણી વખત તત્કાલીન પ્રજાનું સાંસ્કૃતિક જીવન જોવા મળે છે .મંદિરની છતમાં ધાર્મિક કથાપ્રસંગો જોવા મળે છે. થાંભલા ઉપર કીચકો, વિતાનો તેમજ ઘુમ્મટના છેડે દેવ-દેવીઓ કે અપ્સરાઓના શિલ્પો જોવા મળે છે. થાંભલાની ચારેબાજુ ફૂલવેલ કે દેવ-દેવીઓના શિલ્પો જોવા મળે છે. દસમાં સૈકાની ગુજરાતની કલામાં ગુર્જર-પ્રતિહાર, ચાપોત્કટ, રાષ્ટ્રકૂટ, દક્ષિણી ચૌલુક્યો, પરમારો વિગેરેની ભિન્ન ભિન્ન અસરોવાળા શિલ્પ મળે છે. આ સૈકાના શિલ્પમાં શરીરસૌષ્ઠવ, ધબકતું ચેતન, મુખભાવનું વૈશિષ્ટ્ય જોવાં મળેછે.

## નવલખા મંદિર વિશે વિદ્વાનોના મંતવ્યો :

સેજકપરના નવલખા મંદિરનું ગર્ભગૃહ 34 ફૂટ પહોળાઇનું અને રંગમંડપ 45 ફૂટ પહોળાઈનો છે. મંડપના સ્થંભો 12.5 ફૂટ ઉંચાઇનાં છે, એ પરથી અષ્ટકોણાકાર પાટ પર 15.5 વ્યાસનાં કરોટક (ઘુમ્મટ)ની રચના છે. ઘુમ્મટમાં નાના કદના 12 શિલ્પ છે. ઘુમ્મટના થરોની યોજના કોલ કાચલા ઘાટની છે. સ્થંભોની શિરાવટીમાં કીચકોના શિલ્પ છે. મંદિરના ગર્ભગૃહના તલદર્શનમાં અનેકવિધ નિર્ગમો નાસિકા કે ફાલનાઓ હોવાને કારણે મંદિરની રચના બાબતમાં વિવિધ મતો ઊભા થયેલા.

પર્સીબ્રાઉને મંદિરના તલદર્શનની નાસિકા રચના પુષ્પપત્રાવલિ ઘાટની માનેલી. શ્રી એસ.કે. સરસ્વતિ તથા ડો. અશોકકુમાર મજુમદારે તલદર્શનનો પુષ્પ પત્રાવલિ ઘાટ મધ્ય ધરી

પર ચક્રાકારે આવર્તન પામતા ચોરસનાં સિધ્ધાંત પર આધારિત હોવાનું માનેલું. પરંતુ વાસ્તવમાં તો ગર્ભગૃહના તલમાનમાં આયોજિત ભદ્રપ્રતિરથાદિ નિર્ગમો તથા કોણ ભાગને અનેક નાના નિર્ગમોમાં વહેંચી નાખેલ હોવાથી એ ભ્રમ પેદા થયો છે.

'સુરેન્દ્રનગર જિલ્લાની સ્થાપત્યકલા'ના સંદર્ભે કહીએ તો, પુરાતત્વવિદ્ર હસમુખ સાકળીયા આ નવલખા મંદિરને ઘૂમલીના નવલખા મંદિરનું સમકાલીન ગણાવે છે. સ્થાપત્ય નિષ્ણાંત મધુસુદન ઢાંકી આ મંદિર સિધ્ધરાજ જયસિંહના સમયનું બતાવે છે.

શૈલીભેદની દ્રષ્ટિએ નવલખા મંદિરનું નિર્માણ સોલંકીશૈલીનું મનાય છે. દશમીથી તેરમી સદીના સમયમાં જે મંદિરો બંધાયા તેમાં ક્રમિક વિકાસ પામેલા છે, પણ તેને સોલંકી શૈલીમાં ગણતરી કરવામાં આવે છે.

નવલખા મંદિરની પીઠમાં ભીંતની ઉપર અનુક્રમે જાડ્યકુંભ, અંતરપત્ર, કર્ણિકા, ગ્રાસપટી, છાધ, વિવિધ અંગભંગવાળા ગજથર, નરથરમાં માનવ જીવનની વિવિધ પરિસ્થિતિઓ, આનંદપ્રમોદના પ્રસંગો, શિકાર, યુધ્ધ, યાત્રા, સવારી, મૈથુન શિલ્પની કામચેષ્ઠાને લગતા શિલ્પો કોતરાયેલા છે. જે કલાના કસબીઓ માટે એક લ્હાવો છે.

### ત્રિઅંગી :

શિલ્પની પરિભાષામાં નવલખા મંદિર ત્રિઅંગી છે. કારણ કે મંદિરનું એક ગર્ભગૃહ છે તે એક અંગ છે. તેમાં હાલના સમયે કોઇ મૂર્તિ નથી, બીજું અંગ એટલે મંડપ છે. જે નવલખા મંદિરમાં ખુલ્લા પ્રકારનો મંડપ આવેલ છે. અને મંદિરનું ત્રીજું અંગ એટલે મંડપની આગળ પ્રવેશચોકી આવેલી છે. તેને શૃંગારચોકી પણ કહેવામાં આવે છે.

આવા મંદિરોમાં અંદરની દિવાલો બહુધા સાદી હોય છે. પણ બહારની બાજુ પીઠ, મંડોવર, વેધિકા, સ્થંભો, છતો, ગર્ભદ્વાર, પ્રવેશદ્વાર વગેરે અત્યંત બારીક કોતરણીથી તથા શિલ્પોથી વિભૂષિત કરેલા હોય છે.

### એકાયતન :

નવલખા મંદિરને મુખ્ય મૂર્તિ માટે એકજ ગર્ભગૃહ આવેલું છે માટે તેને એકાયતન મંદિર ગણવામાં આવે છે. (કોઈ મંદિરમાં વધુ ગર્ભગૃહ હોય તો દ્વયાતન, ત્ર્યાતન પણ કહેવાય છે.)

### પંચરથી ગર્ભગૃહ :

શિલ્પની ભાષામાં બહારની બાજુએ કોતરણી કરવામાં આવેલી હોય છે, તે કોતરણીમાં





અનેક નિર્ગમો કે નાસિકાની રચના કરવામાં આવે છે. તે નાસિકાને રથ નામથી ઓળખવામાં આવે છે. દિવાલની મધ્યમાં પ્રમુખ નાસિકાને ભદ્ર કહેવામાં આવે છે, અને તે ભદ્રની મધ્યમાં એક વધું નિર્ગમ (નાસિકા) અપાય તો એને મુખભદ્ર કહેવાય છે. ભદ્રની બન્ને બાજુએ જળવાઇ રહેલી દિવાલની મુલનાસિકાને કોણ અથવા કર્ણ કહેવાય છે. તે ભદ્ર અને કોણ વચ્ચે પ્રતિરથ નામથી ઓળખાતો એક વધું નિર્ગમ જ્યારે ઉમેરાય ત્યારે પંચરથ પ્રકારનું તલમાન બને છે. તો આ સેજકપરના નવલખા મંદિરના ગર્ભગૃહનું તલમાન પંચરથ પ્રકારનું છે.

### મંડોવર :

સેજકપર નવલખા મંદિરનું મંડોવર મેરૂ પ્રકારનું છે.ગર્ભગૃહની પીઠની ઉપર ચણવામાં આવતી દિવાલના બાહ્ય અલંકૃત ભાગને મંડોવર કહેવામાં આવે છે. જેમાં અનેકવિધ સમતલ થરોની રચના હોય છે. તેમાં ખુરક, કુંભક, કલશ, કપોતાલી, મંસિકા, જંઘા, ઉદગમ, ભરણી, શિરાવટી, મહાકેવલ, કૂટછાધ નામે ઓળખાય છે. આ સમયના કેટલાક મંદિરોમાં ઓછા વતા પ્રમાણમાં થરનું પુનરાવર્તન પણ થયેલું હોય છે. આવી રચના ઘૂમલી, સેજકપર, તારંગા, સોમનાથના મંદિરોમાં જોવામાં આવી છે. બેવડી તેવડી જંઘાની રચનાવાળા મંડોવરવાળા મંદિરોને મેરૂ પ્રકારના ગણવામાં આવે છે.

### શિખર :

ગર્ભગૃહના મંડોવરની ઉપર શિખરનું રચના વિધાન આવે છે. ઉરશૃંગ, પ્રત્યંગ, શૃંગિકા, વિગેરે શિખરના ઉભડક અંગ આમલક કહેવાય છે. તેના ઉપર કલશ (અંડક) મુકવામાં આવે છે. જેમાં 1–5–9–13 એમ ક્રમે ક્રમે અંડકની સંખ્યા વધતી જાય છે.

### મંડપ :

સેજકપરના નવલખા મંદિરનો મંડપ સભામંડપ કહેવાય છે. તેને ભદ્ર અને પ્રતિરથની રચનાને કારણે ત્રિરથ પ્રકારનો કહેવાય છે. આ મંડપનું તલમાન 3:2 પ્રમાણનું છે.

### સ્થંભો :

સેજકપર નવલખા મંદિરના સ્થંભો 'સ્વસ્તિક' પ્રકારના છે. સભામંડપમાં સ્થંભોની રચના પણ અલંકૃત કરેલી હોય છે. સેજકપરના નવલખા મંદિરના સ્થંભો ભદ્રાદિ નિર્ગમોથી યુકત હોવાથી તે 'સ્વસ્તિક' સ્થંભોના નામે ઓળખાય છે. તેની જેવા મોઢેરા, સોમનાથ, આબુ, ઘૂમલી વગેરે સ્થળોએ 'સ્વસ્તિક' પ્રકારના સ્થંભો છે.

# ધાંધલપુરની ઐતિહાસિક વાવ : સ્થાપત્ય કલાનો અદ્ભુત વારસો



સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં આવેલા ધાંધલપુર ગામની ઐતિહાસિક વાવ (જે મીનળવાવ તરીકે પણ ઓળખાય છે) છે. પ્રાચીન વાવ ગુજરાતની મધ્યકાલીન સ્થાપત્યકળાનું સુંદર ઉદાહરણ છે. આ વાવનું સંરક્ષણ ગુજરાત સરકારના પુરાતત્ત્વ વિભાગ દ્વારા કરવામાં આવે છે. તેની રચના માત્ર પાણીના સંગ્રહ માટે જ નહીં, પરંતુ કલા, શિલ્પ અને ઇજનેરીના ઉત્તમ સમન્વયનું પ્રતીક પણ છે. આ વાવનું નિર્માણ પણ સિદ્ધરાજ જયસિંહ અથવા તેમના માતા મીનળદેવીના સમયગાળાનું માનવામાં આવે છે.

આ વાવમાં જમીન ઉપર ત્રણ લાંબા મંડપ (કૂટા) આવેલા છે. દરેક મંડપમાં આઠ મજબૂત સ્તંભો છે, જે સમગ્ર માળખાને આધાર આપે છે. પ્રવેશદ્વાર સહિતના મંડપોની છત બહાર નીકળતા કિનારા (Eaves) ધરાવે છે અને મધ્યમાં ગુંબજાકાર છત બનાવવામાં આવી છે. છતના મધ્યભાગમાં કોતરાયેલા વિશાળ કમળના આકારો અને સ્તંભોના ઉપરના ભાગમાં કરવામાં આવેલ નાજુક શિલ્પકામ તેની કલાત્મક સુંદરતામાં વધારો કરે છે.

સ્થાપત્યની દૃષ્ટિએ આ વાવ 'નંદા પ્રકાર'ની વાવ તરીકે ઓળખાય છે. વાવના વિવિધ ભાગો - પગથિયાં, કૂવા સુધી જતો માર્ગ, મંડપો અને કૂવો - ખૂબ જ સુવ્યવસ્થિત રીતે ગોઠવાયેલા છે, જે તે સમયના શ્રેષ્ઠ ઇજનેરી કૌશલ્યની સાબિતી આપે છે.

આજે ધાંધલપુરની વાવ માત્ર એક પ્રાચીન જળસંગ્રહ વ્યવસ્થા નથી, પરંતુ ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક, ઐતિહાસિક અને સ્થાપત્ય પરંપરાનો અમૂલ્ય વારસો છે. આ સ્થળનું જતન કરવું અને તેની માહિતી નવી પેઢી સુધી પહોંચાડવી એ આપણી સૌની જવાબદારી છે.

સ્થાનિક પરંપરા અનુસાર, ધાંધલપુર (અડાળા)ના તળાવ કિનારે સોલંકી વંશના મહાન રાજા સિદ્ધરાજ જયસિંહનું જન્મસ્થળ માનવામાં આવે છે. અને તેમનો જન્મ અંદાજિત ઈ.સ.





1091 થયો હતો. ઉપરાંત, તે તેમના રાજ્યનું મહત્વનું સરહદી નગર પણ હતું. આ માન્યતા ધાંધલપુરના ઐતિહાસિક મહત્ત્વને વધુ ઉજાગર કરે છે.



## ધાંધલપુરનો ઐતિહાસિક કિલ્લો - ગૌરવશાળી વારસાની અમૂલ્ય વિરાસત :

ધાંધલપુર ગામનો પ્રાચીન કિલ્લો ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસ અને સોલંકી યુગની ભવ્ય સ્થાપત્યકળાનો જીવંત પુરાવો છે. આજે કિલ્લાનો મોટાભાગનો હિસ્સો સમયની સાથે નષ્ટ થઈ ગયો હોવા છતાં તેનો મુખ્ય દરવાજો, મજબૂત પથ્થરની દીવાલો અને કિલ્લાના અવશેષો આજે પણ તેની ભવ્યતા અને ઐતિહાસિક મહત્ત્વની સાક્ષી આપે છે.

આ કિલ્લાનું નિર્માણ ગામ અને તેની પ્રજાની સુરક્ષા માટે કરવામાં આવ્યું હતું. કિલ્લાની ઊંચી અને જાડી દીવાલો દુશ્મનના હુમલાથી રક્ષણ આપવા માટે બનાવવામાં આવી હતી. મુખ્ય પ્રવેશદ્વાર વિશાળ પથ્થરોમાંથી તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં સોલંકી યુગની સુંદર કોતરણી અને સ્થાપત્ય શૈલી જોવા મળે છે. દરવાજાની રચના એવી રીતે કરવામાં આવી છે કે તે સુરક્ષા અને કલાત્મક સૌંદર્ય બંનેનું ઉત્તમ ઉદાહરણ છે.



ધાંધલપુર ગામનું ઐતિહાસિક મહત્ત્વ એટલા માટે પણ વિશેષ છે કે સ્થાનિક પરંપરા અનુસાર આ વિસ્તારનો સંબંધ મહાન સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહ સાથે જોડાય છે. ધાંધલપુર તે સમયનું મહત્વનું સરહદી નગર હોવાનું માનવામાં આવે છે. કિલ્લાની અંદર રહેણાંક મકાનો, બજાર, મંદિરો અને પાણીની વ્યવસ્થા માટે પ્રસિદ્ધ વાવ જેવી સુવિધાઓ હતી, જે તે સમયના સુવ્યવસ્થિત નગર આયોજનની સાબિતી આપે છે.

આજે કિલ્લાનો મુખ્ય દરવાજો ગામની ઓળખ બની ગયો છે. તેના પથ્થરો, કોતરણી



અને સ્થાપત્ય હજારો મુલાકાતીઓને ગુજરાતના ગૌરવશાળી ઇતિહાસની યાદ અપાવે છે. આ કિલ્લો માત્ર એક ઐતિહાસિક સ્મારક નથી, પરંતુ આપણા પૂર્વજોની કળા, શૌર્ય અને સંસ્કૃતિનું જીવંત પ્રતીક છે.

### કિલ્લાનું અને મીનળવાવનું છેલ્લું જીર્ણોદ્ધાર (સમારકામ) :

ઐતિહાસિક પરંપરા અને સ્થાનિક માન્યતાઓ અનુસાર, ધાંધલપુરના કિલ્લાનું તથા મીનળવાવનું છેલ્લું મોટું જીર્ણોદ્ધાર ગોદડબાપુ ખવડ દ્વારા ઈ.સ. 1790 કરાવવામાં આવ્યું હતું.

## દરિયાલાલ મંદિર-કાનપર




ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં એક કાનપર ગામ આવેલ છે. જ્યાં ગામથી દૂર બે કિલોમીટરના અંતરે કચ્છી સિંધી લોહાણા સમાજના આસ્થાનું કેન્દ્ર 'દરિયાલાલ - ઝુલેલાલ' ભગવાનનું મંદિર આવેલું છે.

ગુજરાતમાં દરિયાલાલ નામ દરિયાઈ દેવતા ઝુલેલાલ માટે વપરાય છે. આ દરિયાલાલ દેવને સિંધી અને કચ્છી કાઠીયાવાડી તેમજ લુહાણા સમાજના લોકો દેવ તરીકે પૂજે છે.

આ દરિયાલાલની જગ્યામાં દર બીજના દિવસે દૂર દૂરથી સિંધી-લોહાણા સમાજના લોકો દર્શન કરવા માટે આવે છે અને બીજના દિવસે ત્યાં આવતા યાત્રાળુઓ પદયાત્રાળુઓને રહેવા અને જમવા માટેની પણ સગવડ આપવામાં આવે છે.

આ મંદિરના દર્શન કરવા જવા માટે સાયલા-ચોટીલા નેશનલ હાઈવે ઉપર આયા બોર્ડ ઉતરવું પડે છે. જ્યાંથી રીક્ષા અથવા પ્રાઇવેટ વાહનથી 6 થી 7 કિલોમીટરનુ અંતર કાપી આ સ્થળ સુધી જઈ શકાય





## ઐતિહાસિક દ્રષ્ટિએ સેજકપર (સેજાણી નગરી)

ગર્વિષ્ઠ ગુજરાત ધરણીનાં સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ)નાં એક પંચાલ પરગણાનું ગામ એટલે સેજકપર ગામ. સુરેન્દ્રનગર જિલ્લાનાં સાયલા તાલુકા મથકેથી 20 કિ.મી.અને ચોટીલાથી 30 કિ.મી.ના અંતરે આવેલ એક ઐતિહાસિક ગામ છે. આશરે 3000 હજારની વસ્તી ધરાવતું ગામ અત્યારે અલગ અલગ ત્રણ પરામાં વિભાજિત થયેલ છે. મુખ્યત્વે કાઠી દરબારો, ભરવાડ, કોળી પટેલો, રાજગોર બ્રાહ્મણના પણ ત્રણ કુટુંબ આવેલા છે. વત્તા ઓછા પ્રમાણમાં તમામ જ્ઞાતિઓ સાથે એક મુસ્લીમનું કુટુંબ પણ દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયેલ છે. ધોરણ 8 સુધી પ્રાથમિક શાળા પણ છે. ગામનાં તમામ કાર્ય ગામની તમામ જ્ઞાતિના લોકો સાથે મળી ઉજવે છે, તે એક સરાહનિય બાબત છે.

### સેજકપરનાં અન્ય ઐતિહાસિક સ્થાનો :

સેજાણીનગરી એટલે આજનું સેજકપર ગામ પોતાની ધરતીનાં પેટાળમાં અનેક ઐતિહાસિક ગાથાઓ સંઘરીને બેઠું છે. 10 મીથી 13 મી સદીની વચ્ચે બનેલ સોલંકી શૈલીના નવલખા મંદિરની સાથે અનેક પુરાતન સ્થાનો આજે પણ છે અને ઘણું જમીનમાં દટાયેલું પણ પડ્યું છે, માટે સંશોધનનો અવકાશ પણ રહેલ છે. નવલખા મંદિરની સાથે બીજા સ્થાનો છે, તેની સારાંશ સ્વરૂપે વાત કરૂં તો, સંવતના 18 માં સૈકામાં ગેબીનાથ પરંપરામાં મેપાભગત થાનનાં શિષ્ય એટલે પંચાલનો રોકડિયો ઠાકર અને પ્રગટ પિરાણું પૂ. જાદરાબાપુ ભગત સોનગઢના મહાન પુત્ર સંતપુરૂષ અને વિસામણબાપુ પાળિયાદના ગુરૂ એટલે ગોરખાબાપુ હતા. તેમના પુત્ર લાખાબાપુનું સ્મૃતિચિન્હ એક દેરું આજે નવલખા મંદિરની પૂર્વ દિશામાં ઊભું છે. એમ કહેવાય છે કે તે મહાન સંતભક્ત લાખાબાપુનો અગ્નિસંસ્કાર પણ સેજકપર થયેલો છે. તેમના વંશજ પૂ. મહંત શ્રી કિશોરબાપુ (લાખાબાપુની જગ્યા-સોનગઢ) વિરાજમાન છે. તે નવલખા મંદિરની ઇશાન દિશામાં જાદરાબાપુની જગ્યા તરીકે ઓળખાતું એક સ્થાન છે, ત્યાં જગતનાં દુ:ખિયાનો વિસામો એટલે પાળિયાદના પીર વિસામણબાપુના ભાઇ ડોસામણ ભગતનું ફુલસમાધિ સ્થાન આજે પણ છે. નવલખા મંદિરની દક્ષિણ દિશામાં ગામની અંદર એક જમીનમાંથી દટાયેલું ગણેશ મંદિર પણ મળી આવ્યું છે. તે આઠથી દસ ફૂટ ઉંડાઇએથી મળી આવેલ છે, તે પણ સહીસલામત મૂર્તિ અને શિખરબંધ મંદિર સાથે મળી આવેલ છે, તે પણ નવલખા મંદિરનું સમકાલિન હોવાનો સંભવ છે. તે મંદિર બાબતમાં ખવડ દરબારોના બારોટી સંદર્ભ તપાસતા એવું માલુમ પડે છે કે અહીં સંવત 1839 માં સામતબાપુ ખવડે સેજકપરનું તોરણ બાંધી સેજકપર રાજ્ય ગાદીની સ્થાપના કરેલ. ત્યારે પણ આ મંદિર દટાયેલું મળેલ અને

ખોદકામ કરતા મૂર્તિ તુટી ગયેલ માટે તેમણે ફરીવાર મૂર્તિની સ્થાપના કરેલ અને ભટ્ટ શાખાના બ્રાહ્મણને પૂજા આપેલ તેમજ આ મંદિરના નિભાવ માટે 35 વિઘા જમીન આપેલ . ત્યાર પછી એક બીજી પણ વાતનો ઉલ્લેખ મળે છે કે કદાચ ફરીવાર પણ આ મંદિર કોઈ કારણસર દટાઈ ગયેલ હોય શકે. કારણ કે સેજકપરના જ વતની એક જૈન નામે ઓઘડ નિમચંદ મુંબઈ રહેવાં ગયેલ અને તેને સ્વપ્નમાં ગણેશ આવ્યાં અને કહ્યું કે હું જમીનમાં દટાયેલ છું અને મારી ઉપર ઉકરડો થયેલ છે. તે ઓઘડ નિમચંદ મુંબઈથી સેજકપર આવ્યાં અને ખોદકામ કરતાં આ ગણેશ મંદિર નિકળ્યું .

તે ઓઘડ નિમચંદની ચાલી તરીકે આજે પણ મુંબઈમાં પ્રખ્યાત એક મહોલ્લો છે. તેમનાં વંશજો આજે પણ વર્ષમાં એક વખત દર્શને આવે છે, અને આ ગણેશ મંદિરની પૂજાનો ખર્ચ ભોગવે છે. આ મંદિરને જોતા એવું અનુમાન થાય છે કે, આ ગામ આઠથી દશ ફૂટ નીચે કોઈપણ કારણસર દટાયેલું હશે. આજે પણ ગામમાં કોઈપણ જગ્યાએ ખોદકામ કરતાં જૂના અવશેષો મળી આવે છે. તે ઉપરાંત આ ગામ ઘણા નાનામોટા યુદ્ધો થયેલાં છે, માટે અમુક પાળિયાઓ બહાર છે, અમુક પાળિયાઓ જમીનમાં દટાયેલા છે. તે બારોટી સંદર્ભે તપાસતા ઘણી અલગ અલગ જ્ઞાતિના જેમ કે પરમાર, ખવડ દરબારો, રબારી, કોળી પટેલો, ચારણો, લુહાર વિગેરે પાળીયાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

મોકાબાપુ કાંધાબાપુ ખવડના પાળિયા સાથે અલગ અલગ જ્ઞાતિના 21 પાળિયાનો ઉલ્લેખ બારોટના ચોપડે મળે છે, તેમાં એક ઉમરાણિયા અટકના લુહારના પાળિયાનો પણ ઉલ્લેખ છે. તે ઉપરાંત ગેઝેટના સંદર્ભે જોઇએ તો એક જાળિયા મહાદેવ મંદિર અને મુળીના પરાક્રમી પુરૂષ સેંસાજી પરમારના પાળિયાનો ઉલ્લેખ મળે છે, પરંતુ તે પાળિયો અને મંદિર હાલના સમયે નથી એટલે કયાંક દટાયેલા પડ્યાં હશે તેવું અનુમાન થાય છે. તે ઉપરાંત મુસ્લિમોની પણ વસ્તી હશે, કારણ કે બે જગ્યાએ કબ્રસ્તાનનાં અવશેષો મળે છે.

### સેજકપરની રાજ્યસત્તા (ગોહિલ સત્તા) :

પ્રાચિન સ્થાપત્ય જોતાં સેજકપર 10 સદી જૂનું ગામ હશે તે નિર્વિવાદ છે, માટે સ્વાભાવિક છે કે રાજ્યસત્તામાં પણ પરિવર્તન આવેલા હોય છે. ગુ.રા.સા.ઇ.ગ્રંથ -4 ના સંદર્ભ કહીએ તો સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ)ના દક્ષિણ-પૂર્વ વિશાલ ભૂભાગને ગોહિલવાડ એવું નામ આપવામાં આવેલ છે. ગોહિલવાડના ગોહિલોના પૂર્વજ તે 'સેજકજી' ગોહિલ હતા. ભાવનગર રાજકુટુંબના આનુશ્રુતિક ઇતિહાસ અનુસાર એમના એક પૂર્વજે મારવાડમાં લુણી નદીના કાંઠે ખેરગઢમાં ગાદીની સ્થાપના કરી હતી. ત્યાં રાઠોડોના આક્રમણ સામે ગોહિલોની હાર થઈ અને





સેજકજી ગોહિલ ઇ.સ.1250 ની આસપાસ સૌરાષ્ટ્રમાં આવ્યાં. તે ઉપરાંત બીજો એક સંદર્ભ લઇએ તો ભગવાનલાલ સંપતરામ લિખિત 'સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ' ભાગ-1 વિ.સં. (1924) પૃ. 134/135 પ્રમાણે સેજકજી સૌરાષ્ટ્રમાં આવ્યા પછી જુનાગઢ રા'મહિપાલના પુત્ર રા'ખેંગારને વાલમકુંવરબા નામે પોતાની પુત્રી પરણાવી અને સામાજિક સંબંધો બાંધ્યા. તે સંબંધ અને સેજકજીની વફાદારીના કારણે રા' ની મદદ મળી અને સેજકપર નામનું ગામ વસાવી રાજ્યગાદીની સ્થાપના કરી. તેમજ એવો પણ ઉલ્લેખ છે, કે પોતાના ઈષ્ટદેવ મુરલીધરની મૂર્તિ અને ક્ષેત્રપાલનું ત્રિશુલ ગાડામાં મુકી અને નિકળ્યાં હતા. રસ્તામાં સેજકજીને સ્વપ્ન આવે છે કે, આ રથનું પૈડુ જ્યાં નિકળી જાય ત્યાં રોકાઇ જજો ત્યાં તમારૂ કલ્યાણ થશે. તે પ્રમાણે આ જગ્યાએ રથનું પૈડુ નિકળી ગયું અને ગામ વસાવ્યું તે આજનું સેજકપર ગામ. આ બાબતનો દુહો 'ગુજરાત અંક -2 08-01-1987 પૃ. 33' ઉપર મળેછે .

'રથ ભાંગ્યો સમર થશે, સેજક કથ સંભલરા,<br>ધર સેજકપર નામ ધર, પ્રથમ મુકામ પંચાળા.

તે સેજકજીના પુત્ર રાણોજી ગોહિલ ઇ.સ. 1290 ની આસપાસ રાણપુરમાં રાજ્યગાદીની સ્થાપના કરી.

### ખાચર કાઠી દરબારોની સત્તા :

તે 13 મી સદીથી 16મી સદી સુધીના સમયગાળામાં સેજકપર રાજ્યસત્તા કોની હતી તે બહુ જાણમાં નથી આવ્યું. પણ 17 મી સદીમાં ખાચર કાઠી દરબારો સેજકપર રાજ્યસત્તા ભોગવતા તે નિર્વિવાદ છે. ઇતિહાસકાર ડો. પ્રધુમનભાઇ ખાચર 'કાઠિઓ અને કાઠીયાવાડ' પુસ્તકમાં લખે છે કે મુળુબાપુ ખાચરનું અવસાન ઇ.સ.1674 માં થયું છે. તેમજ મુળુબાપુ ખાચરની રાજ્યસત્તા સેજકપર હતી. તે એટલા મહાન પવિત્ર વિરપુરૂષ હતાં. મુળુબાપુ ખાચરનો પાળિયા ઉપર એક દેરી બનાવેલ છે, અને તેમના સેજકપર ગામથી દક્ષિણ દિશામાં આવેલ તળાવની પાળે મોજુદ છે.

### ખવડ કાઠી દરબારોની રાજ્યસત્તા :

ગુ.રા.સા.ઇ. ગ્રંથો અને ઝાલાવંશ વારિધિ જેવા ઘણા ઐતિહાસિક પુસ્તકોમાં ઉલ્લેખ મળે છે, કે ઈ.સ. 1725ની આસપાસ ખવડ દરબારોએ સાયલા ગાદીની સ્થાપના કરેલી. ત્યારે સાયલા એક નિર્જન ટીંબો હતું. ઇ.સ.1751 ની આસપાસ હળવદ-ધ્રાંગધ્રાના ભાયાત શેષમલજીએ ખવડ દરબારો પાસેથી સાયલા જીતી લીધું. તે યુધ્ધમાં ઘણા સમયથી ખવડ

દરબારો સાથે લગ્ન સંબંધથી જોડાયેલ કરપડા દરબારો પણ મરાણાં છે, ખવડ દરબારોની સાયલા હાર થતાં સંવત 1806/7 માં સુદામડા/ધાંધલપુર અને સેજકપર એમ બે રાજ્યસતાની સ્થાપના કરેલ. જાદરાબાપુ ખવડે સુદામડા રાજ્યસતા સ્થાપી અને સમય જતા ગોદડબાપુએ ધાંધલપુર રાજ્યસતા સ્થાપી. સુદામડા/ધાંધલપુર નીચે 28 ગામ હતા. વિસ્તાર 135 સ્કવેર માઇલ હતો, જ્યારે સામતબાપુ અને તેમના પરાક્રમી પુત્ર કાંધાબાપુ ખવડ સંવત 1839 માં સેજકપર રાજ્યગાદીની સ્થાપનાં કરેલ અને 29 ચોરસ માઇલનાં વિસ્તારમાં સ્વતંત્ર 4 ચાર ગામ કબ્જે કર્યા. ખવડ દરબારોમાં એક અમરાબાપુ ખવડ પણ મહાપરાક્રમી હતા. માટે બારોટી સંદર્ભમાં એક દુહો મને છે.

'ખવડે ખાવા પામિયે, ખવડે જાજા માન.
જગ ભલ અમરો,જાદરો, સામત મેર સમાન.

તે સામતબાપુ ખવડ ઉદારતા અને દાનવીરમાં ઇતિહાસનાં પાને અમર છે. તેમના મહાન પરાક્રમી, વિરવર ચાર પુત્રો હતા, કાંધાબાપુ, વૈજાબાપુ, વોળદાનબાપુ, લાખાબાપુ તેમની પણ શોર્યગાથા ઇતિહાસનાં પાને અમર છે.

દેવીદાનભાઇ બારોટના બારોટી સંદર્ભે તપાસતા ખ્યાલ આવે છે , કે સામતબાપુ ખવડે સેજકપરમાં ડોસામનબાપુનું સમાધિસ્થાન કરાવ્યું છે. તેમજ મુળુબાપુ ખાચરનો પણ પાળીયો આવેલ છે. અત્યારે મુળુબાપુના વંશજોએ પથ્થરની નવી દેરી બનાવેલ છે. તે સામતબાપુ ખવડે તે સમયે નવલખા મંદિરનું સમારકામ કરાવેલ. આ નવલખા મંદિરનાં પટાંગણમાં સામતબાપુ ખવડે તેમના પિતાશ્રીનું નામ પણ કાંધાબાપુ હતું, તે સંવત 1845 માં દેવગત થયેલા. તેમની ઉત્તરક્રિયાં સમયે આ નવલખાના પટાંગણમા સેજકપર, સુદામડા, ગુંદિયાવડા તેમ ત્રણ ગામને ધૂમાડાબંધ કરેલ. તેમજ પોતાના પિતાશ્રીની યાદમાં ભૂખરા પથ્થરનું એક શિવાલયની સ્થાપના કરેલ, તે શિવાલય અત્યારે મળતું નથી. તે સમયે બ્રાહ્મણની 16 કન્યાદાન આ પંટાગણમાં દીધેલા અને તે 16 કન્યાઓને સોનાની શિંગ અને રૂપાની ખરીઓથી મઢેલી 16 ગાય શણગારી કરિયાવરમાં આપેલ. સેજકપરમાં ચાર કોઠા ધરાવતો ગઢ હતો. પણ આજે ખુબજ જર્જરિત અવસ્થામાં છે, તે સામતબાપુ ખવડના વંશજો સંવત 1839 થી આજ સુધી એટલે કે ઈ.સ. 2018 સુધી હાલમાં પણ રહે છે. સામતબાપુના વંશજો ફક્ત સેજકપર એક જ ગામમાં છે, આ લેખ લખનાર (ભનુભાઈ ખવડ તે સામતબાપુની 9 મી પેઢીના વંશજ છે)

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાનું એક ઐતિહાસિક નગર એટલે સેજકપર. તે ગામની ઉત્તર-પશ્ચિમે ઊભેલું પ્રાચીન નવલખા મંદિર કઇક રાજસતાના પરિવર્તનો અને ચડતી





પડતીના દિવસો જોઇ મુક સાક્ષી બની ઊભું છે, અને કલાપ્રેમીઓને સાદ કરે છે. સોલંકીશૈલીનું શિલ્પનો અદભૂત નમુનો એટલે નવલખા મંદિર (શિવાલય). ગોહિલો, ખાચર દરબારો, ખવડ દરબારોની રાજ્યસતા પરિવર્તન થયેલ પણ પોતે આજે અડીખમ ઊભું છે. આ મંદિર વિષે ખવડ દરબારોનાં બારોટના ચોપડામાં એક નોંધ મળે છે છે કે અહીં એક વાવ આવેલી છે. તેનું પાણી ઘણું ઉપયોગી છે. તે વાવમાં એક ગુપ્ત ભોંયરૂં છે અને અહીંથી ગામની દક્ષિણ દિશામાં આવેલ તળાવના કાંઠે નીકળે છે. કદાચ વાવ હોવાનો સંભવ છે. આ પંટાગણમાં ઘણા પાળિયા દટાયેલા છે નિર્વિવાદ છે. કારણ કે તે મે જાતે જોયેલા છે. તે ઉપરાંત બારોટી સંદર્ભ પ્રમાણે સામતબાપુ ખવડે પોતાના પિતાશ્રીની યાદમાં કાંધેશ્વર મહાદેવની સ્થાપના કરેલ તે આજે નાશ થયેલું છે. તે ભૂખરા પથ્થરમાંથી બનાવેલ હતું (સંવત 1845). હવે આ નવલખા મંદિરની આપણે શિલ્પની ભાષામાં વ્યાખ્યા કરતાં પહેલાં ગુ.રા.સા.ઇ.ગ્રંથોના સંદર્ભે સોલંકીશૈલીની થોડીક વિશેષતાં જાણવાનો પ્રયાસ કરીએ.

## સોલંકીશૈલીની વિશેષતાઓ :

શિલ્પો કે સ્થાપત્યો પર હંમેશા અભિલેખો મળતાં નથી, શૈલિના આધારે સમય આંકવામાં આવે છે. જેમાં કદાચ દશ, વીસ કે પચાસેક વર્ષનો અંદાજિત ફેરફાર હોય શકે. સોલંકીકાલીન શિલ્પો દશમાં સૈકાથી તેરમાં સૈકા સુધીના આંકવામાં આવે છે. સાડા ત્રણસો વર્ષના સોલંકીકાળમાં ચડતી પડતી આવી હોય છે, તેમ શિલ્પકલામાં પણ ફેરફાર જોવા મળે છે. સોલંકીકાળનાં એંશી જેટલાં મંદિરો, કિલ્લાઓ, તળાવો, વાવો વગેરે જોવાં મળે છે,હજું પણ વધુ મળવાની શક્યતાઓ રહેલી છે. ગુજરાતના સોલંકીકાલિન શિલ્પોમાં મુખ્યત્વે હિન્દુ તથા જૈન ધર્મની મૂર્તિઓ મળે છે. હિન્દુ શિલ્પોમાં શિવ, વૈષ્ણવ, સૂર્ય, શકિતને લગતાં શિલ્પો જોવા મળે છે. સોલંકીકાલિન શિલ્પોમાં મંદિરની દિવાલ પર જંઘા પર દિકપાલોની મૂર્તિઓ, સુરસુંદરીઓ, અપ્સરાઓ, નાયિકાઓ, જે તે સંપ્રદાયના મુખ્ય દેવદેવીઓ જોવા મળે છે. નરથરમાં પૌરાણિક આખ્યાયિકાઓ, કથાઓ તેમજ ઘણી વખત તત્કાલીન પ્રજાનું સાંસ્કૃતિક જીવન જોવા મળે છે. મંદિરની છતમાં ધાર્મિક કથા પ્રસંગો જોવા મળે છે. થાંભલા ઉપર કીચકો, વિતાનો તેમજ ઘુમ્મટના છેડે દેવદેવીઓ કે અપ્સરાઓના શિલ્પો જોવા મળે છે. થાંભલાની ચારે બાજુ ફૂલવેલ કે દેવદેવીઓના શિલ્પો જોવા મળે છે. દસમાં સૈકાની ગુજરાતની કલામાં ગુર્જર-પ્રતિહાર, ચાપોત્કટ, રાષ્ટ્રકૂટ, દક્ષિણી ચૌલુક્યો, પરમારો વિગેરેની ભિન્ન ભિન્ન અસરોવાળા શિલ્પ મળે છે. આ સૈકાના શિલ્પમાં શરીર સૌષ્ઠવ, ધબકતું ચેતન, મુખભાવનું વૈશિષ્ટ્ય જોવાં મળેછે.

## નવલખા મંદિર વિશે વિદ્વાનોના મંતવ્યો :

સેજકપરના નવલખા મંદિરનું ગર્ભગૃહ 34 ફૂટ પહોળાઇનું અને રંગમંડપ 45 ફૂટ પહોળાઈનો છે. મંડપના સ્થંભો 12 ફૂટ ઉંચાઇનાં છે, એ પરંથી અષ્ટકોણાકાર પાટ પર 15 વ્યાસનાં કરોટક (ઘુમ્મટ)ની રચના છે. ઘુમ્મટમાં નાના કદના 12 શિલ્પ છે. ઘુમ્મટના થરોની યોજના કોલ કાચલા ઘાટની છે. સ્થંભોની શિરાવટીમાં કીચકોના શિલ્પ છે. મંદિરના ગર્ભગૃહના તલદર્શનમાં અનેકવિધ નિર્ગમો નાસિકા કે ફાલનાઓ હોવાને કારણે મંદિરની રચના બાબતમાં વિવિધ મતો ઊભા થયેલા.

પર્સીબ્રાઉને મંદિરના તલદર્શનની નાસિકા રચના પુષ્પપત્રાવલિ ઘાટની માનેલી. શ્રી એસ.કે. સરસ્વતિ તથા ડો.અશોકકુમાર મજુમદારે તલદર્શનનો પુશ્પપત્રાવલિ ઘાટ મધ્ય ધરી પર ચક્રાકારે આવર્તન પામતા ચૉરસનાં સિધ્ધાંત પર આધારિત હોવાનું માનેલું. પરંતુ વાસ્તવમાં તો ગર્ભગૃહના તલમાનમાં આયોજિત ભદ્રપ્રતિરથાદિ નિર્ગમો તથા કોણ ભાગને અનેક નાના નિર્ગમોમાં વહેંચી નાખેલ હોવાથી એ ભ્રમ પેદા થયો છે.

‘સુરેન્દ્રનગર જિલ્લાની સ્થાપત્યકલા’ના સંદર્ભે કહીએ તો, પુરાતત્વવિદ્ર હસમુખ સાકળીયા આ નવલખા મંદિરને ઘૂમલીના નવલખા મંદિરનું સમકાલીન ગણાવે છે. સ્થાપત્ય નિષ્ણાંત મધુસુદન ઢાંકી આ મંદિર સિધ્ધરાજ જયસિંહના સમયનું બતાવે છે.

શૈલીભેદની દ્રષ્ટિએ નવલખા મંદિરનું નિર્માણ સોલંકીશૈલીનું મનાય છે. દશમીથી તેરમી સદીના સમયમાં જે મંદિરો બંધાયા તેમાં ક્રમિક વિકાસ પામેલા છે, પણ તેને સોલંકીશૈલીમાં ગણતરી કરવામાં આવે છે.

**શિલ્પ :** નવલખા મંદિરની પિઠમાં ભીંતની ઉપર અનુક્રમે જાડ્યકુંભ, અંતરપત્ર, કર્ણિકા, ગ્રાસપટી, છાધ, વિવિધ અંગભંગવાળા ગજથર, નરથરમાં માનવ જીવનની વિવિધ પરિસ્થિતિઓ, આનંદપ્રમોદના પ્રસંગો, શિકાર, યુધ્ધ, યાત્રા, સવારી, મૈથુન શિલ્પની કામચેષ્ઠાને લગતા શિલ્પો કોતરાયેલા છે. જે કલાના કસબીઓ માટે એક લ્હાવો છે.

**ત્રિઅંગી :** શિલ્પની પરિભાષામાં નવલખા મંદિર ત્રિઅંગી છે. કારણ કે મંદિરનું એક ગર્ભગૃહ છે તે એક અંગ છે. તેમાં હાલના સમયે કોઇ મૂર્તિ નથી. બીજું અંગ એટલે મંડપ છે. જે નવલખા મંદિરમાં ખુલ્લા પ્રકારનો મંડપ આવેલ છે. અને મંદિરનું ત્રિજું અંગ એટલે મંડપની આગળ પ્રવેશચોકી આવેલી છે. તેને શૃંગારચોકી પણ કહેવામાં આવે છે. આવા મંદિરોમાં અંદરની દિવાલો બહુધા સાદી હોય છે. પણ બહારની બાજુ પીઠ, મંડોવર, વેધિકા, સ્થંભો, છતો,





ગર્ભદ્વાર, પ્રવેશદ્વાર વગેરે અત્યંત બારીક કોતરણીથી તથા શિલ્પોથી વિભૂષિત કરેલા હોય છે.

**એકાયતન :** નવલખા મંદિરને મુખ્ય મૂર્તિ માટે એકજ ગર્ભગૃહ આવેલું છે, માટે તેને એકાયતન મંદિર ગણવામાં આવે છે. (કોઈ મંદિરમાં વધું ગર્ભગૃહ હોયતો  દ્વયાતન, ત્ર્યાતન પણ કહેવાય છે.)

**પંચરથી ગર્ભગૃહ :** શિલ્પની ભાષામાં બહારની બાજુએ કોતરણી કરવામાં આવેલી હોય છે, તે કોતરણીમાં અનેક નિર્ગમો કે નાસિકાની રચના કરવામાં આવે છે. તે નાસિકાને રથ નામથી ઓળખવામાં આવે છે. દિવાલની મધ્યમાં પ્રમુખ નાસિકાને ભદ્ર કહેવામાં આવે છે, અને તે ભદ્રની મધ્યમા એક વધુ નિર્ગમ (નાસિકા) અપાય તો એને મુખભદ્ર કહેવાય છે. ભદ્રની બન્ને બાજુએ જળવાઇ રહેલી દિવાલની મુલનાસિકાને કોણ અથવા કર્ણ કહેવાય છે. તે ભદ્ર અને કોણ વચ્ચે પ્રતિરથ નામથી ઓળખાતો એક વધુ નિર્ગમ જ્યારે ઉમેરાય ત્યારે પંચરથ પ્રકારનું તલમાન બને છે. તો આ સેજકપરના નવલખા મંદિરના ગર્ભગૃહનું તલમાન પંચરથ પ્રકારનું છે.

**મંડોવર :** સેજકપર નવલખા મંદિરનું મંડોવર મેરૂ પ્રકારનું છે. ગર્ભગૃહની પીઠની ઉપર ચણવામાં આવતી દિવાલના બાહ્ય અલંકૃત ભાગને મંડોવર કહેવામાં આવે છે. જેમાં અનેકવિધ સમતલ થરોની રચના હોય છે. તેમાં ખુરક, કુંભક, કલશ, કપોતાલી, મંસિકા, જંઘા, ઉદગમ, ભરણી, શિરાવટી, મહાકેવલ, કૂટછાધ નામે ઓળખાય છે. આ સમયના કેટલાક મંદિરોમાં ઓછા વત્તા પ્રમાણમાં થરનું પુનરાવર્તન પણ થયેલું હોય છે. આવી રચના ઘૂમલી, સેજકપર, તારંગા, સોમનાથના મંદિરોમાં જોવામા આવી છે. બેવડી તેવડી જંઘાની રચનાવાળા મંડોવરવાળા મંદિરોને મેરૂ પ્રકારના ગણવામાં આવે છે.

**શિખર :** ગર્ભગૃહના મંડોવરની ઉપર શિખરનું રચના વિધાન આવે છે. ઉરશૃંગ, પ્રત્યંગ, શૃંગિકા, વિગેરે શિખરના ઉભડક અંગ આમલક કહેવાય છે. તેના ઉપર કલશ (અંડક) મુકવામાં આવે છે. જેમા 1–5–9–13 એમ ક્રમે ક્રમે અંડકની સંખ્યા વધતી જાય છે.

**મંડપ :** સેજકપરના નવલખા મંદિરનો મંડપ સભામંડપ કહેવાય છે. તેને ભદ્ર અને પ્રતિરથની રચનાને કારણે ત્રિરથ પ્રકારનો કહેવાય છે. આ મંડપનું તલમાન 3:2 પ્રમાણનું છે.

**સ્થંભો :** સેજકપર નવલખા મંદિરના સ્થંભો ‘સ્વસ્તિક’ પ્રકારના છે. સભામંડપમા સ્થંભોની રચના પણ અલંકૃત કરેલી હોય છે. સેજકપરના નવલખા મંદિરના સ્થંભો ભદ્રાદિ નિર્ગમોથી યુકત હોવાથી તે ‘સ્વસ્તિક’ સ્થંભોના નામે ઓળખાય છે. તેની જેવા મોઢેરા, સોમનાથ, આબુ, ઘૂમલી વગેરે સ્થળોએ ‘સ્વસ્તિક’ પ્રકારના સ્થંભો છે.

## શ્રી લાલજી મહારાજની જગ્યા (ભગતનું ગામ-સાયલા)



ઝાલાવડની મલકતી ધરાની કણકણમાં મણ મણની માહોરી વાતું પડી છે. સંતો, સતી-જતી દયાળુ, દાતાર અને ભજનાનંદી ભકતોના રણકાથી રણકતો મલક એટલે ઝાલાવાડ પ્રદેશ. ઝાલાવાડના મલકમાં એક નદીયુંના કિનારે તેમજ ડુંગરાની ધારે સતી, જતી અને શિવના બેસણાં છે.

સૌરાષ્ટ્રના પવિત્ર તીર્થસ્થાનો (ચોટીલા, વિરપુર, જૂનાગઢ, સોમનાથ, પરબવાવ, દ્વારકા વિ.)નું પ્રવેશદ્વાર એટલે ભગતનું ગામ (સાયલા). સુરેન્દ્રનગર જિલ્લાનો આ તાલુકો સુરેન્દ્રનગરથી 30 કિ.મી.ના અંતરે નેશનલ હાઈવે 8-એ પર આવેલો છે. અનેક સંત-મુની-જતી-સતી શ્રી નાનચંદ્રજી મહારાજ, શ્રી મેઘમુની મહારાજ, શ્રી લાડકચંદભાઈ વોરા, શ્રી કુમારપાળ દેસાઈ જેવી વિભૂતિઓને જન્મ આપ્યો છે આ મોંઘેરી ધરતીએ. સાયલાને પોતાની કર્મભૂમિ બનાવીને શ્રી લાલજી મહારાજ (ભગત) દેવપુરૂષ થઈ ગયાં. આ મલકને સૌ માનવીઓ આ ગામ (સાયલા)ને 'ભગતના ગામ'થી ઓળખે છે.

સંત શિરોમણી પૂ. શ્રી લાલજી મહારાજનો જન્મ વાંકાનેર (રાજકોટ) પાસે સિંધાવદર ગામમાં, દશા શ્રીમાળી વણિક કુટુંબમાં વિક્રમ સંવત 1856ના ચૈત્ર સુદી-9 ને સોમવારના મંગલ પ્રભાતે ધર્મપરાયણ ભગવદીય શ્રી બળવંતભાઈ શાહ તથા વિરૂબાઈને ત્યાં થયો હતો.

પૂ.શ્રી લાલજી મહારાજે શ્રી સંપ્રદાય 'બાવનદ્વારાન્ગર્ત' શ્રી કુંબાજી મહારાજના પરંપરાના વાંકાનેરના શ્રી રઘુનાથજી મંદિરના મહંતશ્રી સેવાદાસજી મહારાજ પાસેથી 'શ્રી વૈષ્ણવીદીક્ષા' ગ્રહણ કરી શ્રી લક્ષ્મીદાસજી એવું નામ ધારણ કર્યું. તેમના જન્મનું મૂળ નામ 'લાલજી' હોવાથી શ્રી લાલજી મહારાજ એજ નામથી પ્રસિધ્ધ થયાં.

શ્રી લાલજી મહારાજની જગ્યા એ નામથી ઓળખાતા બધા મંદિરો શ્રી રામાનંદ સંપ્રદાયના ગણવામાં આવે છે. પૂ.શ્રી લાલજી મહારાજની ગુરૂ પરંપરા-

સીતાનાથ સમારમ્ભામ્ રામાનંદાય મધ્યમામ્
અસ્મદાચાર્ય ર્ઈન્તા વન્દે ગુરૂપરમ્પરામ્

શ્રી કુંબાજી મહારાજ યતિરાજ સાર્વભૌમ જગદ્ગુરૂ શ્રી સ્વામી શ્રીરામાનંદાચાર્યજી





મહારાજના શ્રી લાલજી મહારાજ પરમ કૃપાપાત્ર શિષ્ય હતાં.

'ઉદાર ચરિતનામ્ તુ વસુધૈવ કુટુંબકમ્ ।' ના મહાનિયમ પ્રમાણે પોતે ધર્મપ્રચાર માટે વિચરતા હતાં. સાયલાના ઠાકોર સાહેબશ્રી (પહેલાં)ના ભાવભીના આમંત્રણથી સાયલા પધાર્યા. ઠાકોર સાહેબ તથા પ્રજાજનોના આગ્રહથી વિક્રમ સંવત 1889 ની સાલમાં 'શ્રી લાલજી મહારાજની જગ્યા' નામની મહાન ધાર્મિક જગ્યાની સ્થાપના કરી.

'જયાં ટુકડો ત્યાં હરી ઢુકડો' અને 'લેનેકો હરી નામ, દેનેકો અન્નદાન'ના સંત વચને 'શિરા-પુરી'નું સદાવ્રત ચાલુ કર્યુ. આ જગ્યાનું સદાવ્રત 'પ્રભુનામ સંકીર્તન' તથા 'કરતાલ' રૂપી સાધનથી આજે પણ એ ગુરૂ પરંપરા પ્રમાણે ચાલી રહ્યું છે. સાયલા શ્રી લાલજી મહારાજની જગ્યાની મંડળીઓ દર વર્ષે દેશ-દેશાવરમાં ધર્મ પ્રચાર માટે ફરે છે. આ જગ્યાને કોઈ ખાસ ગામ ગિરાસ કે અમૂક જ્ઞાતિ ઉપર હક્ક લાગો વિગેરે કાયમી આવકનું સાધન નથી.

પૂ. શ્રી લાલજી મહારાજ (ભગત) દ્વારા કેટલીક ઘટનાઓ બનવા પામેલ તેવાં ગામોના નામ જોઈએ તો સિંધાવદર, વાંકાનેર, ઘાંટીલા, સિધ્ધસર, હળવદ, જોટાણા, ધંધુકા, વડતાલ, મગુના (ચૂંવાળ પ્રદેશ), રાધનપુર, કચ્છ-ભૂજ, ભાયલી, કોસીદ્રા, રાસનોલ, જતાપુર અને લોર ગામ તથા તેના પ્રજાજનો પૂ. ભગતના આશીર્વાદથી ધન્ય થયેલ છે.

'શાંતાકારમ્ ભુજગશયમ્ પદમનાભમ્ સુરેશં' શ્લોકોની સ્તુતિનું ધ્યાન ધરીને નિંદ્રાધીન શ્રી લાલગુરૂ (ભગત) ને સ્વયં શ્રી શેષનારાયણ ભગવાને જગાડીને આજ્ઞા કરી કે - 'હે વત્સ ! મારી જેવા પ્રકારની મૂર્તિની તું ઝંખના કરે છે તેવી મૂર્તિ તો સાગરના સામે પાર દીવબંદરના એક પ્રાચીન મંદિરમાં છે તો ત્યાં આવી મને લઈ જા. હું તારી ભકિતથી પ્રસન્ન છું.'

મહારાજશ્રી તથા તેમની મંડળી મૂર્તિ લેવાં માટે દીવબંદર પધાર્યા. દીવબંદરના ગ્રામજનોએ મૂર્તિ લઈ જવા માટે વિરોધ કર્યો. દીવબંદરના રેસિડેન્ટ તેમજ ગ્રામજનોએ ઠરાવ કર્યો કે ઘોડા કે બળદ વગર રથ જેની તરફ વળે તેને મૂર્તિ આપવી. જે રીતે બોડાણા ભકત માટે શ્રી રણછોડરાયજી દ્વારકાથી ડાકોર પધાર્યા હતાં તેવી જ રીતે ભકત આધીન શ્રી શેષનારાયણ ભગવાન શ્રી લાલગુરૂ (ભગત) કાજે સ્વયંમ દીવબંદરથી સાયલા પધાર્યા.

પૂજય આચાર્ય શ્રી લાલજી મહારાજે વિક્રમ સંવત 1914 માં શ્રી રામ-લખમણ-જાનકી તથા દીવબંદરથી સ્વયં પધારેલા શ્રી શેષનારાયણ ભગવાન તેમજ પંચદેવની મૂર્તિ-પ્રતિષ્ઠા કરેલ હતી. આ સમયે 'વિષ્ણુયાગ' નામનો મહાયજ્ઞ પણ કરવામાં આવ્યો હતો. ગુરૂવર્ય શ્રી લાલજી મહારાજે સ્થાપેલો ધર્મધ્વજ લોકોને ધર્મ પ્રેરણા આપતો નિરંતર ફરકી રહ્યો છે.

‘હે લાલ ડંકા વાગ્યા તમારા દેશમાં’

પૂ. લાલજી મહારાજ ધર્મોપદેશ દ્વારા જ્ઞાનની ગંગા વહેવરાવી લગભગ 360 જેટલા અન્નક્ષેત્રયુક્ત મંદિરોની સ્થાપના કરી જગતમાં ધર્મનો ડંકો વગાડી વિક્રમ સંવત 1918 ના કારતક સુદ 10ને બુધવારના રોજ સાકેત ધર્મવાસી થયાં હતાં.

શ્રી લાલજી મહારાજની જગ્યામાં ઉજવાતા સમૈયાઓમાં અન્નકુટ (બેસતુ વર્ષ), દેવદિવાળી, શ્રી રામાનંદ જયંતિ (પોષ વદ-9), વસંત પંચમી, શિવરાત્રી, ધૂળેટી, રામનવમી (શ્રી લાલ જયંતિ, ચૈત્ર સુદ 9), ગુરૂ પૂર્ણિમા, ઝુલા-હિંડોળો, શ્રી લાલ પંચમી (શ્રાવણ સુદ-5), જન્માષ્ટમી, ભગવત સપ્તાહ (ભાદરવા સુદ 2 થી 9), ઝીલણી-અગિયારસ (ભાદરવા સુદ 11), શરદ પૂર્ણિમા તમેજ દિવાળી જેવા પ્રસંગ ધાર્મિક ભાવનાથી ધામધૂમથી નિજ મંદિરની જગ્યામાં ઉજવવામાં આવે છે.

આ જગ્યાના પૂર્વાચાર્ય તરીકે શ્રી ભીમદાસજી ભગવાનદાસજી મહારાજ, શ્રી ગોપાલદાસજી મહારાજ, શ્રી ભગવાનદાસજી મહારાજ, શ્રી મોતીરામદાસજી મહારાજ, શ્રી કૃષ્ણદાસજી મહારાજ, અને શ્રી મયારામદાસજી મહારાજ ‘વૈષ્ણવ માર્તન્ડ’ સેવા-સતસંગ અને સમાજસેવા કરીને લાલગુરૂની ગાદી પરંપરાને ઉજ્વળ કરેલ છે.

વિદ્યમાન આચાર્ય શ્રી તુલસીદાસજી મહારાજ ’સાહિત્ય રત્ન’, પરોપકારી સંત અને શિક્ષણવિદ્ દ્વારા આ જગ્યાના નિજ મંદિરનો જિર્ણોધ્ધાર કરવામાં આવેલ છે. લઘુ મહંતશ્રી દુર્ગાદાસજી મહારાજ (M.A. સંસ્કૃત) યુવાનવયે ધર્મ સાથે શિક્ષણનો પ્રસાર તથા સામાજિક પ્રવૃત્તિઓ કરી રહયાં છે.

શ્રી લાલજી મહારાજની જગ્યામાં એક જ પંગતે અઢારેય વર્ણ પ્રસાદી મેળવે છે. સનાતન ધર્મનો જય જયકાર કરે છે. સર્વધર્મ સમભાવનો સંદેશો ફેલાય છે. સવાર-સાંજ હરી હરની હાંકલ થાય છે. પૂજા-આરતી અને મંદિરમાં સત્યના નામનો ઘંટારવ થઈ રહ્યો છે. હૈયે હૈયું હરખાય છે. હેલે ચડે છે.

ચાલો... આપણે આપણા જ જિલ્લા (સુરેન્દ્રનગર)ની અંદર આવેલ તીર્થધામરૂપી પવિત્ર શ્રી લાલજી મહારાજની જગ્યાના દર્શન કરીએ, જીવન ધન્ય બનાવીએ. પૂ.શ્રી લાલજી મહારાજ (ભગત) ને વંદીએ...પ્રાર્થીએ.

ધોળી ધજા ફરકે ગુરૂલાલ તમારા મંદિરની,
મારૂં હૈયું બહુ હરખે, ગુરૂલાલ તમારા મંદિર...

**(સાભાર : ડૉ સી ટી ટૂંડિયા ‘પલાશ’ એપ્રિલ ૨૦૦૩)**



પડ જુઓ પાંચાળ (ભાગ-૩ સાયલા)

## બીજમાંથી વૃક્ષ : શ્રી રાજસૌભાગ આશ્રમ-સાયલા



શ્રી રાજસૌભાગ સત્સંગ મંડળ એટલે સાયલા અને આજુબાજુના વિસ્તાર માટે આશીર્વાદરૂપ સેવાભાવી/આધ્યાત્મિક સંસ્થા. કોઈ મંગલ ઘડીએ જેમને ઉત્તમ કલ્યાણકારી વિચાર સ્ફૂર્યો એવા સત્ય શોધક શાંતિદાદા આ સંસ્થા સ્થાપના માટે નિમિત્ત બન્યા. શ્રીમદ્ રાજચંદ્ર અને સાયલાના તેમના પરમ અધ્યાત્મ સખા સૌભાગભાઈની પુણ્યસ્મૃતિમાં આશ્રમનું નામ રખાયું શ્રી રાજસૌભાગ આશ્રમ. આશ્રમના આદ્યસ્થાપક પૂ. લાડકચંદ માણેકચંદ વોરા (પૂ.બાપૂજી) આત્મપથને અજવાળે પોતાની પ્રદીપ્ત જ્ઞાનાંગુલીએ અનેક મુમુક્ષુઓને આત્મજ્ઞાનનો માર્ગ બતાવ્યો. સાયલા ગામમાં ગુરૂવર્ય છોટાલાલ દેસાઈના મકાનમાં 31/12/1976 ની શુભ ઘડીએ શ્રી રાજસૌભાગ સત્સંગ મંડળની શરૂઆત થઈ અને પછી બીજમાંથી વૃક્ષ વિસ્તરે એમ મુમુક્ષુ પરિવાર બહોળો થતા વિ.સં. 2041 ના ફાગણ સુદ-2 (બીજ ) ના રોજ 22/2/1985 ના દિનથી વર્તમાન સ્થળે સંસ્થા સ્થળાંતરિત થઈ. સંસ્થાનો મુખ્ય હેતુ આત્મોન્નતિ છે, સ્વની અને આત્માની ઓળખ છે, પરંતુ આશ્રમના સ્થાપક ગુરૂવર્ય પૂ. બાપૂજી માનતા કે સ્વકલ્યાણની સાથે સમાજકલ્યાણ, જનકલ્યાણ અને આત્મોન્નતિ સાથે સમાજોન્નતિની વૃતિ, વિચાર અને પ્રવૃતિ ન જોડાય ત્યાં સુધી સાધના અધૂરી છે. તેથી તેમણે સમાજ માટેના અનેકવિધ સેવા કાર્યો દીર્ઘદ્રષ્ટિપૂર્વક શરૂ કર્યા અને તેમના જ ગુણ સમૂહ સ્વરૂપ પૂ. ભાઈશ્રી નલીનભાઈ કોઠારીએ એ સેવા કાર્યોને સવાયુ રૂપ આપ્યું - તે કાર્યો વિસ્તાર્યા અને અનેક સત્પુરૂષોને સાંકળ્યા.

**આ સંસ્થાની પ્રવૃત્તિઓની ટૂંક વિગતો આ મુજબ છે.**

(1) આધ્યાત્મિક : પૂજા-પ્રાર્થના-પ્રવચનો-વાંચન-ધાર્મિક પ્રવાસો દર મહિને આધ્યાત્મિક આરાધના શિબિરો અને એકાંત મૌન આરાધના શિબિરો-ધ્યાન-ઉત્તમ આધ્યાત્મિક પુસ્તકોની લાયબ્રેરી અને નિયમિત સ્વાધ્યાય.

(2) આંખની હોસ્પીટલ : શ્રીમતી કાશીબેન સંઘરાજકા આંખની હોસ્પીટલમાં દર મહિને નિઃશુલ્ક અંદાજે 800 આંખના ઓપરેશનો - નિદાન કેમ્પો - ચશ્મા વિતરણ - દવા -

ભોજન બધું નિઃશુલ્ક તથા આવવા-જવાનું ભાડું આપવામાં આવે છે.




(3) સામૂહિક આરોગ્ય કેન્દ્ર : દરરોજ 300 થી 350 દર્દીઓને સારવાર-નિદાન કેમ્પો-તજજ્ઞો દ્વારા તપાસ-સારવાર અને દવાઓ અને સકરારી આરોગ્ય ખાતાની સૂચના અનુસાર દરેક પ્રકારના પ્રોગ્રામો જેવા કે રસીકરણ વિગેરે.

(4) ગર્લ્સ હાઈસ્કુલ : પૂ.એલ.એમ.વોરા ગર્લ્સ હાઈસ્કૂલ - સાયલામાં ધોરણ 9 થી 12 સુધીનું શિક્ષણ નજીવી ફીથી આપવામાં આવે છે. જેમાં હાલ 425 વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે અને 16 શિક્ષકો છે અને કમ્પ્યુટરનો અભ્યાસ પણ કરાવાય છે.

(5) ગર્લ્સ કોલેજ : પૂ.એલ.એમ.વોરા કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ-સાયલામાં ચાલે છે. જેમાં 700 વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. અને 11 પ્રોફેસરો સેવા આપે છે.

(6) પ્રેમની પરબ : વર્ષ 2004 થી શિક્ષણ સુધારણા પ્રવૃતિ અંતર્ગત આ પ્રોજેક્ટ ચાલે છે. જેમાં સાયલા તાલુકાની 110 અને વઢવાણ તાલુકાની-7, મુળી તાલુકાની-3, ચોટીલા તાલુકાની-1 અને બોટાદની-4 મળી કુલ 125 પ્રાથમિક શાળાઓનાં 22000 વિદ્યાર્થીઓ અને 850 શિક્ષકો જોડાયેલા છે. શિક્ષણ કાર્ય ઉપરાંત વર્ષમાં બેથી ત્રણ વખત શૈક્ષણિક-સાહિત્યિક-સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રવાસો થાય છે. દર વર્ષે ભવ્ય અને દિવ્ય વાર્ષિકોત્સવની ઉજવણી થાય છે. જેમાં શ્રેષ્ઠ શિક્ષક-વિદ્યાર્થીઓને ગુજરાતભરના શિક્ષણકારો, સાહિત્યકારો, રાજનેતાઓ અને આધ્યાત્મિક સંતોના હસ્તે એવોર્ડ અપાય છે. 'પ્રેમની પરબ' મુખપત્રનું પ્રકાશન અને પ્રાથમિક શાળાના બાળકો માટે 2009 થી જીવન વિજ્ઞાન કેન્દ્ર પણ સાયલામાં છે. જેમાં દર વર્ષે 3500 કરતા વધારે વિદ્યાર્થીઓ અને 200 જેટલા શિક્ષકો વિજ્ઞાન કેન્દ્રનો પ્રત્યક્ષ લાભ તથા દર વર્ષે સમર સાયન્સ કેમ્પનું આયોજન થાય છે જેમાં 75 થી 80 બાળકો સહભાગી થાય છે.

(7) વિકલાંગ કેન્દ્ર : સાયલા-લીંબડી-સુરેન્દ્રનગર-પોરબંદર-ધોરાજી અને ચોટીલામાં એમ કુલ-6 કેન્દ્રો ચાલુ છે. જેમાં વિનામૂલ્યે સારવાર-ભોજન રહેણાંક ઉપરાંત જરૂરી સાધન સહાય કેમ્પ થાય છે, જેમાં સંખ્યામાં સાધન સહાય કરવામાં આવે છે.

(8) અનાજ વિતરણ તથા છાસ કેન્દ્ર કપડા તથા દવા માટે સહાય : દર મહિને સાયલા-મુળી અને વઢવાણ તાલુકાના 35 ગામોના 300 પરિવારના 851 વ્યક્તિઓને અંદાજે 3500





કિલો અનાજનું વિતરણ કરવામાં આવે છે. ઉનાળા દરમિયાન 22 કેન્દ્રો દ્વારા છાસનું વિતરણ પણ કરવામાં આવે છે અને જરૂરિયાતમંદ ગરીબ લોકોને કપડાનું વિતરણ અને દર્દીઓને આર્થિક સહાય આપવામાં આવે છે.



(9) સીવણ કેન્દ્ર : સાયલામાં ચાલતા સીવણ કેન્દ્રમાં દરમહિને સરેરાશ 25 થી 30 બાળાઓને તાલીમ આપવામાં આવે છે અને પરીક્ષા લઈને પ્રમાણપત્રો આપવામાં આવે છે.

(10) જીવદયા : આશ્રમમાં ગૌશાળા છે જેમાં ગાયો-વાછરડા-વાછરડીઓ મળી અંદાજે 65 થી 70 જીવો છે જેની માવજત-ખોરાકની વ્યવસ્થા કરવામાં આવે છે. દૂધ, છાસનો ઉપયોગ આશ્રમમાં આવતા મુમુક્ષુઓ તથા મહેમાનો માટે કરવામાં આવે છે અને ચબુતરાઓ માટે ચણનું વિતરણ પણ કરવામાં આવે છે.

26 જાન્યુઆરી 2001નાં રોજ આવેલ ભુકંપમાં સાયલા તાલુકાનું નિનામા ગામ સંપૂર્ણ ધ્વંસ થઈ ગયેલ તેનાં 335 પાકા મકાનો-ચબુતરો-ચોરો-પંચાયતઘર-પાણીના સાધનો વિગેરે નવા બનાવી આપવામાં આવેલા. જેનું નામ લાડકપુર રાખવામાં આવેલ છે. ઉપરાંત અન્ય જે 47 પ્રાથમિક શાળાના 160 ઓરડાનું નિર્માણ કરવામાં આવે છે.

શ્રી રાજસૌભાગ આશ્રમને આ વર્ષે 50 વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે. આ સુવર્ણ વર્ષની ઉજવણી રૂપે આ આખા વર્ષ દરમિયાન અનેક સેવાકીય પ્રવૃત્તિઓ અને જનહિતના અનેક સેવાકાર્યો શરૂ છે. દેશ-વિદેશમાં ખૂબ ભાવપૂર્ણ-ઉત્સાહથી સુવર્ણજયંતિ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

ઉપર્યુકત સામાજિક અને શૈક્ષણિક તથા સમાજ ઉપયોગી પ્રવૃતિ કરવા બદલ આ સંસ્થાના હાલના આધ્યાત્મિક વડા ગુરૂદેવ શ્રી નલિનભાઈ કોઠારીને પણ રાજયના તત્કાલીન માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 26 જાન્યુઆરી 2010 ના રોજ સુરેન્દ્રનગર મુકામે જાહેરમાં સન્માનિત કરવામાં આવેલ હતા.

**ચંદ્રકાંત વ્યાસ**

**'પ્રેમની પરબ'-સાયલા**

## લાડકચંદ માણેકચંદ વોરા – 'બાપુજી'



સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ચોરવીરા ગામે જન્મેલા લાડકચંદભાઈ શ્રીમદ્ રાજચંદ્ર પરંપરાના પ્રખ્યાત સંત અને 'રાજ સૌભાગ આશ્રમ'ના સ્થાપક હતા. ભક્તો તેમને પ્રેમથી 'બાપુજી' કહેતા.

### ૧. જન્મ અને કુટુંબ :

- જન્મ તારીખ : 8 માર્ચ 1905
- જન્મ સ્થળ : ચોરવીરા, સાયલા તાલુકો, જિ. સુરેન્દ્રનગર
- માતા –પિતા : માણેકચંદભાઈ અને હરીબા
- માતા હરીબા દયા, કરૂણા અને ઉદારતા માટે જાણીતા હતા. એ સંસ્કાર બાપુજીમાં બાળપણથી જ ઉતર્યા હતા

### ૨. શિક્ષણ

- ચોરવીરામાં ધોરણ 4 સુધી અભ્યાસ કર્યો. અભ્યાસમાં ખૂબ તેજસ્વી હતા. ત્યાર બાદ વધુ અભ્યાસ માટે તેઓ રાજકોટ ગયા. ત્યાં મેટ્રિક 'A' ગ્રેડથી પાસ કરી.
- શાળામાં પ્રિફેક્ટ, મોનિટર અને ડિબેટિંગ સોસાયટીના સેક્રેટરી રહ્યા.
- શ્રીમદ્ રાજચંદ્ર રચિત 'મોક્ષમાળા' પર લેવાતી જૈન પરીક્ષામાં આખા ભારતમાં સૌથી વધુ ગુણ મેળવ્યા હતા

### 3. આધ્યાત્મિક જીવન

- શ્રી સૌભાગભાઈથી છઠ્ઠી પેઢીના ગુરૂ તરીકે 'રાજ સૌભાગ સત્સંગ મંડળ' દ્વારા ગુરૂ-શિષ્ય પરંપરા જીવંત રાખી.
- પૂજ્ય સૌભાગભાઈનું મહત્વ સમજાવવા તેમણે સ્થાપેલા યોગ આશ્રમનું નામ 'રાજ સૌભાગ આશ્રમ' રાખ્યું
- શ્રીમદ્ રાજચંદ્રની આધ્યાત્મિક ઉપલબ્ધિઓ દ્વારા જૈન ધર્મના સિદ્ધાંતો સમજાવ્યા અને મંડળના મુમુક્ષુઓના હૃદયમાં શ્રીમદ્ પ્રત્યે ભક્તિભાવ જગાડ્યો.

### ૪. સાહિત્ય સર્જન

તેમના નામે 2 પુસ્તકો પ્રકાશિત થયેલા છે:

- શિક્ષામૃત
- ગુરૂવાણી





## બાલાભાઈ વીરચંદ દેસાઈ 'જયભિખ્ખુ'



**જન્મ : ૨૬ જૂન, ૧૯૦૮**

**સ્વર્ગવાસ : ૨૪ ડિસેમ્બર, ૧૯૬૯**

**જન્મ સ્થળ : વિંછીયા (જિ. રાજકોટ)** **ઉપનામ : જયભિખ્ખુ**

વતન : સાયલા, જિ. સુરેન્દ્રનગર

સાયલાના વતની હોવાથી 'સાયલાકર' તરીકે પરિચય આપતાં.

**પરિચય :**

જયભિખ્ખુએ સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં ૩૦૦થી વધુ પુસ્તકો આપ્યાં છે.

- ✦ સાહિત્ય સર્જન : તેમણે ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ, નવલિકાઓ, નાટકો અને જીવનચરિત્રો લખ્યાં છે.
- ✦ બાલસાહિત્ય : બાળકો માટે સંસ્કારલક્ષી સાહિત્ય પીરસવામાં તેમનું નામ મોખરે છે.
- ✦ વિચારધારા : તેમના લેખનમાં માનવતાવાદ, જૈન ધર્મના સંસ્કારો અને રાષ્ટ્રપ્રેમનો સમન્વય જોવા મળે છે. તેઓ માનતા હતા કે સાહિત્ય એ સમાજની સેવાનું માધ્યમ હોવું જોઈએ.

**પ્રકાશિત પુસ્તકો (મુખ્ય કૃતિઓ) :**

તેમના સાહિત્યનો વ્યાપ ઘણો મોટો છે, તેમાંથી કેટલીક જાણીતી કૃતિઓ:

- ✦ નવલકથા : 'વિક્રમાદિત્ય હેમુ', 'કર્મયોગી', 'ભગવાન ઋષભદેવ', 'સિદ્ધાર્થ'
- ✦ વાર્તાસંગ્રહ : 'પ્રેમભક્તિ', 'કંચન અને કાંચન'
- ✦ બાલસાહિત્ય : 'બાલકથાઓ', 'સંસ્કાર કથાઓ'
- ✦ ચરિત્ર : 'જૈન જ્યોતિર્ધરો'

**એવોર્ડ અને સન્માન :**

જયભિખ્ખુને તેમના સાહિત્યિક પ્રદાન બદલ અનેક સન્માનો પ્રાપ્ત થયા હતા.

૧. કુમાર ચંદ્રક : વર્ષ ૧૯૪૭માં ગુજરાતી સાહિત્યમાં તેમના પ્રદાન માટે
૨. નર્મદ સુવર્ણ ચંદ્રક : તેમની વિશિષ્ટ સાહિત્ય સેવા માટે
3. ગુજરાત સરકારના પુરસ્કારો : તેમનાં અનેક પુસ્તકોને રાજ્ય સરકાર દ્વારા પારિતોષિક મળ્યાં હતાં.

**વિશેષ નોંધ :**

તેમની સ્મૃતિમાં આજે પણ 'જયભિખ્ખુ સ્મૃતિ ટ્રસ્ટ' દ્વારા સાહિત્યિક પ્રવૃત્તિઓ અને એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## લોકસેવક શ્રી કરમશીભાઈ મકવાણા



શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણાનો જન્મ સાયલા તાલુકાના અડાળા ગામે તારીખ 07 ઑક્ટોબર 1928ના રોજ થયો હતો.

નિષ્ઠાવાન શિક્ષક, સમાજસેવક, કૉંગ્રેસ પક્ષના અગ્રણી નેતા તથા લેખક. તેમણે પ્રારંભિક શિક્ષણ લોકશાળા, ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલામાં લીધું હતું અને 'વિનિત'ની પદવી પ્રાપ્ત કરી હતી. ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરી સમાજસેવા વિદ્યાશાખાના સ્નાતક થયા. બાલ્યાવસ્થાની દારૂણ ગરીબીમાં ખેતીના કામમાં જોતરાવું પડેલું. આથી મહેનતકશ જીવનનો પાકો અનુભવ મળ્યો. વળી વિદ્યાપીઠમાં સમાજસેવા વિદ્યાશાખાના અભ્યાસને લીધે ગામડાંના ઉત્થાનના કાર્યમાં જોડાવાનો નિશ્ચય પણ પાકો થયો. સ્નાતક બન્યા પછી પોતાના વતન ધજાળામાં 1952માં પરત આવ્યા અને માત્ર શિક્ષક ન રહેતાં ગ્રામસેવક પણ બન્યા. તેમણે પોતાના વિસ્તારમાં આદરેલી ગ્રામોત્કર્ષની પ્રવૃત્તિઓ પંચાયતી રાજના આગમનથી વેગીલી બની. ઘનશ્યામભાઈ ઓઝા જેવા નેતાઓના પ્રોત્સાહનથી તેઓ ગામડાંના રાજકારણમાં સક્રિય બન્યા.

1962થી અવસાન સુધીનાં સતત 35 વર્ષ પંચાયતી રાજની વિવિધ કક્ષાઓએ સક્રિય કામગીરી કરી અને ગામડાંના ઉત્કર્ષના કાર્યમાં મંડ્યા રહ્યા; જેનો પૂરાવો સાયલા, સુદામડા, ભીમોરા, ધ્રાંગધ્રા વગેરે ગામોને સમાવતો સમગ્ર પાંચાળ પંથક છે. જ્યાં તેમણે લોકકેળવણીનો ઉજાસ પાથર્યો. સમાજસેવા કરતાં કરતાં જરૂર પડે ત્યાં અને ત્યારે રાજનીતિમાં પ્રવેશ કરી પ્રજાના પ્રશ્નો ઉકેલવા પર ધ્યાનકેંદ્રિત કર્યું. આપદ્ધર્મ તરીકે પંચાયતોથી માંડીને સરકારમાં પ્રધાનપદ સુધીના રાજકીય હોદ્દાઓ તેમણે સ્વીકાર્યા. તેઓ ગુજરાત રાજ્યના નશાબંધી અને વનવિભાગના મંત્રી બન્યા. આ કામગીરી દરમિયાન 1990માં નાની સિંચાઈ ખાતાના મંત્રી તરીકે હવાલો સંભાળી ચેક-ડૅમો, સેફ-સ્ટેજ વગેરેનાં કામોની ઝુંબેશ ચલાવી. તેના પરિણામે 1990થી 1994નાં વર્ષોમાં અગાઉનાં વર્ષો કરતાં બમણાં કામ થયાં અને ગુજરાતના સૂકા પ્રદેશો હરિયાળા બન્યા.

સરકારો બનાવવા-બગાડવાની પ્રવૃત્તિમાં પક્ષપલટા માટે ભારે મોટી રોકડ રકમના પ્રલોભનને ઠોકર મારી પક્ષદ્રોહી બનવાથી તેઓ દૂર રહ્યા અને જાહેર જીવનમાં ગરિમાભર્યા રાજકીય જીવનનો નમૂનો પૂરો પાડ્યો. ગ્રામીણ ગુજરાતના આ સન્નિષ્ઠ કાર્યકરે આદર્શ પ્રજાસેવક તરીકે પ્રજાજીવનમાં નિશ્ચિત સ્થાન હાંસલ કર્યું. તેમણે પોતાના જીવનના અનુભવો 'વનરાનું હું તો ભાઈ ફૂલડું' (1993)માં સંગ્રહીત kryav છે.

તેમનું મૃત્યુ જેમની કર્મભૂમિ અને તપસ્થલી લોકશાળા ધજાળા ખાતે તારીખ 10મી જુલાઈ 1997ના રોજ થયું હતું. પછાત સમાજમાં શિક્ષણની ધૂણી ધખાવી આ માણસ ધૂણો બની ગયો.





## અષાઢી ગાયક હેમુ ગઢવી



સૌરાષ્ટ્રમાં 'દેવભૂમિ' તરીકે ઓળખાતો એવો પ્રાંત, જે હાલ 'પાંચાળ' તરીકે ઓળખાય છે. તે પ્રાંતમાં ચોટીલા બાજુનું નાનું એવું ઢાંકણિયા. મુખ્ય વસ્તી ચારણની. તે ગામમાં હેમુભાઈનો જન્મ તારીખ 04-09-1929ના રોજ થયેલો. જન્મથી જ તેજસ્વી અને માયાળુ સ્વભાવ. નાના એવા ગામમાં આશરે 200 માણસની વસ્તી. તેમાં સ્વ. હેમુભાઇ આખાય ગામને પ્રિય થઇ પડેલ. બચપણથી જ કુટુંબભાવના તેઓમાં સારી હતી. તે વખતે ઢાંકણિયામાં ભણવા માટે નિશાળ ન હતી, તેથી તેઓશ્રી તેમના ફૈબાને ત્યાં સાણંદ ભણવા ગયેલ. તેઓએ ગુજરાતી ધોરણ પાંચ પાસ કરેલ. હેમુભાઇના પિતાશ્રી નાનભાની આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી અભ્યાસ છોડી દીધો અને ઢાંકણિયામાં આવ્યા. પછી ખેતી કામ શરૂ કર્યું, પણ પોતે નાનપણથી જ ગાવાનો શોખ ધરાવતા હતા. ઢાંકણિયામાં રોજ સાંજે ચોરામાં ડાયરાને હેમુભાઈ એમના કોકીલ કંઠના અવાજથી આનંદ કરાવતા. હેમુભાઈનો બચપણમાં અતિ પ્રિય દુહો હતો :

કોયલડી ને કાગ, ઇને વાને વરતારો નહીં,<br>
એની જીભલડીમાં જવાબ, સાચું સોરઠીયો ભણે.

હેમુભાઈની ઉંમર ખૂબ નાની હોવા છતાં તેમના મામા શ્રી પથુદાન, કરણીદાન તથા શંભુદાનની નાટક કંપનીમાં જોડાયા. તે વખતે તેમને પગાર રૂા. 15 હતો.

સૌ પ્રથમ તેમણે ચોટીલા મુકામે 'મોરલીધર' નામના નાટકમાં કૃષ્ણની મુખ્ય ભૂમિકા ભજવેલ. ઘણું એવું સરસ કામ કરેલ. આ કંપનીમાં હેમુભાઈએ ત્રણ વર્ષ કામ કર્યું. પછી તેમણે બીજી 'તરૂણ નાટક કંપની' રાજકોટનો સંપર્ક સાધ્યો. ત્યાં શ્રી શેઠ વજુભાઈ શાહ તથા શ્રી બાપાલાલ દેસાઈના આગ્રહથી તેઓની કંપનીમાં જોડાયા. તેમનો પગાર તે વખતે માસિક રૂા. 51 હતો. આ કંપનીમાં 6 વર્ષ કામ કર્યું.

હેમુભાઇના પિતાશ્રી ગુજરી ગયા. તેમના પાછળ ઉત્તર કારજ કરવા માટે જ્ઞાતિના રિવાજ પ્રમાણે વધારે ખર્ચ થતું હતું. તેમાં શેઠ શ્રી વજુભાઈ શાહ તથા શ્રી બાપાલાલ શેઠે તે વખતે આર્થિક મદદ કરેલી તેથી હેમુભાઈ તેમના આભારી હતા.



હેમતીર્થ-ઢાંકણિયા (સાયલા)

મેઘાણીભાઈએ એકઠું કરેલું અને આપણી સંસ્કૃતિસમું લોકસાહિત્ય તેમજ ચારણી સાહિત્ય પોતાના મધુર અને બુલંદ કંઠેથી પીરસતા રહ્યા.

તેઓશ્રીને પોતાના કુટુંબ તરફ, જ્ઞાતિ તરફ

અને સમાજ તેમજ કલા તરફ બહુ જ માન અને પૂજ્યભાવ હતો. દેશસેવા માટે કંઇક કરી છૂટવાની તેમની ઇચ્છા હતી, તેથી તેઓએ ઘણા જ દેશભક્તિના ગીતો અને દેશ ખાતર મરી ફીટનારાઓની શૌર્યકથાઓ ગાયેલ છે, જે હજુ પણ આકાશવાણી રાજકોટ પરથી અવારનવાર વગાડવામાં આવે છે.

નવા-નવા પાત્ર રેડિયો ઉપર રજૂ કર્યા છે. જેવા કે ગામના ચોરામાં 'હાથીકાકા' તેમજ દર ગુરૂવારે 'ભમતારામ' તેમજ 'અબાજી ગબાજી' કાર્યક્રમમાં 'ગબાજી' જેવા લોકપ્રિય પાત્રો કરેલા હતા. તેમના મૃત્યુના આગલે દિવસે 'અબાજી ગબાજી'માં બોલેલો દુહો હતો:

નામ રહંતાં ઠાકરાં, નાણાં ઈ નવ રહંત.
કીર્તિકેરાં કોટડાં, પાડયાં નહીં પડંત.

એ હકીકત તેમના જીવનમાં પણ બની ગઈ. બસ, આ જ એમનું જીવન હતું.

(હેમાંજલી-1985ના અંકમાંથી સાભાર) અજીતદાન ગઢવી

ચડશે ઘટા ઘનઘોર ગગને, મેઘ જળ વરસાવશે,
ને, નીલવરણી ઓઢણી જંઈ, ધરા સર પર ધારશે,
ગહેંકાટ થાતા ગીર મોરા, પીયુ ઘન પોકારશે.
તે વખત આ ગુજરાતને, હા યાદ હેમુ આવશે....1
કોઈ દુ:ખી પિયરની દીકરી, બહુ દૂર દેશાવર હશે,
સંતાપ સાસરીયા તણાં, જે જીવનભર સહેતી હશે,
'કવળાં સસુર'માં જીવવાની રેકડું જ્યાં વાગશે,
તે વખત આ ગુજરાતને, હા યાદ હેમુ આવશે. ...2
ચડશે ગગનમાં ચાંદલો ને, રાત્યું નવરાત્રી હશે,
સરખા મળીને સાથીડાઓ, રાસમાં જઇ રાચશે,
ત્યાં રમણ-રાધા કાનમાં કોઈ ગીતડાં લલકારશે,
તે વખત આ ગુજરાતને, હા યાદ હેમુ આવશે. ...3
સરહદ તણાં સંગ્રામના જયાં વીર બિંગુલ વાગશે,
મા ભોમના સૂરા સપૂતોને દુશ્મનો જ્યારે પડકારશે,
ત્યાં 'ઓતરાદા વાયરા' કોઈ ઊંઘથી ઊઠાડશે,
તે વખત આ ગુજરાતને, હા યાદ હેમુ આવશે....4
મોંઘામૂલી સૌરાષ્ટ્રની-રસધાર જે રચતો ગયો,
ઈ કલમની વાચા બની તું ગીતડાં ગાતો ગયો,
એ લોકઢાળો પરજના, કોઈ 'દાદ' કંઠે ધારશે,
તે વખતે આ ગુજરાતને, હા યાદ હેમુ આવશે....5
-કવિ 'દાદ'





## ભરતગૂંથણ

પોતાના અસીમ શૌર્ય, વીરતા, આગવી કુનેહ અને મુત્સદ્દીગીરીથી જેણે એક આખા પ્રદેશનું નામ પોતાની જાતિ ઉપરથી પ્રચલિત કર્યુ એવી કાઠી કોમ પોતાના સાહસિક સ્વભાવની સાથે-સાથે તેમની આગવી કલાપ્રિયતા માટે પણ જગ વિખ્યાત છે. કાઠીઓની કલાપ્રિયતા અને સર્જનાત્મક દ્રષ્ટિનું ઉત્તમ ઉદાહરણ તેમની વૈવિધ્યસભર ગૃહ સજાવટ છે. કાઠીઓની ઉત્તમ પ્રકારની ગૃહ સજાવટનું શ્રેય કુળવંત કાઠી ક્ષત્રિયાણીઓને ફાળે જાય છે. ઇતિહાસ સાક્ષી છે કે કાળ-ઝાળ કાઠીઓ યુદ્ધભુમિમાં જેટલા પોતાની વીરતા માટે પ્રસિદ્ધ હતા. કાઠી ક્ષત્રિયાણીઓ તેટલી જ પોતાના શીલ, ચારિત્ર્ય, સતિત્વ, બલિદાન અને હસ્તકળા માટે પ્રસિદ્ધ છે.

કાઠીઓના મકાનનું બાંધકામ જ વિશિષ્ટ રીતે થતું જેમાં સુવિધાની સાથે સજાવટનો સુભગ સમન્વય થતો. મોટા ગઢ સિવાય કાઠીઓનાં ઉંચી પડથારવાળા મકાનો હડપ્પા અને સિંધુ સભ્યતાના મકાનોની બાંધકામ શૈલીને મળતા આવતા, જેથી આ મકાનોમાં ત્રણેય ઋતુઓમાં રહેવામાં અનુકૂળતા રહેતી. પરંતુ કાઠીઓના આ મકાનો ખાસ તો ઓળખાતા તેની ગૃહ સજાવટને લીધે. પછીત, ભડુ અને કરાના ભાગોએ મોતીના ચાકળા, વિંઝણા, પછીતપાટી, બગસીયું, તોરણ, કાંધીપટ્ટી, સુંથિયા જેવી અનેક મોતી ભરતની અલગ-અલગ વસ્તુઓથી સુશોભિત આ મકાનો કાઠી ક્ષત્રિયાણીઓની વિશિષ્ટ સર્જનાત્મક શક્તિની ચાડી ખાતા.

આજે પણ કાઠી સમાજ પોતાના મોતી ભરત માટે જગ વિખ્યાત છે. મોતી ભરત ઉપરાંત કાઠી ક્ષત્રિયાણીઓ દ્વારા અનેક પ્રકારનું ભરતકામ કરવામાં આવતું, જેમાં કાપડ પર સિકલ બુટ્ટીનું ભરત, કરોળિયાનું ભરત, બાવળિયાનું ભરત, ટક-ટકયાનું ભરત, નેટીયું ભરત, કાશ્મીરી ભરત ઉપરાંત સાદા ભરતનો સમાવેશ થાય છે. આ દરેક પ્રકારના ભરતમાં ભરતકામની શૈલી મુજબનું કાપડ અને સાથે હીર, સુતર, ઉન, રેશમી સુતરના દોરાનો ઉપયોગ થતો. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં ભરતકામમાં ખુબ ઝડપ અને ચોકસાઇ રહેતી તેવી માન્યતા છે. કાપડ અને દોરાના રંગ સંયોજનમાં પણ કાઠી ક્ષત્રિયાણીઓની આગવી કોઠાસુઝ અને ઠાવકાઈ જણાઇ આવતી.

કાઠી ક્ષત્રિયાણીઓ દ્વારા કરાતા ભરતકામનાં વિવિધ પ્રકારો પૈકી સૌથી વધુ પ્રચલિત સાદુ ભરત હતું જે કાઠી ભરત તરીકે અન્ય કોમમાં ઓળખાતુ હતું. હાલ પણ આ ભરતકામ થાય છે. આ ભરતકામમાં કાપડ તરીકે મુખ્યત્વે કાળા રંગના કાપડનો ઉપયોગ થતો. કાપડના રંગને અનુરૂપ લાલ, પીળા સુતરના અને ઉનના દોરાનો ઉપયોગ થતો. ક્યાંક ક્યાંક રંગોની ખાસ

અસર ઉપજાવવા લીલા રંગનો પણ ઉપયોગ થતો હતો. આ ભરતમાં ઝીણી સોય વડે કાપડ પર હેરિંગબોન ટાંકા લઈ દોરાઓથી ભરતકામ થતું. આ ભરતકામમાં મુખ્યત્વે ભૌમિતિક આકારો, વેલ, ફુલ અને પક્ષીઓની આકૃતિનો ઉપયોગ થતો. પક્ષીઓની આંખ તરીકે અથવા ફુલના ગોટા તરીકે નાના-નાના ગોળ કાચનો ઉપયોગ પણ થતો. આ ભરતકામવાળા



કાપડના ઉપયોગથી કાઠી ક્ષત્રિયાણીઓ ચાકળા, રૂમાલ, બળદની ઝુંલ, શિંગડીયું, ડમણિયુ, થેલીઓ, મળીયુ, ઓછાડ, ઓશિકા વગેરે બનાવતી. હાલ પણ આ ભરતકામનો બહોળો ઉપયોગ થાય છે અને અન્ય કોમ પણ આ ભરતકામનો ઉપયોગ કરે છે.

## શ્રીમતી મકુબા મેરૂભાઈ



શ્રીમતી માકુબા એમ. ખવડ

સુદામડા, તા. સાયલા, જિલ્લો : સુરેન્દ્રનગર.

કાઠી સંસ્કૃતિદીપ સંસ્થાની પ્રસિદ્ધ અને પ્રતિભાશાળી કાઠી ભરત (ભરતકામ) અને મોતી-હસ્તકલા એ ગુજરાતે ભારતને આપેલી મહાનતમ ધરોહર છે  એમાં કોઈ બેમત નથી. મોતીકામ (મણિકા શિલ્પ) અને ભરતકામ દ્વારા ગૃહસજાવટની વસ્તુઓ બનાવવામાં આવે છે.

શ્રીમતી માકુબા એમ. ખવડ કાઠી દરબાર પરિવારનાં છે (કાઠી ક્ષત્રિયોને લોકવ્યાપી રૂપે 'દરબાર' તરીકે ઓળખવામાં આવે છે, જેઓ જમીનદાર છે અને આ કલા-કૌશલ્યમાં પારંગત છે. તેમની પરંપરાગત જીવનશૈલી વીરત્વ, વંશીય ગુણ અને મર્યાદાપૂર્ણ વૈભવને પ્રતિબિંબિત કરે છે). તેમણે બાળપણથી જ મોતી-ભરતકામની હસ્તકલા પ્રત્યે અભિરૂચિ કેળવીને પોતાની કલામાં વિલક્ષણ પ્રવીણતા વ્યક્ત કરી છે. ત્રણ દાયકાથી પણ વધુ સમયના અપાર અનુભવ સાથે શ્રી માકુબા પોતાનાં ભરતકામયુક્ત તોરણો (મોતીકામ) પર જાણે કવિતા રચવામાં નિપુણ છે  જે અત્યંત સુંદર હોવાની સાથે સુરૂચિપૂર્ણ પણ છે. તેમણે અનેક પ્રદર્શનોમાં ભાગ લઈને પોતાના કલા-કૌશલ્યનું પ્રદર્શન કર્યું છે. શ્રીમતી માકુબાને મોતી (મણિકા) શિલ્પમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ 'સિદ્ધહસ્ત શિલ્પી'નું રાષ્ટ્રીય પારિતોષિક માનનીય પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીના વરદ હસ્તે પ્રાપ્ત થયું હતું.





## ધોલેરા સત્યાગ્રહ અને સાયલા

ગાંધીજીએ જ્યારે દાંડીમાં મીઠાના કાયદાનો ભંગ કર્યો, ત્યારે સમગ્ર સૌરાષ્ટ્ર અને ઝાલાવાડમાં પણ મીઠાના સત્યાગ્રહ શરૂ થયા. દરિયાકિનારો ન હોવા છતાં, સાયલા અને આસપાસના વિસ્તારોના સત્યાગ્રહીઓ માટે 'ધોલેરા સત્યાગ્રહ' મુખ્ય કેન્દ્ર બન્યો હતો.

સાયલા પંથકના અનેક દેશભક્તો 'ચલો ધોલેરા'ના નાદ સાથે ધોલેરાના દરિયાકાંઠે કુદરતી મીઠું ઉપાડી કાયદાનો ભંગ કરવા પહોંચી ગયા હતા.

બ્રિટિશ પોલીસના લાઠીચાર્જ અને અત્યાચારો છતાં સાયલાના સત્યાગ્રહીઓએ પીછેહઠ કરી નહોતી અને ધરપકડ વહોરી લીધી હતી.

### સાયલા રાજ્ય (દરબાર)નું વલણ :

સામાન્ય રીતે દેશી રજવાડાઓ અંગ્રેજોના ડરથી ગાંધીજીની ચળવળોથી દૂર રહેતા અથવા તેનો વિરોધ કરતા. પરંતુ સાયલાના તત્કાલીન શાસકો અને દરબારગઢનું વલણ પોતાની પ્રજા પ્રત્યે પ્રમાણમાં નરમ અને સહાનુભૂતિભર્યું રહ્યું હતું.

રાજ્યે બ્રિટિશરોના દબાણ હેઠળ દેખાવ પૂરતો કાયદો જાળવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ કરનારા પોતાના જ નાગરિકો પર અંગ્રેજોની જેમ ક્રૂર અત્યાચાર ગુજારવાનું ટાળ્યું હતું.

### સાયલા પ્રજામંડળની સક્રિયતા :

મીઠાના સત્યાગ્રહ દરમિયાન દેશભરમાં જે જાગૃતિ આવી, તેના કારણે સાયલામાં પણ 'પ્રજામંડળ' અત્યંત મજબૂત બન્યું.

સાયલાના યુવાનો અને અગ્રણીઓએ ગામડાઓમાં ફરીને ગાંધીજીનો સંદેશો પહોંચાડ્યો.

મીઠાના સત્યાગ્રહની સમાંતરે સાયલામાં વિદેશી કાપડનો બહિષ્કાર, ખાદી ફેરી અને દારૂના પીઠા પર પિકેટિંગ (ધરણા) જેવા ગાંધી ચીંધ્યા રચનાત્મક કાર્યો વેગવંતા બન્યા હતા.

### શ્રી લાલજી મહારાજની જગ્યા અને સત્યાગ્રહીઓ :

આંદોલન દરમિયાન ગુપ્ત રીતે પ્રવૃત્તિઓ કરતા કે બહારથી આવતા સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે સાયલાની સંત ભૂમિ અને ખાસ કરીને 'લાલજી મહારાજની જગ્યા' એક મોટો સહારો હતી. અહીં સદાવ્રતમાં સત્યાગ્રહીઓને ભોજન અને આશ્રય મળતો હોવાના કારણે આ પંથકમાં રાષ્ટ્રભક્તિની જ્યોત જલતી રહી હતી.

ટૂંકમાં કહીએ તો, સાયલા રાજ્ય ભૌગોલિક રીતે દરિયાકિનારે ન હોવાથી ત્યાં કોઈ મીઠું પાકતું નહોતું, પરંતુ ગાંધીજીના આહવાન પર સાયલાની પ્રજાએ ધોલેરા જઈને મીઠાના સત્યાગ્રહમાં સક્રિય ભાગ લીધો હતો અને જેલવાસ ભોગવીને ઝાલાવાડનું નામ રોશન કર્યું હતું.

# પાંડવકાલીન શ્રી ટૂંડેશ્વર મહાદેવ મંદિર



પ્રાચીન ગામ તરીકે પંકાયેલ નોલી ગામે પાંડવ કાળનું ટૂંડેશ્વર મહાદેવનું શિવાલય સુખભાદર ડેમમાં આવેલું છે. જે ઐતિહાસિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વ ધરાવે છે. જે હાલ સુખભાદર સિંચાઈ યોજનામાં જમીન સંપાદનમાં જતા નોલી પાસે સાયલા-પાળીયાદ સ્ટેટ હાઇવે ઉપર ટૂંડેશ્વર મહાદેવનું મંદિરનું નિર્માણ થયેલ છે. આ મંદિર પરિસરમાં અખંડધુણો પણ છે. શ્રી ટૂંડેશ્વર મહાદેવ મંદિર ગામના પ્રાચીન મંદિર અને આસ્થાના કેન્દ્રોમાંનું એક મહત્વપૂર્ણ સ્થાન માનવામાં આવે છે. સ્થાનિક પરંપરા અને લોકમાન્યતાઓ અનુસાર, આ પવિત્ર ધામ અનેક વર્ષોથી ભક્તોની શ્રદ્ધાનું કેન્દ્ર રહ્યું છે.

ધજા દેખી ધરપત થાય, કાળને પણ કરે કોળીયો.<br>
અડીખમ અમારો ટૂંડેશ્વર મહાદેવ ભોળિયો.

શ્રી ટૂંડેશ્વર મહાદેવ વિશે એવી લોકમાન્યતા પ્રચલિત છે કે ભગવાન શિવના આશીર્વાદથી આ સ્થાન પવિત્ર બન્યું છે અને અહીં દર્શન કરવાથી ભક્તોને માનસિક શાંતિ, સુખ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ગામના વડીલો અને ભક્તો દ્વારા કહેવામાં આવે છે કે આ સ્થાન વર્ષોથી ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓનું જતન કરતું આવ્યું છે.

શ્રી ટૂંડેશ્વર મહાદેવ મંદિર માત્ર એક ધાર્મિક સ્થળ જ નથી, પરંતુ નોલી ગામની આસ્થા, સંસ્કૃતિ અને એકતાનું પ્રતીક છે. આ પવિત્ર ધામ ગામના લોકો માટે ગૌરવ અને ભક્તિનું અનન્ય કેન્દ્ર છે, જ્યાં દરેક ભક્ત ભગવાન શિવના આશીર્વાદ અને આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરે છે.

નોલી દ. માત્રા ખાચર ટૂંડેશ્વર મહાદેવના પરમ શિવ ભક્ત હતા. ટૂંડેશ્વર મહાદેવનું મંદિર જ્યારે સુખભાદર ડેમમાં હતું ત્યારે મંદિરનો જીર્ણોધ્ધાર તેમણે કરાવેલ, અને મંદિરને જમીન આપેલ. અને તે મંદિર સુખભાદર સિંચાઈ યોજનાના કારણે જમીન સંપાદનમાં ગયું ત્યારે નવા ટૂંડેશ્વર મહાદેવ મંદિરનું નિર્માણ તેમના પરિવાર દ્વારા કહેવામાં આવેલ તે જગ્યા પર કરવામાં આવેલ.





# સુખભાદર સિંચાઈ યોજના



સૌરાષ્ટ્રમાં અવારનવાર દુષ્કાળ પડવાના કારણે પાણીની વિકટ સમસ્યા બની જતી. ગુજરાતમાં સ્વતંત્રતા પછી સૌરાષ્ટ્રમાં પાણીના સંગ્રહ માટે અને કૃષિના વિકાસ માટે અનેક મધ્યમ અને મોટા સિંચાઈ પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા હતા. સુખભાદર સિંચાઈ યોજના પણ આ વિકાસ યોજનાનો જ એક ભાગ છે. જેનાથી આસપાસના ગામોને અને કૃષિ વિસ્તારોને સ્થાયી પાણીનો લાભ મળ્યો. કેનાલો મારફતે આસપાસના ગામડાઓમાં ખેતી માટે પાણીનો ઉપયોગ થાય છે. આ સાથે આસપાસના વિસ્તારોમાં ભૂગર્ભ જળની સપાટીમા પણ નોંધપાત્ર વધારો થયો છે.

સુખભાદર સિંચાઈ યોજના એ ગુજરાતના સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લાની સરહદ પર સુખભાદર નદી પર ભડલા પાસે બાંધવામાં આવેલ મહત્વની સિંચાઈ યોજના છે. જે સુરેન્દ્રનગર, બોટાદ અને અમદાવાદ એમ ત્રણેય જિલ્લાના મળીને આશરે 20 કરતાં વધારે ગામડામાં ખેતીવાડી માટે સિંચાઈનું પાણી પૂરૂ પાડે છે. તેમજ આશરે 76 જેટલાં ગામડાઓમાં પીવાના પાણીની જરૂરિયાત પુરી પાડે છે.

**બાંધકામ, દરવાજા અને ક્ષમતા :**

આ યોજનાનું ખાત મુર્હૂત કેશુભાઈ પટેલ દ્વારા ઈ.સ.1977માં કરવામાં આવ્યું હતું. જે ઈ.સ. 1989 માં પૂર્ણ થયું. માટીબંધની લંબાઈ 2072 મીટર, મહત્તમ ઊંચાઈ 19.40 મીટર, અને મથાળાની પહોળાઈ 6 મીટરની છે. ઓગાનના 8 મુખ્ય દરવાજા અને વધારાના 12 મળીને કુલ 20 દરવાજા છે. બંધની પૂર્ણ સપાટી 109.20 મીટરની છે. મુખ્ય ઓગાનની લંબાઈ 95.12 મીટરની છે. અને વધારાના ઓગાનની લંબાઈ 141.46 મીટર છે. સુખભાદર ડેમની પાણીના જથ્થાની કુલ સંગ્રહ શક્તિ 1482 મી.ઘ.ફૂટ છે. આ બંધ બાંધવાનો સંભવિત ખર્ચ 1641 લાખ જેટલો છે.

## પાંચાળનું પ્રગટ પીરાણું : શ્રી લોમેવધામ ધજાળા



સાયલાથી 20 કિ.મિ.ના અંતરે એક દર્શનીય સ્થાન એટલે લોમેવધામ ધજાળા આવેલ છે, તેના વિશે આપણે ટૂંકવૃત્તાંત લખી રહ્યા છીએ.

આજ થી અઢારમા સૈકામા નાથસંપ્રદાયના સિધ્ધ તપસ્વી પૂ. ગેબીનાથની તપસ્થલી સોનગઢ થાન પાસે આવેલ છે, તે ગેબીનાથ સૌરાષ્ટ્રની મોટાભાગની દેહાણ જગ્યાનું ગુરૂસ્થાન છે, ગેબીનાથથી વિસ્તાર પામેલી શાખાઓ આજે વટવૃક્ષ બની ફાલી રહી છે,

જેમાં ગેબીનાથના શિષ્ય મેપા ભગત થાન, આપા રતા મોલડી મુખ્ય શિષ્ય હતા, આપા રતાના શિષ્ય જસદણ આપા જૈતા અને મેસરીયાના આપા ઝાલા હતા, કેરાળા રાણીમા-રૂડીમાના પિતા રતના ભગત અને આપા જાદરા સોનગઢ તે મેપા ભગતના શિષ્ય હતા. આપા દાના ચલાલા આપા જાદરાના શિષ્ય હતા, આપા ગીગા સતાધાર તે આપા દાનાના શિષ્ય હતા, આપા વિસામન પાળીયાદ તે આપા જાદરાના પુત્ર આપા ગોરખાના શિષ્ય હતા,

તે ગોરખાબાપુને ચાર પુત્ર હતા, જેમા લાખાબાપુ વંશમા સોનગઢ કિશોરબાપુ મહંત તરીકે બીરાજમાન છે, જયારે પુંજાબાપુના વંશમા માણાબાપુનુ સ્થાન સાયલા તાલુકાના ત્રિવેણી ગામે આવેલ છે, તેમજ ગોરખાબાપુના એક પુત્ર સામતબાપુના વંશમા, સામતબાપુના પુત્ર માસાબાપુ સોનગઢથી આવી ધજાળા ગામે કર્મભૂમિ બનાવી ત્યારે દ. શ્રી પુંજાબાપુ ખવડ અને દ, શ્રી રાણાબાપુ ખવડે (ધાંધલપુર) ઉતારાના ઓરડા અને જમીન ઠાકરના ચરણે સમર્પણ કરેલ.

કેરડો સુકલ કોળિયો, હરિયાળી હરખાઈ ।  
ધજાળે લોમેવધણી, પરગટ જોઈ પીરાઈ ।  
સમરણ કરતા સાંભળે, આરત નાદ અમીર ।  
વારે ચડશે વેગથી, પંચાળે લોમેવ પીર ।





## સ્વયંપ્રગટ દેવી વિશભુજેશ્વરી માતાજી



આસો સુદ આઠમે માતાજીનું પ્રાગટ્ય થયા બાદ આજે પણ દુર્ગાષ્ટમીના દિવસે હવન કરવાની પરંપરા છે.

નવદુર્ગાની ભાવ સાથે ભક્તિ કરવાના પાવન પર્વ નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે સાયલામાં ત્રણ સદીથી નગરદેવી તરીકે પુજાતા સ્વયં પ્રગટ વિશભુજેશ્વરી (વિહત) માતાજીના મંદિરનું પણ અનોખું મહાત્મય રહેલું છે. મંદિરના ઈતિહાસ મુજબ સાયલા રાજયના સ્થાપક મહારાજ શેષમલજી ઝાલાના બાળકુંવરને સ્વપ્નમાં દર્શન દઈ માતાજીએ કહેલ કે મારી મુર્તિ રાજમહેલની દક્ષિણે આવેલ જગ્યામાં જમીનમાં છે. તેને બહાર કાઢી પ્રતિષ્ઠા કરો.

બાળકુંવરે સવારે સ્વપ્નમાં માતાજીએ કહેલ વાત પોતાના પિતાને કરતા, રાજવી દ્વારા તુરંત માણસો બોલાવી ખોદકામ કરતા જમીનમાં સાત હાથ જેટલી ઉંડાઈમાંથી દિવ્ય સિંહાસન સહિત વીશ ભુજાવાળા વિશભુજેશ્વરીની મુર્તિ મળી આવી હતી. રાજાએ ધામધૂમથી માતાજીની મુર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરતા રાજય સાથે પ્રજાની સુખાકારી ઉન્નતિ વધવા પામી હતી. કાળા આરસમાંથી નિર્મિત થયેલ એવી માં વિશભુજેશ્વરી કે જેને વિહત માતા પણ કહેવાય છે.

તેમની મુર્તિ કોણે બનાવી, કયારે બનાવી તેમજ જમીનમાં કેવી રીતે દટાણી ? તે સર્વ પ્રશ્નોનો ઉતર ત્રણ સદીઓ બાદ પણ અનુત્તર છે. પરંતુ ભારતમાં કોઈપણ સ્થાને માતાજીના આ સ્વરૂપની મુર્તિ જોવા નથી મળતી તે પણ હકીકત છે. માર્કંડેય પુરાણમાં દૈત્યો સામેના યુદ્ધમાં માતાજીએ 18 હાથ ધારણ કરતા અષ્ટાદસ ભુજાધારી કહેવાયા હતા. જયારે મહિપાસુરને મારવા બે હાથ વધારી વીશ ભુજા કરતા જ વિશ્વભુજેશ્વરી કહેવાયા હોવાનો વરાહ પુરાણના શ્લોકમાં ઉલ્લેખ આ જોવા મળે છે.

આ માતાજી નાગર (બ્રાહ્મણ), ગોલાણી (પટેલ), રામાણી (પટેલ), શાહ (વાણિયા), સોમાણી મખીયાવિયા (ભાવસાર), સોલંકી, ચાવડા (દરજી), ટાપરીયા (ગઢવી), જોષી, ભટ્ટ, જાની (બ્રાહ્મણ) જ્ઞાતિના કુળદેવી છે.

## આઈ શ્રી લાડુબાઈ માઁ



ભક્તિથી ભવ તારિયો
દન દન કરી દાતાર
ઉજાળણ અવતાર
લાખેણી તું લાડુબા.

ખમીરવંતા ખોરડે
અવતરી તું આઇ
સ્વર્ગ સરીખે સુદામડે
બેઠી અવિચળ બાઇ



જગદંબ સમી જોગણી
દર્શનથી દુઃખ જાય
સહુની કરે સહાય
લાખેણી તું લાડુબા.

ખવડ તણાં ખોરડે
જન્મી તું જોગમાઇ
ઉજાળ્યા આ આંગણા
પુર્વ જનમની પુનાઇ.

સતનાં પંથે ચાલતાં,(ને) કરતાં સૌના કાજ;
અણનમ અમણી રાખજો, લાડુ માડી લાજ.

આઈ શ્રી લાડુબાઈ માઁની દેરી અને ખાંભી સુદામડા મુકામે આવેલી છે. લાડુમાઁનું જીવન ભક્તિમય હતું અને મહાન સતી હતા. આજના વૈજ્ઞાનિક યુગમાં પણ લોકો તેમની બાધાઓ રાખે છે અને લોકોની મનોકામના પુરી થાય છે.





પડ જુઓ પાંચાળ (ભાગ-૩ સાયલા)

## ધૂંધળીનાથ દાદાનો પરિચય અને મહાત્મ્ય



સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં આવેલું ધાંધલપુર ગામ ઇતિહાસ અને લોકવાયકાઓથી ભરેલું એક અદભુત સ્થાન છે. આ ગામના ઇતિહાસ સાથે સિદ્ધ પુરૂષ ધૂંધળીનાથ (જેઓ લોકજીભે ધૂંધળીનાથ દાદા કે ગુરૂ ધૂંધલીનાથ તરીકે પૂજાય છે) અને પાટણના રાજવી સિદ્ધરાજ જયસિંહના જન્મની રોચક કથાઓ જોડાયેલી છે.

ધૂંધળીનાથ દાદા અને આ પવિત્ર ભૂમિ વિશેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

### ધૂંધળીનાથનો પરિચય :

વાંસાવડ ગામમાં ધૂંધો નામનો એક દયાળુ કોળી રહેતો હતો. તે બજર (તમાકુ) વાવતો, ખેતી કરતો અને કમાણી ગરીબોને વહેંચીને દર વર્ષે ગિરનારના મેળે જતો. જીવદયા અને દાનના કારણે તેની ભક્તિ એટલી વધી કે સંસારના બંધનો છૂટી ગયા. ગિરનારની ગુફાઓમાં બાર વર્ષ ઘોર તપ કર્યા પછી, ગુરૂ દત્તાત્રેયની કૃપાથી તેને નવ નાથોની પંગતમાં દસમા નાથ 'ધૂંધળીનાથ' તરીકે સ્થાન મળ્યું. જોકે, નવ નાથોએ ભવિષ્યવાણી કરી કે તે ક્યારેક કાળું કામ કરશે, એટલે તેને 'સાફી' (ચલમ પીવાનું પવિત્ર કપડું) આપવાની ના પાડી. ગુરૂની આજ્ઞાથી ધૂંધળીનાથે બીજા બાર વર્ષ આબુ પર તપ કર્યું. ત્યાર બાદ ભ્રમણ કરતાં ચિતોડગઢના સંતાન વિહોણા રાણાને બે દીકરાનો આશીર્વાદ આપ્યો અને વચન મુજબ બાર વર્ષ પછી, રાણીની ચતુર ચાલ છતાં, તેજીલા રાજકુંવરને પોતાનો શિષ્ય બનાવી દીધો, જેને નામ આપ્યું 'સિધ્ધનાથ'.

ધૂંધળીનાથ પોતાના ચેલા સિધ્ધનાથને લઈને પ્રેહપાટણ (હાલનું ઢાંક) નગરી પાસે આવ્યા. ત્યાં ધૂંધળીનાથ ફરી બાર વર્ષની સમાધિમાં બેઠા અને ચેલાઓને નગરમાં સદાવ્રત ચલાવવા કહ્યું. પરંતુ પ્રેહપાટણના લોકો ભારે નિર્દય અને અધર્મી હતા; તેમણે ચપટી લોટ પણ ભિક્ષામાં ન આપ્યો. બધા ચેલાઓ ભાગી ગયા, પણ રાજવંશી લોહી ધરાવતો અઢાર વર્ષનો સિધ્ધનાથ ટકી રહ્યો. તે રોજ જંગલમાંથી લાકડા કાપી, તેની ભારીઓ વેચીને આપમેળે સદાવ્રત ચલાવતો રહ્યો. આખા નગરમાં માત્ર એક કુંભારની ડોશી જ તેને રોટલા ઘડી આપતી. બાર વર્ષ સુધી લાકડાંની ભારે ભારીઓ ઉપાડવાને કારણે સુંવાળા સિધ્ધનાથના માથામાં ઊંડું અને દુર્ગંધ મારતું ધારૂં (જખમ) પડી ગયું.

## ધૂંધળીનાથનો ક્રોધ :



જ્યારે ધૂંધળીનાથ સમાધિમાંથી જાગ્યા, ત્યારે તેમણે શિષ્યના માથા પરનું ભયાનક ઘારૂં જોયું. સિદ્ધનાથની આ દશા પાછળ નગરજનોની નિર્દયતા જવાબદાર છે તેમ જાણતાં જ તપસ્વીનો ક્રોધ ભડકે બળ્યો. તેમણે કુંભારની ડોશીને નગર છોડી ભાગી જવા અને પાછળ વળીને ન જોવાની તાકીદ કરી. ક્રોધિત ધૂંધળીનાથે પોતાની 48 વર્ષની તપસ્યા હોમીને પૃથ્વી પર ખપ્પર ઊંધું વાળ્યું અને શાપ આપ્યો: 'પટ્ટણ દટ્ટણ ! અને માયા, સો મિટ્ટી !' પળવારમાં ધરતી ધ્રૂજી, આંધી ત્રાટકી અને આખી પ્રેહપાટણ નગરી પૃથ્વીના પેટાળમાં દટાઈ ગઈ. સીમાડે પહોંચેલી કુંભારની ડોશીએ પ્રલયની ચીસો સાંભળી પાછળ જોયું. તો તે અને તેનો દીકરો ત્યાં જ પથ્થર બની ગયા. આ ઘોર પાપ બદલ નવ નાથોએ ધૂંધળીનાથની ચલમ-સાફી કાયમ માટે બંધ કરી દીધી અને તે સિધ્ધીઓ ગુમાવી ફરી રાંક ધૂંધો બની ગયા.

લોકકથા મુજબ પછી તેઓ ધાંધલપુર આવેલ. અહીં પણ ધૂંધળીનાથ અને દાડમાદાદા વચ્ચે યુધ્ધ થયેલ. આ યુધ્ધમાં ધૂંધળીનાથનો પગ કપાઈ ગયેલ અને દાડમાદાદાનું મસ્તક કપાઈ ગયેલ. (જે આપણે ઉપરોક્ત બે ફોટામાં જોઈએ છીએ. )

2001માં ભૂકંપમાં ધૂંધળીનાથની મૂર્તિને મોટા પાયે ક્ષતિ પહોંચી હોવાથી ફોટામાં જોવા મળતી ધૂંધળીનાથની મૂર્તિ 2001ની જ સાલમાં 18 (અઢાર) ટન પથ્થરમાંથી બનાવવામાં આવેલ છે.

## મહાત્મય :

ધાંધલપુરમાં આજે પણ ધૂંધળીનાથ દાદાનું ભવ્ય અને શ્રદ્ધા આસ્થાનું કેન્દ્ર સમાન મંદિર આવેલું છે. આ મંદિર સાથે એક ખૂબ જ અનોખી પરંપરા જોડાયેલી છે:

લાકડાના પગ ચડાવવાની પરંપરા. એવી દ્રઢ માન્યતા છે કે જે લોકોને પગના દુઃખાવા, વા, સાંધાની તકલીફ કે ચાલવાની સમસ્યા હોય, તેઓ અહીં આવીને ધૂંધળીનાથ દાદાને લાકડાના પગ ચડાવવાની માનતા રાખે છે.

શ્રદ્ધાળુઓ માને છે કે અહીં સાચા મનથી માનતા રાખવાથી વર્ષો જૂના પગના દુઃખાવા કે તકલીફો મટી જાય છે. આજે પણ મંદિરમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દ્વારા ચડાવવામાં આવેલા લાકડાના પગ જોઈ શકાય છે.





## પૂ. જાદરાબાપુની જગ્યા-થોરીયાળી



સાયલા તાલુકાના થોરીયાળી ગામની સીમમાં આવેલ પૂજ્ય જાદરાબાપુની જગ્યામાં દર અજવાળી બીજના દિવસે મહાપ્રસાદ આપવામાં આવે છે.

આપા જાદરા સોનગઢથી ત્યાં ઘોડેસવારી સાથે નીકળ્યા ત્યારે થોરીયાળી ગામની સીમમાં ખીજડાના વૃક્ષ નીચે વિસામો (આરામ) કરવા બેઠા. સવારનો સમય હતો અને આ ખીજડાની આજુબાજુ પોતાના માલ-ઢોર ચરાવતા માલધારીઓ અને ખેતી કરતા ખેડૂતોએ પૂજ્ય જાદરાબાપુ અને તેમની સાથે રહેલ તમામ મહેમાનોને શીરામણ કરાવેલું. તે સમયે દૂધ દોહી, ગામમાંથી ચોખા લાવી ખીર, બાજરીના રોટલા અને ગોળનું શીરામણ કરાવેલ. તમામે ભેગા મળીને શીરામણ કરેલ.

આ પવિત્ર દિવસ એટલે ભાઈબીજનો દિવસ હતો. તે દિવસે શીરામણ કર્યા બાદ પૂજ્ય જાદરાબાપુએ આ દિવસે સૌને કહેલ કે આજના ભાઈબીજના દિવસે આપ સૌ થોરીયાળી ગામના તમામ જ્ઞાતિના લોકો ચોખા, રોટલા, ખીર રાંધીને જમજો અને આ પ્રસાદીની પરંપરા ચાલુ રાખજો. આપના ગામની એકતા ટકી રહેશે અને સૌ સુખી થશો.

તે દિવસથી આજદિન સુધી આ પરંપરા ચાલુ છે. આજે થોરીયાળી ગામના તમામ સમાજના લોકો ભાઈબીજના દિવસે આ જગ્યા પર પ્રસાદ બનાવીને સાથે જમે છે. આ દિવસે થોરીયાળી ગામની દીકરી સાસરે હોય તો પણ આપાની બીજ કરવા આવે છે.

છેલ્લા 15 વર્ષથી આ જગ્યા પર થોરીયાળી ગામની જાદરાબાપુ સેવક સમિતિ દ્વારા અંદાજે 6000 (છ હજાર) વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરેલ છે. સાવ પથરાળ જમીન પર ટપક પદ્ધતિથી વૃક્ષોનો ઉછેર કરવામાં આવે છે. વૃક્ષ ઉછેરમાં ફોરેસ્ટ વિભાગ તરફથી પણ સહયોગ મળે છે.

હાલ દર અજવાળી બીજે આ મહાપ્રસાદ થાય છે, પરંતુ ભાઈબીજની પ્રસાદી તો થોરીયાળી ગામ તરફથી જ આપવામાં આવે છે. હાલ સેવક સમિતિ દ્વારા આ જગ્યાનો દિવસે ને દિવસે વિકાસ કરવામાં આવે છે. હાલ આ જગ્યામાં દાન પણ ઘણું બધું મળે છે અને આ દાનથી જગ્યાનો વિકાસ કરવામાં આવે છે.

## સાયલા સ્ટેટનું શ્રી કાશી વિશ્વનાથ મંદિર



શ્રી લાલજી મહારાજની જગ્યાની બાજુમાં અને માનસરોવર તળાવનાં કિનારે આવેલું છે, જે ભક્તો માટે શાંતિ અને આધ્યાત્મિકતાનો અનુભવ કરાવે છે. ભવ્ય કલાકૃતિથી સજ્જ તથા આરસમાં કંડારેલ વિવિધ કલાકૃતિઓ સાયલાના શાસકોનો શિલ્પ સ્થાપત્યનાં પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. સ્થાનિક પરંપરા મુજબ આ મંદિરનું નિર્માણ ઝાલા રાજવીઓના આશ્રય હેઠળ થયું હતું અને સમયાંતરે જીર્ણોદ્ધાર પણ થતો રહ્યો છે.

કાશીના વિશ્વનાથ મહાદેવના સ્મરણરૂપે તેનું નામ 'કાશી વિશ્વનાથ' રાખવામાં આવ્યું. આ મંદિર નાગર શૈલીના સ્થાપત્યનું સુંદર ઉદાહરણ છે. ગર્ભગૃહમાં શિવલિંગ સ્થાપિત છે, જ્યાં ભક્તો જળ, દૂધ અને બિલ્વપત્ર અર્પણ કરે છે. મહાશિવરાત્રિએ અહીં હજારો ભક્તો દર્શન માટે આવે છે. આ મંદિરના થાંભલા અને દિવાલો પર સુંદર કોતરણી જોવા મળે છે અને એ કોતરણીઓમાં મહારાજાઓનાં નામ તથા અનેક મૂર્તિઓ કંડારેલી છે. મંદિરનું શિખર દૂરથી જ દેખાય છે અને ભક્તોમાં શ્રદ્ધા જગાવે છે.

સાયલા સ્ટેટનાં મહારાણા મદારસિંહજી બાપુ (1924-38) નું સુંદર મજાનું તૈલચિત્ર મંદિરનાં રંગમંડપમાં દ્રશ્યમાન થાય છે. એ સિવાય ભગવાનનાં વિવિધ સ્વરૂપોને દર્શાવતા અનેક પૌરાણિક અને અલભ્ય તસ્વીરો જોઈ શકાય છે. યાત્રાળુઓને રહેવા માટે ધર્મશાળા પણ બાંધવામાં આવેલી છે, જે વિસરાયેલા સમયની યાદ આપે છે. શ્રાવણ માસ દરમિયાન અહીં વિશેષ પૂજા-અર્ચના અને રૂદ્રાભિષેક થાય છે.

સ્વામી સદાનંદ
ગાદીપતિ શ્રી સિદ્ધ ગાયત્રી શક્તિપીઠ, રાજકોટ
(મનોજ ઇન્દ્રવદન આચાર્ય)





## શ્રી સ્વામિનારાયણ મંદિર – લોયાધામ



લોયા ગામનું શ્રી સ્વામિનારાયણ મંદિર માત્ર એક મંદિર નથી, પરંતુ સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં અત્યંત મહત્વનું તીર્થસ્થાન છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે ભગવાન સહજાનંદ સ્વામી (ભગવાન સ્વામિનારાયણ) અનેક વખત લોયા ગામમાં પધાર્યા હતા અને અહીં અનેક આધ્યાત્મિક ઉપદેશો આપ્યા હતા. આ ઉપદેશો પછીથી વચનામૃતમાં 'લોયા પ્રકરણ' તરીકે સંકલિત થયા છે.

**લોયા ગામ અને ભગવાન સ્વામિનારાયણ :**

ઈ.સ. 1820-1821ના સમયગાળા દરમિયાન ભગવાન સ્વામિનારાયણ લોયા ગામમાં અનેક વખત પધાર્યા હતા.

તેઓ અહીં દરબારશ્રી સુરાખાચરના દરબારમાં રોકાતા અને ત્યાં સંતો તથા હરિભક્તોને ઉપદેશ આપતા.

વચનામૃતના કુલ 273 ઉપદેશોમાંથી 18 વચનામૃત 'લોયા' ખાતે ઉચ્ચારાયેલા છે, જે આજે પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ખૂબ મહત્વ ધરાવે છે.

**મંદિર કેટલું જુનું છે?**

હાલનું મંદિર લગભગ 200 વર્ષથી વધુ જુની પરંપરા સાથે જોડાયેલું માનવામાં આવે છે. ભગવાન સ્વામિનારાયણના લોયા આગમનના સ્મરણરૂપે અહીં મંદિર અને સત્સંગ પરંપરા વિકસતી ગઈ. ચોક્કસ બાંધકામનું વર્ષ જાણવા મંદિરના સત્તાવાર શિલાલેખ અથવા સંસ્થાના દસ્તાવેજો જરૂરી છે.

**પહેલાં અહીં કોણ હતા?**

ભગવાન સ્વામિનારાયણ પોતે અહીં અનેક વખત રોકાયા હતા. તેમના પરમહંસ સંતો અને હરિભક્તો અહીં નિવાસ કરીને સત્સંગનો પ્રચાર કરતા.

દરબારશ્રી સુરાખાચર અને તેમનો પરિવાર ભગવાન સ્વામિનારાયણના અતિ પ્રિય હરિભક્તોમાં ગણાય છે.

### હાલ મંદિરની વિશેષતા :

લોયા વચનામૃતના કારણે સમગ્ર વિશ્વમાંથી હરિભક્તો દર્શન માટે આવે છે. દરરોજ આરતી, થાળ, કથા અને સત્સંગ યોજાય છે.

રામનવમી-સ્વામિનારાયણ જયંતિ, જન્માષ્ટમી, અન્નકૂટ જેવા ઉત્સવો ભવ્ય રીતે ઉજવાય છે.

આ મંદિર આજે પણ સ્વામિનારાયણ સંપ્રદાયનું એક ઐતિહાસિક તીર્થસ્થાન માનવામાં આવે છે.

### લોયા ગામની સૌથી મોટી ઓળખ :

'લોયા એટલે વચનામૃતની ભૂમિ.' ભગવાન સ્વામિનારાયણે અહીં આપેલા દિવ્ય ઉપદેશોને કારણે લોયા ગામનું નામ સમગ્ર વિશ્વના સ્વામિનારાયણ ભક્તોમાં આદરપૂર્વક લેવામાં આવે છે.

### ભગવાન સ્વામિનારાયણનો લોયા સાથેનો સંબંધ :

ઈ.સ. 1820ની આસપાસ ભગવાન શ્રી સ્વામિનારાયણ લોયા ગામમાં અનેક વખત પધાર્યા હતા. તેઓ લોયાના પ્રસિદ્ધ હરિભક્ત સુરાખાચરના દરબારગઢમાં રોકાતા હતા. ત્યાં સંતો અને હરિભક્તોની મોટી સભા ભરાતી, જેમાં તેઓ આત્મજ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને ભગવાનના સ્વરૂપ વિશે ઉપદેશ આપતા. આ ઉપદેશોમાંથી 18 વચનામૃત 'લોયા' ખાતે ઉચ્ચારાયેલા છે, જે સંપ્રદાયના મુખ્ય ગ્રંથનો મહત્વનો ભાગ છે.

### લોયા ગામનું આધ્યાત્મિક મહત્વ :

સ્વામિનારાયણ સંપ્રદાયમાં જેમ ગઢડા, વડતાલ અને અમદાવાદનું વિશેષ સ્થાન છે, તેમ લોયા પણ વચનામૃતના કારણે અતિ મહત્વનું તીર્થસ્થાન માનવામાં આવે છે. ભારત તેમજ વિદેશમાંથી હરિભક્તો અહીં દર્શન અને સત્સંગ માટે આવે છે.

### નાગનાથ મંદિર નાગડકા :

પ્રાચીન નાગનાથ મંદિર નાગડકા ગામે આવેલ છે. નાગ પાંચમના દિવસે ભવ્ય મેળો ત્યાં ભરાય છે. નાગડકાના દરબારોનું આસ્થાનું કેન્દ્ર છે.





## સાયલાની પ્રાચીનતા અને રાજ્યસત્તાનું વિહંગાવલોકન

### સોલંકીકાલીન સાયલા :

દશમીથી તેરમી સદી સુધીમાં જે સૌરાષ્ટ્રમા વાવ, કુવા, સરોવર, મંદિરો, ગઢો બંધાયા છે તે મોટાભાગના સોલંકી સત્તા દરમ્યાન બંધાયા છે.

એમ કહેવાય છે કે સાયલાનું માનસરોવર સોલંકી કાલીન છે, માટે આપણે અનુમાન કરી શકીએ કે આજથી 800 વર્ષ પહેલા સાયલા મહત્વનુ સ્થાન હશે અને પ્રાચીન હશે.

### સાયલામાં ચભાડ (રાજપૂતોની રાજ્યસત્તા) :

ઐતિહાસિક પુસ્તક 'કાઠિયાવાડવાળા અને કાઠી રાજવંશો' લેખકઃ નાજભાઇ હ. વાળા, પૃષ્ઠ 276 ઉપર લખે છે કે,

ઈ.સ. 1243 થી 1261 સમય દરમ્યાન સિંધ થરપારકરથી પરમારો મૂળી વિસ્તારમાં આવેલ. ત્યારે વઢવાણ વિશલદેવ વાઘેલાની રાજ્યસત્તા હતી. તે સમયે સાયલામાં ચભાડ (કાઠી રાજપુતોની) રાજ્યસત્તા હતી. ચભાડના બહેન વિશલદેવ વાઘેલાના રાણી હતા. તે સમયે રાજકીય કાવાદાવાને કારણે એક તેતરના શિકારનું બહાનું બતાવી સાયલાના ચભાડો પરમારો ઉપર આક્રમણ કરે છે જેમાં,

દૂહો છે,

ચભાડ મરાણા પાચસો,<br>
સોઢા વિશુ સાત,<br>
એક તેતરને કારણે,<br>
અળ રાખી અખ્યાત,

જયારે ઝવેરચંદ મેઘાણી સૌરાષ્ટ્રની રસધાર ભાગ 2 એક તેતરને કારણે વાત લખી છે, તેમાં એક દૂહો મળે છે,

સંવત ચૌદ ચૂમોતેરે,<br>
સોઢાનો સંગ્રામ,<br>
રણઘેલે રતનાવતે,<br>
નવખંડ રાખ્યું નામ

ઉપરોક્ત બંને સંદર્ભે જોતા આપણે એવું કહી શકીએ કે આજથી 600 થી 700 વર્ષ પહેલાં ચભાડ રાજપુતોના સમયે સાયલા રાજ્યસત્તાનું મહત્વનુ નગર હશે, તે લડાઇ પછી સંભાવના છે કે કદાચ સાયલાનો ટીંબો ખવડ દરબારો આવ્યા ત્યાં સુધી ખંડેર અને ઉજ્જડ સ્વરૂપે પડ્યો રહ્યો હોય શકે ??

**સાયલામાં ખવડ કાઠી દરબારોની રાજ્યસત્તા :**

ઇ.સ. 1700 થી 1725 ની આસપાસ ખવડ કાઠી દરબારો કાત્રોડી (કુંતલપુરથી) સાયલા આવ્યા. ત્યારે તે પ્રાચીન ગામ ખંડેર સ્વરૂપમાં ઉજ્જડ ટીંબા જેવું બની ગયું હતું. ખવડ દરબારોએ સાયલાને ફરીવાર ગામને વસાવ્યું અને 25 થી 50 વર્ષ સુધી રાજ્યગાદી ભોગવી.

**સાયલામાં ઝાલાવંશની રાજ્યસત્તા :**

ઇ.સ. 1751 યા 1757 ની આસપાસ ધ્રાંગધ્રા રાજ્યના ભાયાત શેષમલજી ઝાલાએ ખવડ દરબારો પાસેથી સાયલા જીતી રાજ્યગાદીની સ્થાપના કરી ત્યારથી આઝાદી સુધી ઝાલાવંશના રાજવંશો રાજ્યસત્તા ભોગવી તેમજ વર્તમાનમાં પણ ઝાલા રાજવી પરિવાર સાયલામાં છે.

જયારે ખવડ દરબારોની હાર થતા તેઓ સ્થાળંતર કરી બે રાજ્યગાદીની સ્થાપના કરી.

(1) સુદામડા/ધાંધલપુર 28 ગામ 135 સ્કેવર માઇલ વિસ્તાર ધરાવતાં હતા.

| | | |
|---|---|---|
| 1. ધાંધલપુર | 2. સુદામડા | 3. વડીયા |
| 4. વાંટાવચ્છ | 5. શિરવાણિયા | 6. ગઢ |
| 7. ગુંદીયાવડા | 8. ખીંટલાં | 9. લાખાવાડ |
| 10. લીંબાળા | 11. ધજાળા | 12. જસાપર |
| 13. કરાડી | 14. નવુંગામ | 15. ઢીંકવાળી |
| 16. ગરાંભડી | 17. કસવાળી | 18. કોટડા |
| 19. પીપળીયા | 20. અડાળા | 21. સોખડા |
| 22. રાતડકી | 23. મોટું મોરસલ | 24. બાલાવડુ |
| 25. મંગળકુઈ | 26. ટીટોડા | 27. રાજપુર |
| 28. મોટા ભડલા | 29. નાના ભડલા | 30. નાના છૈડા |
| 31. લીંબોડા | 32. પીપરાળી (સણોસરા સાથે કેસ) | |
| 33. ગોસલ (સાયલા સાથે કેસ) | 34. ખાટડી (સાયલા સાથે કેસ) | |





(2) સેજકપર 4 ગામ 29 સ્કવેર માઇલ વિસ્તાર ધરાવતાં હતા.

ગામ (1) છડિયાળી /ઓવનગઢ (2) ધમરાશાળા
(3) સખપર (4) સેજકપર

અને આઝાદી સુધી રાજ્યસત્તા ભોગવી તેમજ વર્તમાનમાં પણ તેમના વંશજો રહે છે.

ટુંકમા સાયલા સ્થાન 800 વર્ષથી પ્રાચીન સ્થાન હતું તેવું આપણે અનુમાન કરી શકીએ.

ઐતિહાસિક પુરાવા સ્વરૂપે નિચેમૂજબના ગ્રંથો સાક્ષી પુરે છે,

'કાઠી ઇતિહાસ અને સંસ્કૃતિ' લેખકઃ ડો. પ્રદ્યુમનભાઇ ખાચરની નોંધ મુજબ ખવડ દરબારો 1725માં સાયલા આવ્યા છે. ત્યારે તે નિર્જન ટિંબો હતો ત્યાં તેઓ ત્રીસ વર્ષ સુધી રાજ્ય કર્યુ.

શેષમલજીના સાયલા હસ્તગત કરવાની નોંધ બાબતના સંદર્ભ ગ્રંથ તપાસીએ તો 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' લેઃ શંભુપ્રસાદ દેસાઈ પુ. 628 અને પુ. 694 ઉપર સ્પષ્ટ ઉલ્લેખ મળે છે, કે ગજસિંહજીની મદદમાં સાયલાના કાઠીઓ આવેલા અને શેષમલજીએ ઇ.સ. 1751 માં ચડાઇ કરી સાયલા જીતી ગાદીની સ્થાપના કરે છે.

બીજો સંદર્ભે જોઈએ તો 'મુઘલકાલ' ગુ.રા.સા. ઇતિહાસ ગૃંથ-6 પુ. 132 ઉપર રસિકલાલ પરીખ અને હરિપ્રસાદ ગં. શાસ્ત્રી ઉલ્લેખ કરે છે, કે સાયલાના કાઠીઓ પાસેથી શેસાજીએ ઇ.સ. 1757 માં છાપો મારી સાયલા જીતી લીધું.

તે ઉપરાંત

'સૌરાષ્ટ્રમાં ઝાલા રાજવંશના શાસનનો ઇતિહાસ' લેખકઃ ઇન્દ્રવદન આચાર્ય પુ. 72 ઉપર સ્પષ્ટ ઉલ્લેખ કરે છે, કે સાયલાનો પ્રદેશ ખવડ કાઠીઓ પાસેથી ઇ.સ. 1753-58 ની વચ્ચેના સમયમાં શેષમલજીએ જીતી સાયલા ગાદીની સ્થાપના કરી. છેલ્લે સેજકપર દ. કાંધા ખવડ સાથે શેષમલજીને સારા સંબંધ હતા અને ગર્વથી કહેતા કે મારા કાંધાકાકા જીવે છે ત્યાં સુધી સાયલાને ઉની આંચ નહીં આવે અને શેષમલજી દ. કાંધા ખવડનું ખુબ જ સન્માન જાળવતા અને કાકા સાહેબ કહીને બોલાવતા. તેમજ બારોટના ચોપડા મુજબ સેજકપર દ. કાંધા ખવડના પિતા દ. સામંત ખવડને કાયમી રાજ્યસભામાં આમંત્રણ આપવામાં આવતું.

-ભનુભાઈ ખવડ (સેજકપર)

# નિનામા (ગઢવાળા) ગામ



સુદલપુર ભોકો ભલોને કાં નીનામે નાંગ,
એ તો માણો ને મખવાન,
એ તો રોજ ગવરાવે રાગ

નાંગબાપુ ખાચર દાતાર હતા. ખૂબ ઉદાર હાથે સખાવતો અને દાતારી કરેલ છે. ઉપરોક્ત દુહો તેમનો કવિઓ પ્રત્યેનો અનુરાગ દર્શાવે છે.

ગુજરાતની પવિત્ર અને ઐતિહાસિક ધરતી પર અનેક એવા ગામો આવેલા છે જે પોતાનો સમૃદ્ધ ઇતિહાસ, શૌર્ય, ત્યાગ અને હૃદયમાં સમાવીને બેઠા છે. આવું જ એક ગૌરવવંતું અને ઐતિહાસિક ગામ એટલે નિનામા. જે પાછળથી ભવ્ય ગઢના કારણે 'ગઢવાળા' તરીકે ઓળખાયું અને આજે આધુનિક સમયમાં 'લાડકપુર' તરીકે નવી ઓળખ સાથે પુન: ગૌરવભેર ઊભું છે.

## ગઢનું નિર્માણ અને રાજવી વારસો :

આજથી આશરે 200 વર્ષ પહેલાં આ પંથકમાં ક્ષત્રિય પરંપરાના પ્રતીક સમાન એક ભવ્ય ગઢનું નિર્માણ કાર્ય નાંગબાપુ છેલાર ખાચર દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. નાંગબાપુ છેલારબાપુ ખાચર ખૂબ જ પ્રતિષ્ઠિત તાલુકદાર હતા અને તેમને ચાર પુત્રો હતા :

ગીગા બાપુ - લુણવીર બાપુ - ઓઘડ બાપુ - હમીર બાપુ

આ ઐતિહાસિક ગઢનું નિર્માણ કાર્ય હજુ સંપૂર્ણપણે પૂર્ણ થાય તે પહેલાં જ વિધાતાના લેખ અનુસાર નાંગબાપુ છેલારબાપુનું અવસાન થયું હતું. મૂળ નિનામા તરીકે ઓળખાતા આ ગામની ભૌગોલિક અને સામાજિક ઓળખ આ ભવ્ય ગઢના કારણે કાયમ બદલાઈ ગઈ, અને આસપાસના પંથકના લોકો તેને આદરપૂર્વક 'ગઢવાળા' તરીકે ઓળખવા લાગ્યા.

## સામાજિક તાણાંવાણા અને લોકજીવન :

ઐતિહાસિક સમયથી જ આ ગામ એક આદર્શ, સમરસ અને વિવિધતાસભર સમાજનું ઉત્તમ પ્રતીક રહ્યું છે. ગામમાં વિવિધ જ્ઞાતિના લોકો પરસ્પર પ્રેમ અને ભાઈચારાથી હળીમળીને રહેતા હતા, જેમાં મુખ્યત્વે નીચે મુજબની જ્ઞાતિઓનો સમાવેશ થતો હતો.

ખાચર દરબારો : ગામના પ્રતષ્ઠિત રાજવી, તાલુકદાર અને ગઢના નિર્માતા.

ખવડ દરબારો : ક્ષત્રિય પરંપરાના ગૌરવવંતા રાજપૂત દરબારો.





રબારી અને ભરવાડ : જેઓ પશુપાલન અને પરંપરાગત સંસ્કૃતિના સાચા વાહકો હતા.

સુવાળિયા કોળી અને તળપદા કોળી : જેઓ મહેનતકશ અને ખેતી સાથે જોડાયેલા હતા.

વાણીયા તેમજ સોની : જેઓ ગામના વેપાર, રોજગાર અને આર્થિક વ્યવહારોના મજબૂત સ્તંભ હતા.

## પ્રખ્યાત હસ્તકલા અને પરંપરાગત ઉદ્યોગ :

જૂના સમયમાં આ ગામ પોતાની વિશિષ્ટ કલાત્મક ચીજવસ્તુઓના ઉત્પાદન માટે સમગ્ર પંથકમાં ખૂબ જ પ્રખ્યાત હતું.

1. માટીની ચલમ : અહીંના સ્થાનિક કુંભારો અને કારીગરો દ્વારા માટીમાંથી સુંદર, કલાત્મક અને ટકાઉ ચલમ બનાવવામાં આવતી, જેની માંગ દૂર-દૂર સુધી રહેતી.
2. તલવારના મ્યાન : રાજપૂતી શાન અને શૂરવીરોની તલવાર માટે અહીં ખૂબ જ આકર્ષક, મજબૂત અને નકશીદાર મ્યાન તૈયાર કરવામાં આવતા હતા.

## ૨૦૦૧નો વિનાશકારી ભૂકંપ :

સમય જતો ગયો અને ગામ પોતાની પરંપરા સાથે આગળ વધી રહ્યું હતું. પરંતુ 26 જાન્યુઆરી 2001ના રોજ આવેલા વિનાશકારી ભૂકંપે આ હસતા-રમતા ગામની કાયા પલટી નાખી. આ ભયાનક કુદરતી આપત્તિમાં સદીઓ જૂનો ઐતિહાસિક ગઢ અને સમગ્ર ગામના કાચા-પાકા મકાનો સંપૂર્ણપણે તૂટી પડ્યા. વર્ષોનો ગૌરવશાળી ઇતિહાસ એક જ ક્ષણમાં કાટમાળના ઢગલામાં ફેરવાઈ ગયો અને ગામ નિર્જન જેવું બની ગયું.

## નવસર્જન : 'ગઢવાળા'માંથી 'લાડકપુર' :

વિનાશ પછી જ હંમેશાં નવસર્જનનો ઉદય થાય છે. આ કપરા સમયમાં ગામની વહારે રાજસોભાગ આશ્રમ તેમજ સરકારી સહાયની વિવિધ યોજનાઓ આવી. સંસ્થા અને સરકારના સંયુક્ત અને અથાણ પ્રયાસોથી ગ્રામજનો માટે એક આધુનિક અને તમામ સુવિધાઓથી સજ્જ નવું ગામ વસાવવામાં આવ્યું.

આ પુન:નિર્માણ બાદ, પૂજ્ય રાજસોભાગ આશ્રમ દ્વારા આ નવનિર્મિત સુંદર ગામને એક નવું અને ગૌરવવંતું નામ 'લાડકપુર' આપવામાં આવ્યું. જૂના ગઢની સ્મૃતિ કાયમ માટે જીવંત રહે તે હેતુથી, તે ઐતિહાસિક ગઢનો મુખ્ય અને ભવ્ય દરવાજો આજે પણ નવા સૂરજદેવળ મંદિરમાં આદરપૂર્વક લગાવવામાં આવ્યો છે, જે આજે પણ આવનારી પેઢીને ગામના ભવ્ય ભૂતકાળની સાક્ષી પૂરે છે.

# રાખડીનું ઋણ વીર કાંધાજી ખવડ

પ્રાચીન સમયથી રાજસત્તામાં આંતરીક ખેંચતાણના બનાવો ઇતિહાસના પાને લખાયેલ છે. મહાન રાજ્યસત્તાનું વિભાજન ન થાય માટે એક પુત્રને રાજતિલક કરવામાં આવતું અને બીજા પુત્રને અમુક ગામની રીયાસતો આપવામાં આવતી. પરંતુ ઘણા સમયે તે બાબતમાં અસંતોષ ઊભો થતો અને ભાઇ ભાઇમાં વેરનાં બીજ રોપાતાં.

રાયસિંહજી હળવદની ગાદી ઉપર ઇ.સ. 1730 થી 1745 સુધી બીરાજમાન હતાં. રાયસિંહજી ઝાલાએ પોતાના મોટા પુત્ર ગજસિંહજી ઉર્ફે ભાભાજીને હળવદની ગાદીનું રાજતિલક કર્યું. તેથી ગામગિરાસની વહેંચણીમાં શેષમલજીને અસંતોષ થયો અને હળવદની ટીલાઇત ગાદી ઉપર બેસવાના મનસુબા ઘડવા લાગ્યા. અને શેષમલજીએ બળવો કર્યો. મોટા ભાઇ ગજસિહજી ઉર્ફે ભાભાજી શાંત અને ભોળા દિલનાં રાજા હતા. મહારાજા ગજસિંહજીના રાણીઓ પૈકી એક રાણી જીજીબા ગામ વરસોડાનાં આશકરણજી ચાવડાના રાજકુંવરી. તેનું મુળ નામ લખમીદે હતું. શેષમલજી હળવદ (ધ્રાંગધ્રા)ને સલામત રાખવા માટે ભાભાજી અને જીજીબાએ ઘણાની મદદ લીધેલી તે ઐતિહાસિક ગ્રંથ તપાસીએ તો...

સંદર્ભ ગ્રંથ તપાસીએ તો 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ'' લે. શંભુપ્રસાદ દેસાઇ પુ. 628 અને પુ. 694 ઉપર સ્પષ્ટ ઉલ્લેખ મળે છે, કે ગજસિંહજીની મદદમાં સાયલાના કાઠીઓ આવેલા.

બીજો સંદર્ભે જોઇએ તો 'મુઘલકાલ' ગુ.રા.સા. ઇતિહાસ ગૃંથ-6 પુ. 132 ઉપર રસિકલાલ પરીખ અને હરિપ્રસાદ ગં. શાસ્ત્રી ઉલ્લેખ કરે છે, કે સાયલાના કાઠીઓ શેષમલજી સામે લડેલા.

તેમજ 'ઝાલાવંશ વારિધિ' ભાગ-2 પુ. 1054 ઉપર સ્પષ્ટ ઉલ્લેખ છે, કે જીજીબાને સાયલાના કાઠીઓએ મદદ કરી હતી.

પોતાના કાકાશ્રી કવાજી (બાવળી) પાસે મદદ લીધી. જીજીબાએ ધોળકા તથા વિરમગામનાં કસ્બાતિઓની મદદ લીધેલ. તે સમયમાં પેશવા સરદાર ભગવંતરાય ખંડણી ઉઘરાવવાં માટે ઝાલાવાડમાં આવેલ હતો. તેની તથા રાધનપુરના બાબી કમાલુદિનખાનની અને પુ. 1054 માં બતાવ્યાં પ્રમાણે સાયલાનાં કાઠીઓની મદદ લીધેલ. છેલ્લે જીજીબાને પોતાના ધર્મના માનેલ ભાઇ સેજકપર કાંધા ખવડ યાદ આવે છે, અને સંદેશ મોકલ્યો કે ભાઇ આજે તારી બેનને ભાઇની જરૂર છે, આજે મહાન રાજ્યસત્તા ઝાલાવાડ વિભાજિત થઇ રહેલ છે, માટે હળવદ/ધ્રાંગધ્રાની ગાદીને બચાવવા માટે વિર વહેલાસર પધારશો.





અમુક ઘટનાં ઐતિહાસિક ગ્રંથોમાં જાહેર છે, પરંતુ અમુક પ્રસંગો ભાટ, ચારણ, કવિઓ અને બારોટો પાસે સંગ્રહાયેલાં છે.તે મોટે ભાગે અપ્રસિધ્ધ છે. તેવો જ એક ઐતિહાસિક બનાવ આપા કાંધા ખવડ (સેજકપર)નો છે, તે આજે પણ ભાટ, ચારણ, કવિઓ અને બારોટો વિશેષ પોતાના સ્વમુખે કહે છે કે,

આપા કાંધાને બહેનના સમાચાર મળતા ભ્રુકુટી ઊંચી થઇ ગઇ. ધર્મની માનેલ બહેનનું ઋણ ચુકવવાં માટે એકપણ પલની રાહ જોયા વિના લાવ-લશ્કર સાથે હળવદ-ધ્રાંગધ્રાનો પંથ લીધો. ત્યાં જઇ હળવદ-ધ્રાંગ્રધાને ફરતે લાંબા સમય સુધી ઘેરો રાખે છે અને શેષમલજીને કહે છે કે, જયાં સુધી કાંધા ખવડના શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી મારી બહેન જીજીબા અને હળવદ-ધ્રાંગ્રધાને ઉની આંચ ન આવે તે જવાબદારી મારી છે. શેષમલજીને છેવટે હળવદ-ધાંગ્રધા છોડી દેવું પડ્યું.

આનંદ અને હરખમાં આવેલ બહેન જીજીબાએ ભાઇના ઓવારણાં લેવા સારૂ બે ગામ કાંધા ખવડને ભેટ આપે છે. એક રાવળીયાવદર અને બીજુ ખેતરડી. ત્યારે કાંધા ખવડ કહે છે કે બહેનના ગામ લેતા ભાઇ ન સારા લાગે, બહેનના ગામ લઇને શું કરવું. ગામ લેતા નથી તે ગામ માંગણિયાતને ભેટ આપી દીએ છે.

સમય જતા એક મહત્ત્વની ઘટના ઘટે છે. હળવદમાં કોઇક એક પસંગ છે અને કચેરીમાં કાંધા ખવડની ગેરહાજરી છે, ત્યારે સત્યવકતા બારોટજી ગજસિંહજી ઉર્ફે ભાભાજીને માર્મિક શબ્દો કહી કાંધા ખવડની યાદ અપાવે છે.

ભાભા જસા ભૂલમાં,
જો નર કાંધો ન હોત.
તો અઢારસો આવત નહિ,
હળવદ શેષમલ હોત.

(હે ભાભાજી આજે કાંધા ખવડ કેમ નથી ? કેમ ન યાદ આવ્યા ? જો તે દિન કાંધા ખવડ ન હોત તો આ ગાદી શેષમલજી પાસે હોત.)

(બારોટના દુહામાં ગજસિંહજીને ભાભાજી કહીને સંબોધન કરે છે. કારણ કે બીજું નામ ભાભાજી હતું. તેનો ઉલ્લેખ ગુ.રા.સાં ઈતિહાસ 'મરાઠાકાલ' ગૃંથ-7 પુ. 73 ઉપર હરપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી કરે છે.)

ભાભાજીને અફસોસ થાય છે, અને કાંધા ખવડને હળવદ બોલાવે છે, અને તેમના કાયમી

ઉતારા માટે એક રાજ તરફથી મકાન કાઢી આપવામાં આવે છે.

કાંધા ખવડ હળવદ આવે છે , ત્યારે બારોટ બિરદાવે છે.

જાતી ઝાલાવાડ,
તે કાઠી રાખી કાંધલા.
મેં વાતું મેવાડ,
સુણીયુ સામતરાઉત.

(હે સામત ખવડના પુત્ર, હે કાઠી કાંધા ખવડ તે આ જાતી ઝાલાવાડ રાખી છે, ત્યારે હું મેવાડ હતો ત્યાં સુધી તારી યશગાથા મે સાંભળી છે.)

આભ ને હળવદ એક,
ખડહડતું રાખ્યું ખવડ.
કર આપે ન ટેક,
સાબત સામતરાઉત.

(હે સામત ખવડના પુત્ર આપા કાંધા, આ આભને અડે તેવી યશોગાથા લઇને બેઠેલા હળવદને ખડહડતું એટલે કે પડી જતા બચાવ્યું છે. તારી એક ટેક છે પ્રાણ રહે ત્યાં સુધી કોઈને કર ખંડણી આપતો નથી આ અટંકીપણુ જગત જાણે છે.)

કાંધા કરમ તાહળુ,
અડયું આભ લગે,
પડવાં આવે પગે,
સુબા સામતરાઉત.

(હે સામતના પુત્ર કાંધા ખવડ તારા પરાક્રમની કીર્તિ આભે અડતી હોય તેવી છે, તારા પરાક્રમને કારણે મોટા સુબા પણ તારા પગમાં પડે છે.)

આ વિરવર કાંધા ખવડે ભાણેજ માટે ભડલીને ભાંગેલું, કાંધાજી ખવડની મદદથી મુળુ ખાચરના પુત્રોએ ચોટીલા મેળવ્યું. (સંદર્ભે વોટસન) તેમજ છેલ્લે શેષમલજી દ. કાંધા ખવડને કાકા સાહેબ કહીને બોલાવતા અને શેષમલજી કહેતા કે મારો કાંધોકાકો જીવે છે ત્યાં સુધી મારે સાયલાને કોઈ ઉની આંચ નહીં આવે. તેમજ બારોટના ચોપડા મુજબ સેજકપર દ. કાંધા ખવડના પિતા દ. સામંત ખવડને કાયમી રાજ્યસભામાં આમંત્રણ આપવામાં આવતું. તેમના





પુત્ર મોકા ખવડે જયારે સુદામડા ઉપર માળીયાના ડોસાજીનું પાળ આવેલ ત્યારે સેજકપરથી લશ્કર લઇ સુદામડાને મદદ કરેલ જેમાં ડોસાજીને હાર થઇ.

ફરીવાર માળીયાનું પાળ સુદામડા આવેલ ત્યારે સેજકપરના વોળદાન ખવડ સુદામડામાં વિરગતી પામેલ.

કાંધાજી ખવડના ભાઇ વૈજા ખવડ કરાડી ગામે એક રબારીની દીકરીની આબરૂ બચાવવા માટે મિયાણા સામે લડતા વિરગતીને પ્રાપ્ત કરેલ. કાંધાજી ખવડના ભાઇ લખા ખવડના પુત્ર મેસુર ખવડે શિરવાણીયા ગામ માટે હડદડ ગામ ભાંગ્યુ અને શિરવાણીયાનો બદલો લીધો. આવા અનેક પ્રસંગો ઇતિહાસના પાને અમર છે.

તે સામત ખવડના પુત્ર કાંધા ખવડ અને બીજા પુત્ર લખા ખવડના વંશજો હાલમાં સાયલા તાલુકાના સેજકપર ગામે રહે છે અને આઝાદી સુધી ચાર ગામની રાજ્યસત્તા ધરાવતા હતા.

## ધાંધલપુરની ઢેલડી

પુર્વજ પરંપરા અને લોકમુખે એક પ્રખ્યાત દુહો છે,

ધાંધલપુરની ઢેલડી, બરવાળાનો મોર
હરખાના હિલોળામા ઘેલાશો ગળકા ખાય,

ધાંધલપુરના ખવડ દરબારોના રાજસત્તામાં હરખાશેઠ નગરશેઠ અને ખૂબજ સુખી-સંપ્પન શેઠ હતા.

હરખા શેઠની દીકરીને પરણવા ઘેલાશાના દીકરાની જાન આવેલ. જાનના ગાડાના બળદ અને ઘોડાને રૂપાના મોવડ, મોરા હતા. એટલે જાન તરફથી ભલામણ કરી કે ધ્યાન રાખજો કિંમતી સામાન છે.

હરખા શેઠે હસતા હસતા કહ્યું કે કોઇ વાંધો નહીં.

તમામ જાનના બળદ અને ઘોડાને બાંધવા માટે ખીલા અને સાંકળુ રૂપાની હતી તેનાથી બાંધ્યા.

જયારે જાન વળાવી ત્યારે હરખા શેઠે કહ્યું કે 'આ સાકળને ખીલા પણ તમારે લઇ જવાના છે.'

તમારે રૂપાના મોરા છે, અમારે તો ખીલાને સાંકળું પણ રૂપાની છે.

## શ્રી નેમીશ્વર જૈનતીર્થ – ડોળિયા



ગરવી ગુજરાતની સૌરાષ્ટ્રની ધરતી પર સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં રાજકોટ તરફ જતા નેશનલ હાઈવે પર ડોળિયા ગામ આવે છે. અહીં નેશનલ હાઇવેને અડીને જૈન ધર્મના આસ્થાના પ્રતીકસ્થાન શ્રી નેમીશ્વર તીર્થ ડોળીયા આવેલ છે.

આ જૈન દેરાસરની સ્થાપના વિક્રમ સવંત 2042 ઇ.સ. 1986 માં થઈ હતી. આ તીર્થનો પાયાથી વિકાસ કરવા માટે મારૂ પરિવાર દ્વારા તેમના શ્રીમતી મોતીબેન લખમણભાઇ મારૂ પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડોળીયા મુકામે 6933 ચોરસ વાર જમીન ભેટ આપી અને પાયાના વિકાસમાં સહયોગ આપેલ હતો. આમ મારૂ પરિવારનો આ દેરાસરમાં પાયાના વિકાસમાં તન-મન-ધનથી મોટો સહયોગ રહ્યો છે.

આ જૈન દેરાસરના મંદિરના પ્રથમ ગૃહમાં જૈન ધર્મના 24માં તીર્થંકરો પૈકીના 22 માં તીર્થંકર મૂળનાયક તીર્થંશંકર શ્રી ભગવાન નેમિનાથ બિરાજમાન છે. જેવો પોતે યાદવકુળ એટલે કે કૃષ્ણ ભગવાનના કુળમાંથી આવે છે. જેવો મૂળ દ્વારકાના વાસી હતા અને ભગવાન શ્રીકૃષ્ણ અને નેમિનાથ ભગવાનના પિતા બંને સગા ભાઈઓ હતા. નેમિનાથ ભગવાનના પિતાશ્રીનું નામ સમુદ્રનાથ હતું.

ભગવાન નેમિનાથ શંખપ્રિય હતા અને જેઓએ જરાસંઘ સાથેના યુદ્ધમાં શંખનાદ કર્યો હતો. જેથી ઓળખ રૂપે તેમની મૂર્તિમાં શંખ રાખવામાં આવેલ છે. જેઓ જીવ દયા પ્રેમી હતા અને તેમનું પાયાનું સૂત્ર અહિંસા પરમો ધર્મ છે .

જ્યારે દેરાસરના ઉપરના ગ્રહમાં 23માં તીર્થંકર શ્રી ભગવાન પાર્શ્વનાથ પંચધાતુની મૂર્તિમાં બિરાજમાન છે અને જેમનું ઓળખ ચિહ્ન નાગ છે.





## દરબાર ભોકા ખવડની ભલમનસાઈની કથા



સુદામડા ગામની મધ્યે કાઠિયાવાડના ઉગમણા છેડે ચોટીલાથી ઉગમણું 12 ગાઉ દૂર નીંમણી નદીના કાંઠે એક અનેરી સંસ્કૃતીના ધણીનું ગામ છે. એક દિ આ ગામ માથે મિંયાણાનું ધાડુ ગામને લુંટવા-ધમરોળવા અચાનક આવી ચડ્યું. કાઠી ભાયાતોને ભેગા કરવા જેટલો વખત પણ ના રહેવા પામ્યો, ત્યાંના ખવડ શાખાના કાઠી દરબારે બુંગીયો વગડાવી હાકલ કરાવી કે, ‘આજે સુદામડે લાજ સૌની ભેળી છે, સરખે ભાગે સુદામડા વેંચાશે પણ સુદામડાનું પાણી જાય નહિ.’ આ સાંભળી બ્રાહ્મણ, ડાંગશીયા, કાંગશીયા, કોળી, રજપુત, ચમાર, રબારી, ભરવાડ, હરીજન, મીર, મીંયા, ઘાંચી, સઇ, સુતાર, લુહાર, ઢોલી, બાવાજી... ટુંકમાં અઢારે આલમ હાથમાં જે હથિયાર જડ્યું તે ભાલા, કુહાડી, તલવાર, બંધુક, ધારીયા, બરછી, કોદાળી, લાકડી, ગોફણ-હાથુકિયા કરવા પાણા, લાકડા, ઇંધણા લઇને આવતલ પાળ ઉપર તુટી પડ્યા, અને સુદામડાને પાદર લોહીલોહાણની ખુંદણ મચાવી દીધી. નીમણી નદીનું પાણી લોહીના લાલ રંગે રંગાઇ ગયું અને એના શેરડા લીંબડીના ભોગવામાં ભળ્યા. આ વાતની શાખ પુરે છે કે સુદામડાની કોઇ કોમ ગરાસના ટુકડા વિનાની નથી. આવી તો સુદામડાની ભલાઇ અને બડાઇની અનેક વાતો છે. તેવી વાતોમાં એક સુદામડાના દરબાર ભોકા ખવડ છત્રીસીના રાજવી અને દિલાવર આદમી. જેમના પિતા ગોદડ ખવડ વીર રાજવી હતા. તેમના સમયમાં રાજ્ય ખુબ શક્તિશાળી બન્યું હતું.

તેમણે ચારણ કમા પાલીયાના પુત્રીના વિવાહ રૂપી યજ્ઞમાં આઠસો ઘોડાના દાન આપ્યા હતા.

સાયલાના મુખ્ય અંગ્રેજ અફસરે ધાંધલપુરને બ્રિટીશ સત્તામાં ભળવા પત્ર મોકલ્યો. પણ તેઓ ભળ્યા નહિ. આથી વઢવાણ અને સાયલાનું કટક સવંત 1855 માં ધાંધલપુર ચડી આવેલ. જેને કારમો પરાજય આપી પાછું હટાવ્યું હતું. સવંત 1856 માં જુનાગઢ નવાબ હામીદખાનની વિશાળ ફૌજ ખંડણીની લૂંટ કરવા આવી પહોચી. દાડમા દૈત્યની ધાર પાસે એનો પડાવ હતો અને ધાંધલપુર ગઢનો ઘણા દિવસો સુધી ઘેરો ઘાલ્યો. તોપોના હુમલા કર્યા. પણ દરબાર ગોદડ

ખવડે મચક ના આપી. જુનાગઢના સૈન્ય પડાવમાં સુરંગ લઇ જઇ વિસ્ફોટો કરી મોટુ ભંગાણ સર્જી પાછું હટવા મજબુર કર્યુ.

'નર ગોદડ ને નવાબ, લડીયા ત્રણ મહિના લગી
પરવત મોટા પહાડ, ધુંખળા નાલુ ને ધુંવે
નોતી ને નવી કરી,ગઢ જુના ને ગાળ
બાબી અક્કલ બાર, ખીજવીયો ગોદડ ખવડ
ભડ ગોદડથી ભડકચી મહિપત મેલી માણ
રાત લઇ રસ્તે પડ્યો બોલી હામદખાન'

આવા પ્રતાપી ગોદડ ખવડના પટાધર કુંવર ભોકા ખવડ અને તેવા જ જસદણ રાજ્યમાં અજાનબાહુ વિચારવંત ડાહ્યા રાજવી આલા ખાચરના રાજ તપે. જસદણમાં તે દિ ધાનનો ધરવ હતો, એને ચોપાડે ત્રીસો તારીખે અન્નધાનના રંધેડા પરોઢીયેથી અધરાત સુધી ચાલે. અને દરબાર આલા ખાચર જીવ્યા અને રાજ કર્યુ ત્યાં સુધી જસદણને ગામતરે જનાર કોઇ ભુખ્યો ન જાય એવુ નામધારી દરબારને નીમ. કોઇ માણસ હટાણું કરવા આવ્યું હોય, ખડ કે ઇંધણનો ભારો વેચવા આવ્યો હોય પણ ચોપાડે જાય એટલે પેટ ભરી એને ભોજન મળતા. નાતજાતના કે ખાનપાનના કોઇ ભેદ આ રસોડે નહતા. અમીર ઉમરાવથી માંડી ઘોડાર્યના ઠાણીઓ અને ગાયોના ગોવાળ સુધીની એક સાથે થાળીઓ પીરસાય. તે કોંઠીબાની કાચળી ને મિષ્ટાન સુધી કોઇની થાળીમાં કશો ભેદ નહિ. એટલા કારણે જ 'રાજધાની' શબ્દ વપરાતો. દરબાર આલા ખાચર જમવા પગંતની વચોવચ્ચ ચાકરો નાખી બેસે અને બધાને આગ્રહ કરી જમાડે.

'સૌને શીખવ્યુ આલો, આલો, આલણા,
નાકારો ભણીયો નહિ, કદિયે કાઠીડા.'

તેઓ ઉત્તમ અશ્વો રાખતા અને ઘણા દાન પણ ચારણોને આપ્યા છે,

'કવિયા તેં કેતા કીયા, ઘરેઘર ઘોડા થા;
તેથી અમર કીત વરી, તું ને વાછાહરા.'

ભુરાભા ચારણની નજરમાં દરબાર ભોકા ખવડનો રેડીઓ અશ્વ વસી ગયેલો હતો.

હવે વાત એવી બની કે દશેરાના દિવસે દરબાર ભોકા ખવડની ડેલીએ દેશી-પરદેશી માણસો આવી ગયા છે. એમાં એક પરજીયા ચારણ ભુરાભા જેહળ ચારણ સોદાગર આગલી રાતે આવી પહોચ્યાં. ભુરાભાને સોદાગરીમાં બુંદિ, કોટા, અલ્વર જેવા રજવાડામાં ગરાસ-





ઇનામ મળેલ. દશેરાની આગલી રાતે ભુરાભાએ ભોકા ખવડના પ્રસિધ્ધ ઘોડા 'રેડીઆ'ની માંગણી ઇ વખતના પાંચ હજાર પૂરા આપવાના મોંઘા મૂલે કરી.

દરબારે જવાબ આપ્યો કે, 'ભા ભુરા આ રેડીનો પહેલી ઠાણનો વછેરો મારાથી કેમ દેવાય ? નાણાની કિમંત નથી, પણ આ ઘોડાઉ ઉપર આપણી જાગીર બંધાણી છે. ભુરા જેહળ કહે, 'દરબાર, આ વખતમાં સારા ઘોડા મો માંગ્યા દામે મળે ! પણ આતો તમને મારા પર ભાવ છે એટલે ખટાવવા.'

દરબાર ભોકા ખવડ કહે 'ભા ભુલી જાઓ, આ વાત ના ઉચ્ચારતા.'

ભુરા જેહળ કહે, 'દરબાર, તમને પસ્તાવો થશે, ઘોડાનો ઘરાક અને બાપનો મારતલ એક જ વાર ઝપટે ચડે.'

દરબારે કહ્યુ, 'ભુરા ભા, સવારે ડાયરા કહુંબા પછી વાત, સુરજડાડા પસ્તાવાનો વારો નહિ આવવા દે એવુ આપડે કરશું.' ભુરાભા રાજી થયા કે કાલે સવારે રેડીઓ હાથ આવશે.

પણ એ ઘોડોય કેવોક,

'ખેડી ખેડી જો એ તોય, નેડી નેડી કરે ખોત,
બાગે એડીયે મેડી, મેડી મેડી બાજ.
બેડી જો હોય તો કેદી સપતસ સકે બેડી
ઉબેડી જે બેડી તો ન બેડી શકે આજ.'

વારંવાર જેને ખેડી (દોડાવી)ને જેનું પાણી માપવામાં આવે તો પણ એની ચાલ જોતા બીજી ચાલનો સ્નેહ ભુલાઇ જાય છે. એવો અશ્વ જેની જોડ જો જગતમાં શોધવી હોય તો સૂર્યનારાયણના સાપતાશ અશ્વોમાં જ મળે એવા આ ઘોડાની બરોબરીનો બીજો ઘોડો આ ધરતી પર દુર્લભ છે.

'દિ ઊગ્યા તિમિર ટળ્યા, આવ્યો દશેરાનો દિ'

ડાયરો જામ્યો છે, મીર માગણીઆત સતાર પર ટેરવા ફેરવી મુંજરા કરે છે. ડેલી આગળ ત્રાંબાળુ ગડહડે છે. મીઠા સુરથી લંઘાના મોઢે શરણાઇમાં પરજના ઢાળે રાસડા સોળાવાગી રહ્યા છે. બરોબર ડાયરો દસેક વાગ્યાના સુમારે જેને તળપદી ભાષામા કુણાં બપોરે કહીએ તે ટાણે મુળીથી મુળુભાઇ રતનુ જેના પર દરબાર ભોકા ખવડ ખૂબ ભાવ રાખે છે તે મોજ લેવાના ઉદેશ્યથી આવેલ છે. ધોયેલ ધકોએલ પણ થીંગડા દિધેલ જાડા વસ્ત્ર ધોળાફુલ જેવા પહેર્યા છે. ઝીણીઝીણી હજામતમાં પળીયા (ધોળા વાળ) કોક કોક ટબકે છે. અંગમાં દૂબળ પણ ચાળી કરે છે. ચોરણાના પાયચાની ધુળ ખંખેરી, થીગડ થીગડ પગરખા આઘા ઉતારી, 'જે માતાજી,

ખમ્મા દરબાર ભોકા ખવડ, ખમ્મા કાઠીયા જામને' એમ કહી ડેલીના પગથીયા ચડી આસન લીધું. દરબાર મુળુભાઇને ભાળી ખુશ થયા, ખબર અંતર પુછ્યા, ત્યાં તો છાશું પીવાની (જમવા) હાકલ થઇ, ડાયરો જમવા ઉઠ્યો, દરબારે કહ્યું કે આજ આપણે જમ્યા પછી પાહા ઢાળ (આડે પડખે આરામ) કરવો નથી. વાણંદને કહે કે રેડીઆને શણગારી સવારીએ જવાની તૈયારી અટાણથી કરો, અને તેને એકકોર બોલાવી કોઇ ના સાંભળે એમ મુળુભાઇ ગઢવીની હજામત કરવા હુકમ કર્યો, વાણંદે મુળુભાઇને વાત કરી અને મુળુભાઇ સમજી ગયા કે હજામત (દાળદાર) કાઢવાનો હુકમ કર્યો છે એટલે આજ આનંદનો પાર નથી.

જાય દુ:ખ જાસણા તણા તું જમદર જેવો
કોઇ દી કેરડીયે ભાંગે ન દાળદર ભોકલા

ભેદુના ભેદ મુળુભાઇ પારખી ગયા. એમનુ જમણી આંખનું ઉપલું પડખું, જમણું અંગ ફરકવા લાગ્યુ અને હથેળીમાં ઝીણી ઝીણી ખંજવાળ આવવા લાગી. ચતુર ચારણ ધન પ્રાપ્તિના શુકનમાં રાચે છે. ડાયરો જમીને ડેલીએ આવ્યો ને બેઠક વળી. દરબારે કુંવર ગોલણ ખવડને રેડીઓ લઇ આવવા કહેતા, બે ખાસદારો વાઘે ચોટ્યા આવે છે. બાજીઆ નાખતો હાવળ્ય પર હાવળ્ય દેતો આભ ધરતી ગજાવતો રેડીઓ ઘોડો ડેલીની ગડારે આવી હમચી ખુંદવા માંડ્યો.

દરબાર ઊભા થયા ને બોલ્યા કે, 'લ્યો મુળુભાઇ રતનુ, સુરજડાડાના હુકમથી આ રેડીઓ ઘોડો દાનમાં આપું છું. દેવીપુત્ર આશીષ દેજો ને દાદા સુરજભાણ આપને સુખી રાખે. લ્યો ઝાલો વાઘ અને ભુરાભાને સંબોધીને કહ્યું આપણને પસ્તાવાના વખત ના દિયે એ વાતના સાક્ષી રેજો. ભુરાભા ગઢવીએ પણ ભલકારા દીધા. મુળુભાઇ શીઘ્ર કવિ હતા,

'ચોટીલે ડુંગર ચડી, મેં તો જોયો જમીદાર
પણ આતો સુદલપર સરદાર, ભલપનું છત્ર ભોકોખવડ'
'કેદિક હોય કરવરૂ, વેણે હોય કણે પણ હાણ્ય,
તે'દિ ખવડ અમારે ખાણ્ય, ધાનની ભરીઅલ ભોકલા.'
'કવ કાવ્યને તાંતે કરણ, રંગ પાતર હર રાણ,
જેદી મેલે દરીઓ માણ, તો ભાણ ન ઉગે ભોકલા'

(કવિઓ ગહેકતા હોય, સીતાર વાગતા હોય, ત્યારે રંગનો પાંતરે, નય તો દરીયો માજા મુકે અને સૂરજ ના ઉગે.)

'નવરસે નિગ્રામ, અજંવાળુ કરે અરગ
જોતું ખવડો ના જામ, ભણ્ય નાકારો ભોકલા.'





'ભોકાણંદ ભેટ્યે પછે, ભડ કો બીજા ને ભેટવા
એતો મોવેસર મુકે, કરતા ભૂતાનાં ભજન'
'ચોથે પહોરે છેક, માનાહર મોળો રવિ,
પણ વૃધ્ધ પણ મોજ વિશેક ભણીએ તેણી ભોકલા.'

દરબાર ભોકા ખવડના કુંવર ગોલણ ખવડે મુળુભાઇને કોરાકડાક બગલાની પાંખ જેવા પોશાક, દશેય આંગળીઓમાં હેમની વેઢ પહેરાવી તથા સાતભાર સોનાની ઉતરી (અઠંગો ગુથેલ ચગદામાં બીજના ચંદ્ર આકારે ચગદુ ઘૂઘરીઓવાળું સોનાનું) પહેરાવી લાવ્યા.

દશેરાના વળતે દિવસે મુળુભાઇ વિચાર કરે છે કે તેઓ આ ઘોડાનું શું કરશે ? ત્યાં તો સામેથી ખવડે કહ્યું કે તમે આ ઘોડો જસદણ આલા ખાચરને ત્યા લઇ જાવ એને ગળે વાત છે ત્યાં તમારી કદર થાશે, ભુરાભા ગઢવી આપને આલા ખાચર સાથે નત્યનો નાતો (ગાઢ સબંધ) છે. એમને કેજો કે રેડીઓ ઘોડો તમારી ઘોડારનું રૂપ થાય એમ માની માગણી ઘણીવાર મોકલી પણ મારાથી એ તમને ના દેવાણો પણ આ ચારણની કદર કરી રેડીઆનું પુરૂં મુલ ચુકવજો.

ભુરા જેહળ રાજી થયા અને મુળુભાઇ રતનુની મોર જસદણ પહોચી આલા ખાચરને બધી વાત કરી નાખી. આલા ખાચરના અચંબા નો પાર ના રહ્યો, તેરસના પ્રભાતે મુળુભા જસદણ પહોંચી ઘોડાની હાવળ્ય અને ડાબલાની ધણેણાટી દેખાડી, આલા ખાચરનો ડાયરો, ભાયાતો, સરદારો સૌ ઘોડાને રંગ દેવા લાગ્યા. દરબાર આલા ખાચરે મુળુભાઇને દાશોંદિ પદે સ્થાપ્યા. કુંટુબને જસદણ તેડાવી વસાવ્યું. તે પછી દેવદિવાળીના ડાયરે રેડીઆ ઘોડાની કિંમતમાં ચૌર્યાસી પાદરમાં ખળે ખળવટે માણ્યું ધાન અને શેરડીના વાડે વાડ દિઠ એક લીલુ ગોળ અને સાત સાંઠાનું સાલિયાણું જસદણમાં ખાચર વંશનુ રાજ તપે ત્યાં સુધી કરી આપ્યું જે ભારતમાં વિલિનીકરણ સુધી અમર રહ્યું.

ગરાસ એની વાત ન ગણવી, પણ હાથ વડાળે વધુ હલો
કંઇ રાજા જોયા જોખથી, એમા ભોકો સૌથી નપટ ભલો

કથા સહયોગ: શ્રી મુળુભાઇ પાલીયા

પ્રતાપી દરબાર ભોકા ખવડની દેરી જે સુદામડા ગામમાં આથમણી દિશાએ આવેલી છે ત્યા એકાતરો તાવ અને પ્રસુતાની પીડા માટે આડા ભાંગવાની માનતા લોકસમાજમાંથી આજે પણ વૈજ્ઞાનિકયુગમાં આવે છે.

## નરવીર ગોદડબાપુ ખવડ



ધાંધલપુરની કચેરીએ ખરે બપોરને ટાણે ડાયરો જમીને ઊભો થયો છે, ત્યાં સમાચાર મળ્યા છે કે વંટોળની જેમ જુનાગઢનું સૈન્ય પંચાળમાં પ્રવેશી ચુક્યું છે અને ધાંધલપુર પર જ ત્રાટકવાના છે. કાઠિયાવાડ માં તે'દી અંધાધુંધીનો માહોલ. ગીરાસ માટે રજવાડાઓના અંદરોઅંદરના ઝઘડાઓ અને ખંડણીઓ, મરાઠાઓની મુલકગીરી અને પેશકશી, અંગ્રેજોની જમાબંદી, જુનાગઢની જોરતલબી તથા બધા રજવાડાઓ બીજાની સરહદમાં લુંટમાર જ કરતા હતા. આખું કાઠિયાવાડ નાના-મોટા અનેક રજવાડાઓમાં વહેંચાયેલું. જેમા રાજસંસ્થાનો, તાલુકા, ગામ તો કોઇ કોઇ નેસડાઓના પણ ધણી હતા. જેનું પાછળથી અંગ્રેજોએ વહિવટી માળખા, આવક, વિસ્તાર અને પોતાના અનુકુલન મુજબ વર્ગીકરણ કર્યુ હતું.

અવરતીયા કાઠીઓમાં ખવડ જ તાલુકદારી ધરાવતા હતા અને તેમના બે રજવાડા હતા. સુદામડા-ધાંધલપુરના 28 ગામ અને સેજકપરના 4 ગામ.

લગભગ દરેકને સીમાડાનો કજીયો રહેતો પણ જુનાગઢ જેવું મોટું રજવાડું કોઇ કારણ વગર 28 ગામના રજવાડા પર ત્રાટકવા શું કરવા ચાહે ? આખો ડાયરો ચકિત અને વિચાર વમળમાં ફસાયો અને દરબાર ગોદડ ખવડ પર નજર કરી. ગોદડ ખવડે કહ્યું : નવાબ ભલે આવે એ તો આપણું મહત્વ વધારવા જ આવે છે. પંચાળના કાઠીઓની મેમાનગતીનો સ્વાદ એ ભુલશે નહિ.

ધાંધલપુર ગઢની દિવાલોની મરમ્મત અને નવા મીનારાઓ સુદામડાથી રાજધાની ધાંધલપુર ખસેડી (ઇ.સ.1790) ત્યારથી નિર્માણ પામી ચુક્યા હતા તથા પ્રાચિન વાવનું પણ સમારકામ થઇ ગયું હતું.ગોદડ ખવડે ગઢ ફરતે ચોકિયાતો બેસાડી દીધા. અનાજ-પાણીનો પર્યાપ્ત સંગ્રહ કરાવી દીધો. આસપાસના ગામડાઓમાં નાતીલા કાઠીઓને પણ તૈયાર રહેવાના વાવડ મોકલાવ્યા, ભંકોડાના ભુપતસિંહને પણ કહેણ મોકલાયું. જેની સેનામાં સારા તિરાંદાજો હતા.





હજી થોડાક વર્ષ પહેલા સાયલા અને વઢવાણે સવંત 1850 માં ધાંધલપુર ઉપર ચડાઇ કરી હતી અને તેઓ હારીને પરત ફર્યા. પરંતુ આ વખતે જુનાગઢ જેવી વિશાળ શક્તિ સામે અજેય રહેવાનું હતું.

આ તરફ જુનાગઢની પરિસ્થિતિ જોઇએ તો દીવાન અમરજીનું રાજકીય કાવતરામાં ખૂન થયું હતું. ગાયકવાડે સેના મોકલી અમરજીના પરિવારને કેદમુક્ત કરાવ્યા અને મોટા પુત્ર રઘુનાથજી દિવાન બન્યા. પરંતુ ફરી કાવતરાઓ શરૂ થતા તેઓ જેતપુર જતા રહ્યા. નવાબે મનાવણા કરી ફરી જુનાગઢ તેડાવી લીધા. પરંતુ ફરી રાજકીય કાવતરાઓ શરૂ થયા અને પછી તેઓ પરિવાર સહિત નવાનગર જતા રહ્યા. જ્યાં મેરૂ ખવાસે તેમને અને નાનાભાઇ રણછોડજીને નોકરીએ રાખ્યા, આમ.. જુનાગઢની દિવાનગીરી ટૂંકાગાળાઓમાં વારંવાર બદલાતી રહેતી. અમરજીના પુત્રોની ગેરહાજરીમાં લગભગ પાંચ કે તેથી વધુ વાર તો દિવાનો બદલાયા અને આરબ સૈનિકો પગાર બાબતે બળવાઓ કરતા રહેતા હામીદખાન નબળો શાસક પુરવાર થતો. કલ્યાણ શેઠ દિવાન બન્યો હતો, ભાવનગરના વિસ્તારવાદને અંકુશમાં લેવા જુનાગઢે ભાવનગર પર ચડી આવ્યું. ઢસા મુકામે મુકાબલો થયો. ભાવનગરે જોરતલબી ભરવાનો સ્વીકાર કરવો પડ્યો અને યુધ્ધ થંભી ગયું. કલ્યાણ શેઠના આ નિર્ણયમાં કાયરતા પ્રતિત થતી હતી. કેમ કે જોરતલબીના બદલામાં કુંડલા-રાજુલાના થાણા જુનાગઢે પરત ખેંચ્યા અને તેના પર ભાવનગરનો હક ઠેરવ્યો હતો.

પૃથ્વી ખાણ પાંચાળ, જડી ઝવેર તણી
ત્યાં છે ગોદડ થોભાળ, રતન અમુલખ રાણાઉત

હવે કલ્યાણ શેઠે નવાબને ધાંધલપુર પર આક્રમણ કરી તેનો સમૃધ્ધ ધનકોષ લુંટી સૈનિકોને પગાર પુરો પાડવા ઉશ્કેર્યો અને આમ લશ્કરે સવંત 1854 (ઇ.સ.1800) ના વર્ષે ધાંધલપુર નજીક દાડમાની ધાર નામના સ્થળે પડાવ નાખ્યો અને ઘેરો ઘાલ્યો. પણ ગોદડ ખવડે જુનાગઢને ત્રણ માસ સુધી હંફાવ્યું. ગેરીલા પધ્ધતીથી લડીને છાવણીને નુકસાન પહોંચાડ્યું. છેવટે જુનાગઢના પડાવમાં સુરંગ લઇ જઇ દારૂગોળો ધરબી વિસ્ફોટો કર્યા અને કત્લેઆમ મચાવી... દેવ સૂર્યના જયકારા થયા. ધાંધલપુરના વિજયના વાદ્યો વાગ્યા. જુનાગઢે હાર સ્વીકારીને પરત જવું મુનાસીબ માન્યું.

નર ગોદડ ને નવાબ, લડીયા ત્રણ મહિના લગી
પર્વત મોટા પહાડ ઢુંકલીયા નાળ્યું ને ધબે

નહોંતી ને નવી કરી ગઢ જુના ને ગાળ
બાબી અક્કલ બાળ, ખીજવીયો ગોદડ ખવડ
ખાંડુ હાથ ગોદડ ખવડ નર આતુક ન થાત
તો કાઠી કિસે જાત રાઉ કરવા રાણાઉત
ભડ ગોદડથી ભાટક્યો મહિપત મુકી માણ
રાત વહ્યે રસ્તે પડ્યો બાબી હામદખાન

**મહેમાનગતિ :**

નવાનગરની નોકરીએ રહેતા દિવાન અમરજીના નાના પુત્ર રણછોડજી ચુંવાળમાં બહુચરાજીની જાત્રાએ જતા હતા. સાથે દોઢસો સવાર, પાલખીઓ, ગાડા વગેરે રસાલો છે. માર્ગમાં ધાંધલપુર રાતવાસો કરવાનો છે. ગોદડ ખવડ જાતે તેમને તેડવા સામા ગયા. મહેમાનો માટે લાપસીની રસોઇ તૈયાર થવા માંડી, ઘોડાઓ માટે મેખો તૈયાર હતી. પાવરામાં બાજરા ભરી દીધા. નીરણ નીરાઇ ગઇ. દિવાનજી સાથે ગોદડ ખવડ વાતોએ ચડ્યા છે, પણ કંઇ કળાવા દેતા નથી, બન્યું હતું એવુ કે ધાંગ્રધા, ચુડા, સાયલા, વઢવાણ, લીંબડીની સંયુક્ત ટુકડીએ આવીને ધાંધલપુરનું ગોધણ પસરમાંથી વાળ્યું છે. બે આયડુને ઘાયલ કર્યા છે. કાઠી ડાયરો ગાયુનું ધણ પાછુ લઇ આવવા તૈયારી કરે છે. પણ પછી રણછોડજીને આ વાતની ખબર પડી તે તરત ઘોડે સાજ મંડાવે છે. પોતે મોખરે હાલે છે. દિવાનજીનુ લશ્કર ઉપડ્યું ઝાલાઓના પગલા દબાવતા સેજકપુર સુધી પહોંચ્યા. બંદૂકો છુટી, હાકલા પડકારા થયા, ભાલા-તલવાર અફળાઇ અને જોતજોતામાં રણરંગ જામી ગયો. ઝાલાના સંયુક્ત લશ્કરે ઘોડાના મોઢા મરડી ધણ મુકીને ભાગી છુટવું પડ્યું.

(દિવાન રણછોડજી ખુબ વિદ્વાન હતા. તેમણે ફારસી ભાષામાં 'તારીખે સોરઠ વ હાલાર' નામનો ઇતિહાસગ્રંથ લખ્યો અને તે ઉપરાંત 'રૂકાને ગુનાગુન', 'જંગનામાએ હોલી', 'તહનીફાતે રણછોડજી' આદિ પુસ્તકો લખ્યાં છે.)

વધુમાં : ધાંધલપુર વિશે એવી માન્યતા છે કે સિધ્ધરાજ જયસિંહ સોલંકીનો જન્મ અહીં થયો હતો. સિધ્ધરાજે પોતાની જન્મભૂમીની યાદમાં ગામનો કોટ અને અડાલુ તળાવ બંધાવ્યા. (જો કે આ સિવાય સિધ્ધરાજ સોલંકીના જન્મની અન્ય સ્થળોની પણ માન્યતાઓ છે).

**પ્રેષિત - સંકલનઃ કાઠી સંસ્કૃતિદીપ સંસ્થાન**





## ધાંધલપુરના અશ્વો



કાઠી સંસ્કૃતિમાં અશ્વનું સ્થાન કેવળ એક પશુ કે વાહન પૂરતું મર્યાદિત નહોતું; તે તો કાઠીના ખમીર, પ્રતિષ્ઠા અને પ્રીતિનું પ્રતીક ગણાતું. કાઠીઓએ ઉછેરેલા કાઠી અશ્વોને સમગ્ર પાંચાળ વિસ્તારનું હવામાન અને જમીન ખૂબ અનુકૂળ રહ્યાં હતાં. આ પ્રદેશની ધરતી, પાણી અને ચરિયાણે એવી નસલ ઘડી કે જેની ચપળતા, ટેક અને સૌંદર્ય દૂર-દૂર સુધી વખણાયાં.

આ સમગ્ર પ્રદેશમાં સુદામડા-ધાંધલપુરના અશ્વોની નામના વિશેષ હતી. તેમની ઓલાદ, દેખાવ અને દોડની ખ્યાતિ એટલી ફેલાયેલી કે કોઈ અજ્ઞાત કવિએ રચેલા 'કાઠિયાવાડના પ્રાંત પ્રમાણે પ્રખ્યાત ઘોડીઓ' ગીતમાં પણ ધાંધલપુરની ઘોડીનો સાદર ઉલ્લેખ થયો છે. આ ગીતમાં કાઠિયાવાડભરના ગામડે-ગામડેની નામી ઘોડીઓની જાણે એક નામાવલિ ગૂંથાઈ છે :

મુલક કાઠિયાવડમાં ઘોડી ઊંચી જાત,
નામ ઠામ વર્ણન કરૂં છે ક્યાંની પ્રખ્યાત.
છે ક્યાની પ્રખ્યાત તાજણ ભડલી સારી,
જેતપુરમાંહીં જબાદ ચોટીલે ચાંગી ભારી.
મણિયાની જ હીરાળ નહિ સતાવીશ આડમાં,
છે ઘોડી બહુ સરસ મુલક કાઠિયાવાડમાં.
ઢસાની વાંગલી માણકી ગઢડા ચમરઢાળ
જસદણ રેડી ભૂતડી ગોસળ મા ફૂલમાળ
ગોસળ મા ફૂલમાળ શીંગાળી લખતર,
ચૂડે બોદલી જાણતે રેશમ સોમાસર.
લક્ષ્મી ધાંધલપુર બેરી મૂળી મેવાસા,
ભાડલે મલપતી-મલ્લ વાગલી માણકી ઢસા.

ભીમોરે કેસર અને નોરણ આંખણિયાળ,
ઢેલ સરસ છે બાબરે અને લીંબડી લાલ.
લીંબડી લાલ રામપાસા હળવદની,
દડવામાંહીં લાસ મની જાણે ગુંદ્રણની,
લખી ભાખી ખેરવા બગડ વાંદરી,
પાળિયાદની હરણ જુઓ ભીમોરો છે કેસર.

ધાંધલપુરના ખવડ દરબારો અશ્વ-ઉછેર અને અશ્વ-દાન બંને માટે સુવિખ્યાત હતા. અશ્વ પ્રત્યેની તેમની આ ઉદારતા કેવળ પશુપ્રીતિ નહોતી, પણ કાઠી દરબારની દાનવીરતા અને ખાનદાનીની ઓળખ હતી. તે યુગમાં અશ્વનું મૂલ્ય કેટલું ઊંચું અંકાતું તેનો અંદાજ એ પરથી આવે છે કે સો-બસો ભેંસોની કિંમત જેટલી કિંમત એકલા એક ઉત્તમ ઘોડાની થતી. આવા અમૂલ્ય ગણાય એવા વીસેક ઘોડા દરબાર ભોકા ખવડ દર વર્ષે વગર સંકોચે દાનમાં આપી દેતા જે તેમની અસાધારણ ઉદારતાનું સૂચક છે.

આ દાનનું ફળ પણ કેવળ ઘોડા પૂરતું નહોતું; તે યશ અને પ્રતિષ્ઠાનું બીજ બની જતું. દરબાર ભોકા ખવડે એક ચારણને આપેલા 'રેડિયો' અશ્વના દાનથી તે ચારણને જસદણમાં રાજકવિનું માનભર્યું પદ પ્રાપ્ત થયું, અને એ જ પરંપરામાં એક ચારણને છેક બુંદી (રાજસ્થાન) સુધીમાં જાગીર મળી હતી. અશ્વ-દાનની આ ઉજ્જવળ પરંપરા પ્રસંગોપાત્ત પણ જળવાતી. ચારણ કમા પાલિયાના દીકરાના લગ્નપ્રસંગે દરબાર ભોકાબાપુ ખવડ એ અઢળક ઘોડાનું દાન કરી, પોતાની દાનવીરતાનું વધુ એક ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.

આમ, ધાંધલપુરના અશ્વો કેવળ એક ગામની નહીં, પણ સમગ્ર કાઠિયાવાડની અશ્વ-સંસ્કૃતિની શાન બની રહ્યા

**-કાઠી સંસ્કૃતિદીપ સંસ્થાન**



**ચાંદીના શણગાર અને સામાન સાથે કાઠિયાવાડી અશ્વ**





## સુદામડાના બેનમૂન ખાંભી પાળિયા



સુદામડાના આથમણા ઝાંપે શૂરવીર શીલવંત ખવડ દરબારોના ઐતિહાસિક પાળિયાઓ આવેલા છે. બેનમૂન કોતરણીથી પાળિયાઓ કંડારવામાં આવેલા છે. આ પાળિયાઓમાં રથમાં સવાર શૂરવીરોને કોતરવામાં આવ્યા છે, જે અન્ય પાળિયાથી અલગ તરી આવે છે તેમજ ત્યાં પાંચાળના શીલવંત જતિ પુરૂષ દાનવીર દરબાર શ્રી ભોકાબાપુની દેરી, સતી આઇ માં લાડુબા માંની દેરી તેમજ પૂજ્ય દરબારશ્રી દાદાબાપુ ખવડની પથ્થરની દેરીઓ આવેલી છે.

## શ્રી સૂર્યમંદિર - સુદામડા



ભવ્ય અને જાજરમાન કાષ્ઠકળાથી સૂર્યમંદિર શોભાયમાન છે તે ધાંધલપુર સુદામડા રાજવી દરબાર સાહેબશ્રી વીર ગોદડ બાપુ ખવડ દ્વારા પોતાનો સંપૂર્ણ દરબાર ગઢ અર્પણ કરીને બંધાવવામાં આવેલ છે. આજે મંદિર પાસે 300 વીઘા જમીન છે.

ધાંધલપુર રાજવી ગોદડ બાપુ ખવડ દ્વારા સુદામડા ખાતે સૂર્યમંદિર અને શિવ મંદિર નિર્માણ કરવામાં આવેલ અને તેના નિભાવ અને જાળવણી માટે આ જમીન અર્પણ કરવામાં આવેલ.

## દ. શ્રી ગોલણબાપુ ખવડ



કાઠિયાવાડના પંચાળ પ્રદેશની રીયાસત સુદામડા-ધાંધલપુરના રાજવી ગોલણબાપુ ભોકાબાપુ ખવડ દરિયાદિલ અને પરગજુ હતા.

તેમના દરબારમાં કવિઓની કદર થતી. તેમના ઘોડારની શોભા એવા ખુબ જ ખ્યાતનામ રેડીઓ અશ્વ જે ચારણ સોદાગર ભુરા જેસળ મોં માંગ્યા દામે ખરીદવા રાજી હતા અને જેને જસદણ રીયાસત પણ ખરીદવા ઇચ્છુક હતી. તે ઘોડાને ભોકાબાપુ ખવડે મુળુભાઇ ગઢવીને બક્ષીસ કર્યો અને જસદણ કેવરાવ્યુ કે, આ ઘોડો હવે મુળુભાઇ પાસેથી ખરીદી યોગ્ય કદર અને વળતર ચુકવે. ત્યારે ભોકાબાપુ ખવડના પુત્ર ગોલણબાપુ ખવડે રાજસી વસ્ત્રો અને સોનાના આભુષણો આપી અશ્વ મુળુભાઇ ગઢવીને સોંપેલ.

અત્રે એક કવિએ કરેલી રાજવી ગોલણબાપુની પ્રશંષાગીતનું સર્જન છે. જેમા કવિરાજ હમીરે તેમના યજમાનની સુખાકારી વર્ણવી છે અને કહ્યું છે તેમનું હૃદય મેરૂ સમાન વિશાળ છે અને તેઓ લોકોના ડુંગરાઓ સરીખા અંધકારને દુર કરનારા છે.

ગોલણીયા ગિરનાર કે શેત્રુંજો ભોકા સતન
અંગ એડો અંધકાર ધરીએ લઈ ખવડા ધણી
ગોલણીયો મેરૂ ગજે માપે મખવાન
તારી સાળે સોમલિયા ભડ કઈ વરતે ભોંકાઉત

કુંવર ગોલણ ખવડના માથાના દાનનો ઐતિહાસિક પ્રસંગ ખૂબ જાણીતો છે.

સૌજન્યઃ રાજકવિ શ્રી નાનુભાઇ બારોટ
પ્રેષિતઃ કાઠી સંસ્કૃતિદીપ સંસ્થાન







## પાલરવભા પાલિયા

જસદણ પાસેના લાલકા ગામમાં દેવાણંદભા પાલિયાને ત્યાં જન્મનાર પાલરવભા પાલિયા બાલ્યાવસ્થામાં શિક્ષણથી વંચિત રહેલા. આ નિરક્ષર ચારણે પોતાના પરિવારજનો પાસેથી મેળવેલ કાવ્ય શિક્ષણ અને કુદરતદત પ્રતિભાને બળે જીવનપર્યંત સાહિત્ય સર્જન કર્યું છે. આ માલધારી ચારણે કોઠાસૂઝથી રચેલ દુહાઓ પાંખાળા બનીને લોકજીભે જળવાયા છે. એ દુહાઓનો વિગતે અભ્યાસ કરવાથી પાલરવભા પાલિયાના વ્યક્તિત્વના વિવિધ પાસાઓનો પરિચય થાય છે. મોજીલા, અંતર્મુખી અને સત્યનિષ્ઠ ચારણ પાલરવભાનું વાડમય મર્મપૂર્ણ છે. તેઓ મર્મપૂર્ણ અને અર્થપૂર્ણ સાહિત્યના સર્જક છે. એમને અભિવ્યક્તિનું કૌશલ્ય આપમેળે સહજ રીતે સ્ફૂરતું હતું. અનાયાસે જ દુહાઓનો ચુસ્તબંધ વર્ણસગાઈ, વર્ણાનુપ્રાસ ઉપમા અને સ્વભાવોક્તિના ઉદાહરણો એમાં ઠેર-ઠેર દ્રષ્ટિગોચર થાય છે.

આ માલધારી ચારણે જીવનમાં અનેક તડકી-છાંયડીના વારા ફેરા જોયા છે. મેઘાણી તો કહે છે કેઃ 'દુ:ખોના કૂંડાને પી જઈને પાલરવ કવિતાના ઓડકાર કાઢતો હતો.' અત્યંત વેદનાગ્રસ્ત જીવન હોવા છતાં આ સ્વમાની ચારણે માનવી પાસે હાથ લંબાવ્યો નથી કે પરમતત્વની આરાધના છોડી નથી. પાંચાળના કાઠી-દરબારો સાથે પાલરવભા પાલિયાને વિશેષ સંબંધો હતા. પાંચાળના કાઠી દરબારોનો ઇતિહાસ આલેખાય ત્યારે પાલરવભા પાલિયાના દુહાઓની અવશ્ય નોંધ લેવી પડશે. કેમ કે, તેઓએ પોતાના દુહાઓમાં ઘણી ઐતિહાસિક વિગતોને જાળવી છે. તત્કાલીન સમયની કપરી પરિસ્થિતિનો સામનો કરતા કાઠીઓએ પોતાની માતૃભૂમિ અને હિન્દુ સંસ્કૃતિ ખાતર મહામૂલા બલિદાનો આપ્યા છે. તેઓની રખાવટ અને ક્ષત્રિયવટની વાતો આજે પણ ગામડે-ગામડે લોકજીભે સચવાયેલી મળી આવે છે.

પાંચાળના નોલી (હાલ તા.સાયલા, જિ. સુરેન્દ્રનગર) ગામના કાઠી દરબાર એભલભાઈ રૂખડભાઈ પટગીર વિ.સં. 1978 માં એજન્સી સરકાર અને ગાયકવાડ સરકાર સામે બહારવટે ચડેલા. એભલ પટગીરની શૂરવીરતાથી પ્રભાવિત થયેલ પાલરવભા પાલિયાએ તેની વીસી (વીસ દુહા) બનાવવાનો સંકલ્પ કર્યો. એ માટે તે એભલ પટગીરને મળવા આવ્યા, રસ્તામાં વીરા ખવડ અને માત્રા ખવડ મળતા તેને પોતાના નિર્ણયની જાણ કરી, ત્યારે વીરા ખવડે અને માત્રા ખવડે તેમને ચેતવણી આપતા કહ્યું કે; 'તમે એભલની કવિતા ન કરશો નહીંતર ગાયકવાડ સરકાર અને અંગ્રેજ સરકાર તમને કેદ કરશે.' પરંતુ એભલની શૂરવીરતા જેમને સ્પર્શી ગયેલ તે પાલરવભા કહે છે કે, 'અમારા રેશમિયા દરબારને છ ગામ છે, અને આણંદપર દરબારને બાર

ગામ છે. તે અડાભીડ કાઠીઓ મને આશીર્વાદ આપશે. નહીંતર હું ગર્યના કે પાંચાળના જંગલોમાં જિંદગી કાઢી નાખીશ, પણ હું એભલના દુહા તો બનાવીશ જ.' વીરા ખવડ કહે, પાલભા સરકારને નો પુગાય, તમે રહેવા દ્યો.' પણ પાલરવભા માન્યા નહીં અને એભલને રૂબરૂ મળીને તેના દુહા રચીને સંભળાવ્યા.

એભલ પાલરવભાનો મિત્ર બની ગયો. પાલરવભા પાલિયાએ એભલની વીસી (વીસ દુહા) પણ બનાવેલી. એનાથી પ્રેરાયેલ એભલ પટગીર મંડ્યો ગામ ભાંગવા. રોજે રોજ તેના નામનો દેકારો બોલવા મંડ્યો. એભલ પટગીરના બહારવટાના કારણે ગાયકવાડ સરકાર અને એજન્સી સરકાર હેરાન પરેશાન થઈ ગયા. તત્કાલીન સરકારને એભલ પટગીરના આશ્રય સ્થાનોની તપાસ કરાવતા ખ્યાલ આવ્યો કે, એભલ પટગીરના દુહાઓ બનાવીને પાલરવભા તેને પ્રેરણા પૂરી પાડે છે, અને એભલ ગામ ભાંગે છે. આથી બહારવટિયાને પ્રોત્સાહન આપનાર પાલરવભા પાલિયાની ધરપકડ કરવાનું વોરન્ટ કાઢવામાં આવ્યું. સાથોસાથ એવી પણ ચેતવણી આપવામાં આવી કે, પાલરવભાના આશ્રય દાતા કાઠી દરબારોમાંથી જે કોઈ તેમને આશ્રય આપશે, તેના ગામ ગરાસ જપ્ત કરીને તેમને કેદ કરવામાં આવશે. પાંચાળના કાઠીઓ ગભરાઈ ગયા અને પાલરવભાને જોઈને ડેલીના કમાડ દેવા લાગ્યા. સર્વત્ર નિરાશા મળ્યા પછી પાલરવભા વીરા ખવડને ત્યાં લાખાવાડ (હાલ તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર) આવ્યા. અને ત્યાં તેમને આશરો મળ્યો. વીરા ખવડે સત્તર વર્ષ સુધી પોતાને ત્યાં રાખીને પોતાનું વચન પાળી બતાવ્યું.

લાખાવાડના દરબારશ્રી વીરાભાઇ ખવડની મહેમાનગતિ પર મુગ્ધ થઈ પાલરવભાએ આ દુહાની રચના કરી

'કાઠિયાવાડમાં કો'ક દી ભૂલો પડ્ય ભગવાન;
મોળા કરૂં મેમાન (તને) સરગ ભુલાવું શામળા.'

આમ પાલરવભા પાલિયાને વીરાભાઇ ખવડે લાખાવાડમાં પોતાના દરબારગઢમાં સતર વર્ષ સુધી આશરો આપી, એજન્સી (બ્રિટીશ) સરકારનું વોરન્ટ રદ કરાવ્યું. એ પછી પાલરવભા પાલિયાને લાખાવાડમાંથી વિદાય કરતી વખતે એક ઘોડી આપી રજા આપેલી. આવી દાતારી દાખવનાર વીરાભાઇ ખવડને પાલરવભાએ કવિતામાં અમર કરી દીધા.

સંદર્ભ સાહિત્ય :
- સ્વર્ગ ભુલાવું શામળાથ લેખક : પાલરવભા પાલિયા
- રાજકવિ નાનુભાઈ રેણુકા સાહેબના બારોટના ચોપડાની નોંધ
- રાસલીયા પુંજા મીરના દુહા કવિત સંગ્રહ





# ખવડ ઝાલા કાઠી રાજપૂત ક્ષત્રિય

ખવડ કાઠી રાજકુળ નો ઇતિહાસ આ પ્રમાણે છે.

કાઠી ક્ષત્રિય સંઘમાં 'ખવડ રાજવંશ' સુખ્યાત છે, આ ખવડ રાજવંશ હળવદ ગાદીના ભાયાત એવા ઝાલા માલજીના લગ્ન વાળા કાઠી રાજપુતના દિકરીબા આઇ વલુબાઇ સાથે થયા અને માલજી ઝાલા કાઠી સંઘમા જોડાયા. તેમના પુત્ર ખવડજી પરથી ખવડ શાખા અસ્તિત્વમાં આવી, તેમણે 'ગઢ ખોડ' નામે ગામ વસાવ્યું હતું.

તેમના વંશજો અનુક્રમે

| | | |
|---|---|---|
| - સેસોજી | - સુરોજી | - વેજોજી |
| - રાણોજી | - ખીમોજી | - વૈજોજી |
| - જંજહણજી | - સરમણજી | - વૈજોજી |
| - જન્જહુરજી | - વિજોજી | - લુણસરજી |
| - નાજોજી | - કુંપોજી | - નાજોજી |
| - મળુજી | - નાજોજી | - ખીમાણંદજી |
| -માણસુરજી | | |

વિક્રમ સવંત 15 મી સદીમાં ખવડજી અને તેના પુત્ર સેસોજીએ કંથકોટડી, રામપર અને કાંતરોડીમાં સંસ્થાન સ્થાપ્યું, જ્યાં આગળ ઘણા વર્ષો સુધી તેમના અનુગામીઓએ રાજ કર્યુ.

ખવડ દરબારોએ આગળ જતા માણસુર ખવડના સમયમાં પુત્રો ફકિરા ખવડ અને કાંધા ખવડ સાથે ચોટીલા રામાણી ખાચર કાઠીઓ પાસેથી સરલા, કાઠવાણ જેવા અમુક વિસ્તારોનો ગીરાસ જીતી લિધેલ હતો.

સવંત 1725 માં ખવડોએ સાયલા વસાવી ત્યાં આશરે 50 વર્ષ સુધી રાજ્ય કર્યુ.

ફકિરા ખવડના પુત્ર જાદરાને પાંચ કુમારો હતા. (1) ફકિરો (2) માણસુર (3) લુણસર (4) રાણો (5) કાળુ.

લગભગ સવંત 1807 આ ભાઇઓએ સુદામડા તાલુકો મેળવ્યો, જેમાંથી સુદામડા-લુણસર અને રાણા ખવડે રાખ્યુ, તેનું આશ્રીત ગામ સરવાણીયા તેમના ભાઇઓને આપ્યું. એજ સમયે કાંધા ખવડના પુત્રએ રામાણી ખાચર પાસેથી સેજકપુર મેળવ્યુ.

લુણસર ખવડના પુત્ર (1) ફકિરા ખવડ (2) શાર્દુળ ખવડ

(સુદામડામાં માળીયા મીંયાણાના પાળ સામે તેઓના આક્રમક પ્રતિકારના વર્ણન મળી આવે છે.)

ફકિરા ખવડના પુત્રનું નામ મેરામ ખવડ. જેમના 4 પુત્રો (1) માસો (2) ભાઇજી (3) રાવત (4) રાણીંગ (માસા ખવડના પુત્ર રામ ખવડ જે સુદામડાના તાલુકદાર બન્યાં)

જાદરા ખવડના પુત્ર રાણા ખવડ જેમની પાટડીમાં કરેલ યુધ્ધની વિરતા અંગે પ્રંશસ્તી રચાઇ છે.

તેમના પુત્ર ગોદડ ખવડ ખબુ બહાદુર અને શક્તિશાળી રાજવી હતા, તેમણે સવંત 1845 માં સુરગાણી ખાચરોને હરાવી ટાવર, કોઠાઓ અને કિલ્લેબંધ દિવાલની રચના આશરે સવંત 1850 માં ધાંધલપુર ખાતે કરી હતી. ગોદડ ખવડે અંગ્રેજો તરફથી બ્રિટીશ સામ્રાજ્યમાં ભળવાના કહેણનો અસ્વીકાર કરેલ. જેથી વઢવાણ અને સાયલાનું લશ્કર સવંત 1855 ના વર્ષમાં ધાંધલપુર પર ચઢી આવ્યું. જેમાં કાઠીઓએ કારમો પરાજય આપ્યો. સવંત 1856 માં જુનાગઢ નવાબ હામીદખાનના લશ્કરે ધાંધલપર પર ચઢાઇ કરી 'દાડમા દૈત્ય'ની ધાર નામના સ્થળે પડાવ નાખ્યો, તે સૈન્યને સુરંગ ગાળી વિસ્ફોટો કરાવી હરાવ્યું હતું.

ગોદડ ખવડના 4 કુમારો : (1) રાજો (2) નાગ (3) દાદા (4) ભોકા

રાજા ખવડ અને દાદા ખવડ નિર્વંશ ગયા. નાગ ખવડ, રૂખડ ખવડના પુત્ર સુદામડા-ધાંધલપુરના મુખ્ય તાલુકદાર થયા અને પાંચમા વર્ગના રાજ્ય ની સત્તા સ્થાપી.

ભોકા ખવડના ત્રણ કુમારો (1) ગોલણ ખવડ (2) એભલ ખવડ (3) નાગદાન ખવડ

ગોલણ ખવડના પુત્રો (1) આલા અને (2) ગોદડ

એભલ ખવડના પુત્રો (1) રાણો અને (2) પુંજો

કાઠી સંસ્કૃતિદીપ સંસ્થાન
- રાજકવિ બારોટ શ્રી નાનુભાઇ, રેણુકા (સુદામડા), જે.ડબલ્યુ વોટસન
- History of Kathi - J.W. Watson
- કાઠી ઈતિહાસ અને સંસ્કૃતિ - ડૉ. પ્રધ્યુમન ખાચર





## દરબાર શ્રી ગોદડબાપુ ખવડ અને ધાંધલપુર રાજય

ખવડ દરબારોની રાજધાની ધાંધલપુર-સાયલા તાલુકા ધાંધલપુર ચોટીલાથી 16 કિ.મી. પૂર્વમાં આવેલું છે.

ઇ.સ. 1790માં દરબાર ગોદડ બાપુ ખવડે ધાંધલપુરનો સંપુર્ણ કબજો લઇ લીધો હતો. આ રજવાડામાં 29 ગામ અને 350 સ્કેવર/કિમી એરીયા હતો.

રાજ્યોના વિલીનીકરણ પહેલાં ધાંધલપુર પૂર્વ કાઠિયાવાડ એજન્સી હેઠળના થાણાની હકૂમતમાં હતું.

એવું કહેવાય છે કે અણહિલવાડ પાટણના કરણદેવ સોલંકીની પત્ની મીનળદેવી ધોળકા જવાના માર્ગે ધાંધલપુર ખાતે રોકાયાં હતાં, જ્યાં તેમણે ત્યાં વસતા 'સિદ્ધ' અથવા સંતની મુલાકાત લીધી. ત્યાં તેમણે એક પુત્રને જન્મ આપ્યો, જેના વિશે એ સંતે ભવિષ્યવાણી કરી કે તે એક મહાન રાજા બનશે. કૃતજ્ઞતાવશ મીનળદેવીએ પોતાના પુત્રનું નામ સિદ્ધરાજ રાખ્યું. જ્યારે સિદ્ધરાજ ગુજરાતના રાજા બન્યા, ત્યારે તેમણે ધાંધલપુરનો કિલ્લો બંધાવ્યો અને પોતાના જન્મસ્થાનની યાદમાં અડાળા (ધાંધલપુરથી 6 કિ.મી. દૂર) ખાતે તળાવ બંધાવ્યું, જે તે સમયે અણહિલવાડ રાજ્યની સીમા પરનું ગામ હતું.

ધાંધલપુરમાં સંત ધુંધળીનાથની બાર ફૂટ ઊંચી મૂર્તિ છે, જ્યાં ભાદરવા સુદ 7 (ઓગસ્ટ) ના રોજ યોજાતા વાર્ષિક મેળામાં આસપાસનાં ગામોમાંથી લોકો ઉપસ્થિત રહે છે. ધુંધળીનાથના મંદિરની પાછળ એક જૂની વાવ છે, જેને રાજ્ય સરકારે સંરક્ષિત સ્મારક જાહેર કરેલી છે.

(પાદટીપ : ગામનું નામ સંત ધુંધળીનાથ પરથી પડ્યું હોવાનું મનાય છે. તેઓ સિદ્ધપુર પાટણમાં રહેતા, જ્યાં એક કુંભાર દંપતી તેમની જરૂરિયાતોનું ધ્યાન રાખતાં. એકવાર એવું બન્યું કે ધુંધળીનાથના ભિક્ષા માગવા ગયેલા શિષ્યોને પાટણના નાગરિકોએ હેરાન કર્યા. આથી ધુંધળીનાથ ક્રોધે ભરાયા અને કુંભાર દંપતીને પાટણ છોડી જવાની સલાહ આપતાં તેમણે નગરને શ્રાપ આપ્યો. તરત જ પાટણ નગર તેમની શક્તિથી નષ્ટ થયું. ત્યારબાદ ધુંધળીનાથ આ સ્થળે આવીને વસ્યા, જે પછીથી ધાંધલપુર તરીકે ઓળખાયું. ગામ બહાર એક વાવ પાસે ધુંધળીનાથની મૂર્તિ આજે પણ છે, જેની પૂજા ગામ લોકો અને રબારીઓ કરે છે, જેઓ અષાઢ

સુદ 2ના રોજ મોટી સંખ્યામાં અહીં આવે છે અને મંદિર પર 52 ગજ લાંબી ધજા ચઢાવે છે. તે જ દિવસે ગામનાં તમામ મંદિરો પર ધજાઓ ચઢાવવામાં આવે છે.)

ધુંધળીનાથના મંદિરની પાછળ આવેલી જૂની વાવ રાજ્ય સરકાર દ્વારા સંરક્ષિત સ્મારક જાહેર કરાયેલી છે.)

દરબાર શ્રી ગોદડ બાપુ ખવડ દ્વારા ઈ.સ. 1790 માં ધાંધલપુરના ગઢની દીવાલની મરામ્મત અને નવા મિનારાઓ તથા પ્રાચીન વાવનું સમારકામ તથા વાવ પાસે ધૂંધળીનાથની પ્રતિમા સામે શિવ મંદિરનું નિર્માણ કરવામાં આવેલ હતું.

સોનગઢના પ્રસિદ્ધ સંત પૂજ્ય જાદરા બાપુની જગ્યા બંધાવવામાં આવેલ અને પૂજ્ય ગોરખાબાપુએ ગોરખ હનુમાનની સ્થાપના ધાંધલપુર ખાતે કરેલ. આજે પણ તે બંને પ્રાચીન જગ્યાઓ ધાંધલપુર ખાતે આવેલ છે.

### ધાંધલપુર રાજ્ય અને શિક્ષણ :

ધાંધલપુર ખાતે રાજવી દ્વારા તા.1/8/1865 માં પ્રાથમિક શાળા અને સુદામડા ખાતે તા.23/1/1869 માં પ્રાથમિક શાળાઓ સ્થાપવામાં આવેલ.

આઝાદ ભારત થયા પછી સુદામડા- ધાંધલપુર ખાતે બે માધ્યમિક શાળાઓ માટે જમીન ફાળવવામાં આવેલ.

પાંચાળમાં શિક્ષણની જ્યોત ફેલાવવા ઉત્તર બુનિયાદી વિદ્યાલય ધજાળા શરૂ કરવા માટે ચોરો, ખળાવાડ અને પોષક આહાર માટે જમીન ફાળવવામાં આવેલ.



### રાજકુમારોનું શિક્ષણ અને સિદ્ધિઓ :

તાલુકદારી ગરાસિયા કોલેજ વઢવાણ ખાતે જામ રણજીતસિંહજી વિખ્યાત ક્રિકેટર જેના પરથી રણજી ટ્રોફી રમાય છે તે વઢવાણ પધારેલ. રાજકુમારોને ક્રિકેટ શીખવાડવા આવ્યા ત્યારે દરબાર સાહેબ શ્રી ઓઘડ બાપુએ જામ રણજીતસિંહને પ્રથમ બોલમાં આઉટ કરી દીધેલ હતા. જામ રણજીતસિંહ તેમની ક્રિકેટની રમતથી ખૂબ ખુશ થઈ અને પોતાનું બેટ આપેલ હતું, જે ફોટોગ્રાફ વાવડી દરબારગઢમાં હતો.





દરબાર શ્રી ગોદડ બાપુ તૃતીય (ટપુ બાપુ) સમગ્ર તાલુકદારી કોલેજ વઢવાણમાં પ્રથમ નંબરે પાસ થયેલ તેમને શિલ્ડ, સન્માનપત્ર અને BURMA પુસ્તકથી સન્માનિત કરવામાં આવેલા હતા.

કુમાર શ્રી ખોડાબાપુ, કુમાર શ્રી સાર્દુલ બાપુ, કુમાર શ્રી ગોલણ બાપુ, કુમાર શ્રી એભલબાપુ, કુમાર શ્રી ઓઘડ બાપુ, કુમાર શ્રી દાનાબાપુ, કુમાર શ્રી કથુબાપુ, કુમાર શ્રી દાદાબાપુ, કુમાર શ્રી દેવાયતબાપુ, કુમાર શ્રી ભુપતબાપુ વગેરે રાજકુમારોએ તાલુકાદારી ગરાસિયા કોલેજ વઢવાણ અને રાજકુમાર કોલેજ રાજકોટ ખાતે અભ્યાસ કરેલ હતો.

દરબાર શ્રી ઓઘડ બાપુ ખવડ અને ધ્રાંગધ્રાના મહારાજા મેઘરાજસિંહ તેવો બંને ગાઢ મિત્રો હતા.

### ધજાળામાં ઉલ્કાપાત :

ધજાળામાં ઉલ્કા ખરી ત્યારે સૌથી વધુ ઉલ્કા દરબાર શ્રી ભુપત બાપુ ખવડ દ્વારા એકત્રિત કરીને જમા કરાવવામાં આવેલ જેનો લોકશાળા ધજાળા ખાતે ફોટો છે.

### ઘી - દૂધના અવેડા :

રાજાશાહીથી લોકશાહીની શરૂઆત સુધી દરબાર શ્રી દાદા બાપુ ખવડ અને દરબાર શ્રી ભોકાબાપુ ખવડના દ્વારા ઘી-દૂધના અવેડાઓ ધજાળા ખાતે ભરવામાં આવતા. તે અવેડા લોકશાળા અને પોશાક આહાર વાડી વચ્ચે આજે અડીખમ ઊભા છે.

સોનગઢના ઠાકર શ્રી પૂજ્ય લોમાબાપુને સોનગઢથી ધજાળા તેડાવી ઉતારાના ઓરડાઓ અને જમીન દરબાર શ્રી રાણા બાપુ ખવડ અને દરબાર પૂજશબાપુ ખવડ દ્વારા અર્પણ કરવામાં આવેલ.

### દુષ્કાળમાં સખાવત કરનાર ખવડ દરબારો :

પૂજ્ય દરબાર શ્રી ભોકાબાપુ ખવડ સુદામડા ધાંધલપુર દ્વારા રાજ્યના તમામ કામોમાં રસોડા ખુલ્લા મુક્યા હતા. ગરાંભડી ભાગીદાર દરબાર ભોજબાપુ તથા ખીંટલા ભાગદાર દરબાર કાળુબાપુ ખવડ તથા શિરવાણિયાના ભાગદાર દરબાર માત્રા બાપુ તથા લાખાવાડના ભાગદાર દરબાર વીરાબાપુ ખવડ દ્વારા દુષ્કાળમાં સખાવતો કરી રૈયતમાં રસોડા ખુલ્લા મુકવામાં આવેલ હતા.

### ચારણી સાહિત્ય :

દરબાર શ્રી શાર્દૂલ ખવડની શમશેરનું ગીત, દરબાર શ્રી આલા બાપુનું બંદૂકના ન્યાયનું ગીત, અને દરબાર શ્રી રાણા બાપુના ભાલાના ન્યાયનું ગીત ચારણી સાહિત્યમાં અમર છે.

## શિરવાણિયાના શૂરવીર માણસુર બાપુ ખવડ :

શિરવાણિયાના શૂરવીર દરબાર માણસુર બાપુ ખવડ હડદડ સામે યુદ્ધમાં લડ્યા ત્યારે તેમનું માથું પીપળીયાના પાદરમાં અને ધડ ભદ્રાવડી પાસે હડદડ પડેલ હતું અને હડદડ સૈન્યને હરાવેલ હતું. તેમની પાછળ તેમના રાણી સાહેબ આઈ શ્રી સજુબાઈમા સતી થયેલ અને ઘોડીએ પણ તેમની સાથે પ્રાણનો ત્યાગ કરેલ. તેમનો પાળિયો આજે પણ પાળીયાદ પાસે પીપળીયાના પાદરે પૂજાય છે.

## શક્તિ સ્વરૂપા આઈ શ્રી કુંવર માં ખિંટલા :



ખવડ કુળ ને ખોરડે,
અવતર્યા શ્રી કુંવર આઈ,
ખિંટલા ગામે પરચા પુરી,
માં શક્તિ સમ પૂજાય.

રાજકુમારી આઈ શ્રી કુંવરમાં ખિંટલાના ભાગદાર દરબાર શ્રી કાળુબાપુ ખવડના રાજકુમારી હતા તેઓ મહાન સતી અને વચન સિદ્ધ હતા. તેમના સમાધિસ્થાન પર આજે ભવ્ય મંદિર છે અને તમામ પ્રજાજનો પૂરી શ્રદ્ધા અને આસ્થાથી માનતાઓ, બાધાઓ, આખડી રાખે છે.



તાલુકદાર શ્રી ખોડાબાપુ ખવડના પટ્ટાવાળાના રાજાશાહી સમયના ઐતિહાસિક બકલ રાજાશાહી યુગની અનમોલ નિશાની છે.

## અહિંસક અને બિનસાંપ્રદાયિક રાજ્ય :

જૈન સાધુ લવજીસ્વામી અવારનવાર દરબાર શ્રી મોટાબાપુ ખવડના દરબારગઢ ધાંધલપુર પધારતા હતા અને સ્વામીના શુભ આશીર્વાદથી સુદામડા-ધાંધલપુર રાજ્યમાં શિકાર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ હતો.

સુદામડામાં સૂર્યમંદિર, શિવ મંદિર, મોમાઈ મંદિર, જૈન દેરાસર, જૈન ઉપાશ્રાય, ખોજા ખાનું, મસ્જિદ તમામ જાતિના





ધર્મસ્થાનો પુરાતન આવેલા છે. જે ધર્મ સહિષ્ણુતા અને બિનસાંપ્રદાયિક રાજ્ય હતું તેનો પુરાવો છે.

## અમુલખ શેઠની દેશદાઝ :

સુદામડા-ધાંધલપુર રાજ્યના કામદાર શ્રી અમુલખ શેઠ પેરિસ રહીને સુદામડા-ધાંધલપુર રાજ્યનું કારભાર કરતા અને શ્યામજી કૃષ્ણવર્મા (ક્રાંતિકારી) ને પેરિસમાં ખૂબ આર્થિક મદદ કરી હતી.

સુદામડા ગામ આજુબાજુના 52 ગામોનું હટાણું ધરાવતું સમૃદ્ધ નગર હતું. સુદામડામાં પિત્તળના વાસણો, મોતી ભરત, હીર ભરત, પટોળાઓ, કામળીઓ અને માટીના વાસણો અને પટારાઓ વિખ્યાત હતા.

## કાઠિયાવાડમાં સૌથી લાંબુ ચાલેલું યુદ્ધ :



કાઠિયાવાડમાં ત્રણ મહિના જેટલું લાંબુ ચાલેલ. યુદ્ધ જુનાગઢ અને ધાંધલપુર વચ્ચે, જેમાં જુનાગઢ નવાબ હામિદખાન ધાંધલપુરના જવામર્દ શૂરવીર યોદ્ધા વીર રાજવી દરબાર શ્રી ગોદડ બાપુ ખવડ સામે હારેલ અને જુનાગઢ નાસી ગયેલ. ત્યારથી જુનાગઢ નવાબ બાબી હામિદખાનની તલવાર પડી રહેલ. જે આજે ધાંધલપુરના વીર ગોદડ બાપુ ખવડના વંશજ દરબાર સ્વ. શ્રી માણસિંહ બાપુ ખવડના દરબારગઢ ભડલા ખાતે છે.

ન્હોતી ને નવી કરી, ગઢ જૂનાને ગાળ
બાબી અક્કલ બાળ, ખીજવ્યો ગોદડ ખવડ.

## વોલ્કર સેટલમેન્ટ - ધ્રુંટુ :

વોલ્કર સેટલમેન્ટમાં કાઠીયાવાડના 29 મુખ્ય રાજવીઓને ધ્રુંટુ મુકામે બોલાવવામાં આવેલ. ત્યારે દરબાર ગોદડ ખવડ કર્નલ વોલ્કરને નમ્યા વિના પડદો ચિરીને ગયા હતા. 29 મુખ્ય રાજાઓમાં સાયલા, ધાંધલપુર અને સુદામડાના 3 રાજવી સાયલા તાલુકાના હતા. **(The Walker Settlement Reports)**

સમગ્ર વિસ્તારમાં સૌથી વધારે મંદિરો સુદામડા વિસ્તારમાં જોવા મળે છે.

સુદામડા-ધાંધલપુરના દરબારગઢના કાષ્ઠકળાના ઉત્તમ નમૂના દરબારગઢમાં જોવાલાયક છે.



**સુદામડા-ધાંધલપુર રાજવી દરબારશ્રી ખોડાબાપુ ખવડના પટ્ટાવાળાના ઐતિહાસિક બકલ**

**(૧) ઝાલાવાડ પ્રાંત :**

| ક્રમ | રાજય | રાજાઓ |
|---|---|---|
| 1. | લીંબડી | ઝાલા હરિસિંહ |
| 2. | વઢવાણ | ઝાલા જાલમસિંહ |
| 3. | ધાંગધ્રા | ઝાલા અમરસિંહ |
| 4. | સાયલા | ઝાલા વિક્રમાતસિંહ |
| 5. | ચૂડા | ઝાલા હરિસિંહ |
| 6. | મૂળી | પરમાર ચમાજી અને રઘાજી |
| 7. | સુદામડા | કાઠી સાર્દૂલ ખવડ |
| 8. | ધાધલપર | કાઠી ગોદડ ખવડ |
| 9. | વાંકાનેર | ઝાલા ચંદુસિંહ |

**(૨) ગોહિલવાડ :**

| ક્રમ | તાલુકો | તાલુકેદાર |
|---|---|---|
| 10. | ભાવનગર | વખતસિંહ |
| 11. | વળા | ગોહિલ મિઆભાઈ |
| 12. | લાઠી | ગોહિલ ભાયાત સમસ્ત |
| 13. | દેવાણી | ગિરાસિયા |

**(૩) હાલાર પ્રાંત :**

| ક્રમ | તાલુકો | તાલુકેદાર |
|---|---|---|
| 14. | મોરબી | જાડેજા જેહાજી |
| 15. | બાલંભા જોડિયા | ખવાસ સગરામ તથા હરજી |
| 16. | માળિયા | જાડેજા ડોસાજી |
| 17. | ધ્રોળ | જાડેજા ભૂપતસિંહ |
| 18. | ખીરસરા | જાડેજા હારીજી |
| 19. | નવાનગર | જાડેજા જશાજી |
| 20. | પોરબંદર | જેઠવા કુંવર |
| 21. | બાંટવા | બાબીએદલખાન અને ગાજીખાન |
| 22. | જુનાગઢ | નવાબ હામદખાન |
| 23. | ગોંડલ-ધોરાજી | જાડેજા દેવાજી |
| 24. | જેતપુર | કાઠી સાર્દલવાળા અને જેઠાવાળા |
| 25. | રાજકોટ | જાડેજા રણમલજી |
| 26. | કોટડા | જાડેજા હોથીજી |
| 27. | સરધાર | જાડેજા વીરજી |
| 28. | રાજપરા | જાડેજા મેરોજી |
| 29. | જશદણ | કાઠી વાજસૂર |





# કરપડાની શૌર્યકથાઓ

## ૧. 'સમે માથે સુદામડા'

પહેલો પોરો રેનરો, દીવડા ઝાકમઝોળ,
પિયુ કંટાળો કેવડો, ધણ કંકુની લોળ.

જુવાન કાઠી જુગલની મિલન રાતનો એવો પહેલો પહોર હતો. દીવડો ઝાકમઝોળ બળે છે. બાવીસ વરસનો મામૈયો ખાચર, પાંચાળના ડુંગરમાં રમી રમી રાતોચોળ બનેલો કાઠી જુવાન એ રાતે કોઈ સુગંધી કેવડા સમો ફોરે છે. એને રોમેરોમથી પહાડની જુવાની મહેકે છે, અને હજી પરણીને તાજી ચાલી આવતી કાઠિયાણી પિયુ ભેળી હિંગળોકિયે ઢોલિયે બેઠી બેઠી કંકુની પૂતળી જેવી દીસે છે.

વાતો કરતાં કરતાં ઓચિંતાની કાઠિયાણી ઓઝપાઈ ગઈ. એનું મોં કાળું પડી ગયું. મામૈયા ખાચરે પૂછ્યું : 'શું છે, કેમ ચકળવકળ જુઓ છો ?'

'કાઠી! મને આ ઓરડામાં કોઈક ત્રીજા જણનો ઓછાયો પડ્યો લાગ્યો.'

'લે ગાંડી થા મા, ગાંડી ! કોક સાંભળશે તો તને બીકણ કહેશે. આંહીં કોની મગદૂર છે કે પગ દઈ શકે ? ડેલીએ મારો સાવજ લાખો કરપડો ચોકી દઈ રહ્યો છે.'

કાઠિયાણી નવી પરણીને ચાલી આવતી હતી. બહાદુરની દીકરી હતી. બીકણ ગણાઈ જવાના ડરથી એ ચૂપ રહીને પતિની સોડમાં સૂઈ ગઈ, પણ એની આંખો ઘણી લાંબી વાર સુધી ઓરડાની દીવાલો ઉપર ફરતી રહી. ઓરડો જાણે હસતો હતો.

અસલમાં કાઠીઓના ઓરડાની અંદર એક પછીતની પડખોપડખ બીજી પછીત ચણાતી. વચ્ચે રહેલા પોલાણને પછીતિયું કહેવાતું. મોયલી પછીતમાં નાનું એક બારણું રાખતા અને એ બધું ગુપ્ત રહે એટલા માટે આખી પછીતે ચાકળા, ચંદરવા, તોરણ અને વાસણની રૂપાળી માંડ માંડી દેતા. કાઠિયાણીને જેવું ઘર શણગારતાં આવડ્યું છે એવું બીજું કોણે શણગારી જાણ્યું છે ? એ ગાર કરે છે ત્યારે કોણ જાણે એના હાથમાંથી કેવા કેવા રંગ નીતરે છે ! એના ઓળીપામાં જે સુંવાળપ ઝળકી ઊઠે છે તે એની હથેળીઓની હશે કે એના હૈયાની ? ચાકળા-ચંદરવાનું ઓઢણું ઓઢીને જાણે ચારેય ભીંતો હસતી લાગે છે; પણ એ ભીંતોના અંતરમાં શું છે ? કાળું ઘોર પછીતિયું !

જોઈ જોઈને થાકેલી એની આંખો મળી ગઈ. મામૈયો ખાચર તો ક્યારનોય ઘોરતો હતો. બેલડી ભરનીંદરમાં પડી એ વખતે એ હસી રહેલા ઓરડાના ચંદરવા ખસેડીને પછીતિયામાંથી ત્રણ જણ નીકળ્યા. ઊંઘતા મામૈયાનું ગળું વાઢીને ચૂપચાપ નીકળી ગયા. થોડી વારે ભીનું ભીનું લાગતાં કાઠિયાણી જાગી ગઈ. કારમો બનાવ દેખીને એણે ચીસો પાડી.

સુદામડા ગામની આખી વસ્તી નીંભણી નદીને કાંઠે દરબાર મામૈયા ખાચરને દેન દેવા ભેગી થઈ અને પછી ચર્ચા ચાલી. સુદામડાના ચોકીદાર લાખા કરપડાએ વસ્તીને હાકલી : 'દરબારનો મારનાર બીજો કોઈ જ નથી, એનો સગો ભાઈ શાપરવાળો લાખો ખાચર જ છે. લાખાને ગરાસનો લોભ લાગ્યો છે; ભાઈને મારીમારીને એને ભોં ભેળી કરવી છે; ને આજ એ આંહીં કબજો લેવા આવશે.'

વસ્તી ચૂપ રહી. માંહોમાંહે સહુ ગુસપુસ કરવા માંડ્યા : 'ભાઈએ ભાઈઓ વઢે એમાં આપણે શું ? કયે સવાદે આપણે માથાં કપાવીએ ?'

ડાહ્યો કાઠી લાખો કરપડો બોલ્યો : 'ભાઈઓ, આવો, આપણે ઠરાવ કરીએ કે આજથી સુદામડાનો ધણી કોઈ એક જણ નહિ; એક ગરાસ ખાય અને બીજા સહુ એની મજૂરી કરે એમ નહીં; આજથી 'સમે માથે સુદામડા': એટલે જેને ઘેર જે જે કંઈ ગરાસ ચાસ હોય તે આજથી એની અઘાટ માલિકીનોઃ સુદામડાની વસ્તી જ સુદામડાનો રાજા. ખબરદાર ! આપો લાખો ખાચર આવે કે મોટો ચક્રવર્તી આવે, આપણે એકએક સમશેર લઈને સુદામડાનો બચાવ કરવાનો છે. છે કબૂલ ?'

વસ્તીએ કબૂલ કર્યું : તે દિવસથી, સંવત **1006**ની આસપાસથી, 'સમે માથે સુદામડા' બન્યું. સહુને પોતપોતાની જમીનના અઘાટ હક મળી ગયા.' સહુને 'મારૂં સુદામડા' 'મારૂં સુદામડા' થઈ પડ્યું. પોતાપણાનો કોંટો ફૂટ્યો.

★ ★ ★

'ધિરજાંગ ! ધિરજાંગ ! ધિરજાંગ !' કાનના પડદા તોડી નાખે તેવા ઘોર નાદ કરતો બૂંગિયો ઢોલ બજવા લાગ્યો, અને સુદામડામાં રાજગઢના કોઠામાં ચારણની વાર્તા થંભી ગઈ. જુવાન કાઠીડાઓનો ડાયરો ગુલતાન કરવા બેઠો હતો તેના હોશકોશ ઊડી ગયા.

'માણસોએ દોડતા આવીને કહ્યું : 'પીંઢારાનું પાળ આવ્યું. આથમણો ઝાંપો ઘેરી લીધો.'

જુવાનો સામસામા જોવા લાગ્યા; ગામમાં કોઈ મોટેરો હાજર નહોતો. લાખો કરપડો





તમામ મોટેરાઓને પાળમાં લઈને નળકાંઠા તરફ ગયો છે. સોળ સોળ અને અઢાર અઢાર વરસના ઊગતા જુવાનો દિગ્મૂઢ બનીને બેઠા રહ્યા. હાય હાય, કાળઝાળ પીંઢારાઓનું કટક આવ્યું. કાચા મૂળાની જેમ સહુને એ કરડી ખાશે!

કોઠાની પછવાડેની બારીએથી એક ધીરો અવાજ આવ્યો : 'જેઠસૂર! ભોજ ! નીકળી જાવ ! ઝટ નીકળી જાવ !'

બે જુવાનોએ પાછલી બારીએ નજર કરી. નીચે બે ઘોડાં સાબદાં કરીને એક આધેડ આદમી ઊભેલ છે. ઈશારો કરે છે : 'બેય જણા ઝટ ઊતરી જાવ; ચડીને ભાગવા માંડો.'

બે જુવાનો જીવને વહાલો કરીને કોઠેથી ઠેકવાની તૈયારી કરે છે, ત્યાં તો જેણે વાર્તા માંડી હતી તે ચારણે બેયની વચ્ચેથી બારીની બહાર ડોકું કાઢ્યું : 'કોણ, માણસૂર ખવડ ? આપો માણસૂર ખવડ ઊઠીને કરપડાઓનો ભાણેજ ઊઠીને – અટાણે ગામના જુવાનોને ભગાડે છે? અરે! પેટના દીકરા ભોજને તો ઠીક, પણ સુદામડાના શિરોમણિ લાખા કરપડાના દીકરા જેઠસૂરનેય ભગાડે છે ? હાય રે હાય, આપા માણસૂર ખવડ ! કાઠીઓનું આથમી ગયું કે ?'

'લે, બસ કર, કાળમુખા !' એમ બોલીને એ ઘોડાવાળો માણસૂર ખવડ જુવાનોને લલચાવવા માંડયો : 'બેટા ભોજ ! ભાણેજ જેઠસૂર ! જીવતા હશું તો સાત વાર સુદામડું ઘેર કરશું. ભીંત હેઠ ભીંસાઈ નથી મરવું. ભાગી, ઝટ ભાગો !'

માણસૂર ખવડનો દીકરો ભોજ તો ખાબકી પડ્યો. ઘોડીએ ચડી ગયો, પણ જેઠસૂર ચારણની સામે જોઈ રહ્યો. ચારણે કહ્યું : 'બાપ ઘેરે નથી ને તું સુદામડું છોડીશ ? અને 'સમે માથે સુદામડું' શું ભૂલી ગયો ? આજ લગી ગરાસ ખાવો ગળ્યો લાગ્યો. ને રક્ષા કરવા ટાણે તું તારા મામા માણસુરની ઘોડીએ ચડી જીવ બચાવીશ. જેઠસુર !'

સૂદલગઢ સૂનો કરે, (જો) જેઠો ભાગ્યો જાય,
(તો) એભલ ચાંપો આજ, લાજે લાખણશિયાઉત !

(હે લાખા કરપડાના દીકરા જેઠા, જો સુદામડું મૂકીને તે આજ તારા બાપની ગેરહાજરીમાં નાસી જા. તો કાઠી કોમના વીર ચાંપરાજ વાળા અને એભલ વાળાના નામને કલંક ચડે.)

ચારણની આંખો લાલચટક બની ગઈ. કોઠો હલમલી ઊઠયો. દેવીપુત્રનું મુખ દીપી રહ્યું. એ દેખીને જેઠસૂરે કહ્યું : 'મામા, બસ, થઈ રહ્યું. હવે મારે પગે તો બેડી પડી ગઈ. તમને જીવ વહાલો છે. તો ભોજાને લઈને ભાગવા મંડો.'

માણસૂર ખવડ ચારણને ગાળો દઈને ભોજાની સાથે ભાગી નીકળ્યો. ચારણ કોઠા ઉપર ઊભો થઈને બુલંદ નાદે ગામને બિરદાવવા લાગ્યો. એનાં ગીતો છંદોએ ગામ આખાને પાનો ચડાવ્યો. પણ તોય હજુ જેઠસૂર કોઠેથી નીચે ઊતરતો નથી.

સેજકપુરના ભાગદાર વોળદાન ખવડે વાડીએ કોસ હાંકતાં હાંકતાં સુદામડાનો તરઘાયો ઢોલ સાંભળ્યો; બળદની રાશ હેઠી મૂકીને પરબારી એણે ઢાલ-તલવાર ઉપાડી કોઠાની બારીએ સાદ કર્યો : 'જેઠા, સોનબાઈ માતાની કૂખની કીર્તિ કરતાંય આજ જીવતર વહાલું થઈ પડ્યું કે ? આમ તો જો, આ તરવાર લઈને કોણ નીકળ્યું છે ?'

જ્યાં જેઠસૂર નીચે બજારમાં નજર કરે, ત્યાં તો એની માતા સોનબાઈ ! જગદંબા ઉઘાડે માથે ખડગ લઈને બજારમાં આવી ઊભી છે.

'માડી ! એ માડી ! મોડો મોડો તોય આવું છું, હો !' એવી હાક દેતો જેઠસૂર ઊતર્યો. બીજા પંદર-વીસ કાઠીઓ ઊતર્યા. મોખરે ચાલી ભવાની કાઠિયાણી મા આઈ સોનબાઈ.

મધચોકમાં મુકાબલો થયો. એક બાજુ પંદર વીસ કાઠી ને બીજી બાજુ બસો પીંઢારા. પણ એક બાજુ વીર જનેતા હતી ને બીજે પક્ષે પાપ હતું. પીંઢારાના સાઠ માણસો કાઠીના ઝાટકા ખાઈને પડ્યા. ઠેઠ આથમણે ઝાંપે પીંઢારાને તગડી ગયા. પણ ત્યાં તો જેઠસૂર અને વોળદાન, બેય જણા ઘામાં વેતરાઈ ગયા. જાણે મોતને પડકારો કર્યો હોય કે 'જરાક ઊભું રહે, ઝાંપો વળોટવા દે !' એવી રીતે એ બેય જણા પાળને ઝાંપા બહાર કાઢ્યા પછી જ પડયા.

પીંઢારા ચાલ્યા ગયા; ગામ લૂંટાયું નહિ; પણ સોનબાઈની કાયા ઉપર પાંચ ઘા પડી ચૂક્યા હતા. જેઠો અને વોળદાન આઘે પડયા પડયા ડંકતા હતા, તે બેયનાં માથાં પોતાના ઢીંચણ ઉપર રાખીને એક છાપરીની નીચે માતાજી પવન નાખવા મંડ્યાં.

રાત હતી. શત્રુઓ ક્યાં સંતાઈ રહ્યા છે તેની કોઈને જાણ નહોતી. ખોળામાં બે જુવાનોનાં માથાં ટેકવીને આઈ સમાધિમાં બેઠાં હતાં. એમાં ઓચિંતાના એ ઝૂંપડીને ચોયદિશ આગના ભડકા વીંટળાઈ વળ્યા. કાંટાના ગળિયા ખડકીને આગ ચેતાવનાર પીંઢારા હતા.

પોતાના પ્રાણ છૂટ્યા ત્યાં સુધી આઈ સોનબાઈએ દીકરાના અને ભાણેજના દેહ ઉપરથી અંગારા ખેર્યા હતા. ત્રણેય જીવતા જીવ સુદામડાને પાદર 'સમે માથે સુદામડા'ને ખાતર સળગી ભડથું થઈ ગયા.

એ ત્રણેયની ખાંભીઓ આજે આથમણે ઝાંપે ઊભેલી છે.





## ૨. ફકીરો કરપડો

સુદામડાવાળા કનૈયા કુંવર જેવા મામૈયા ભાઈનું ખૂન થયું. તેવી જ રીતે ઉબરડાવાળા ભાઈ કલા ખાચરને પણ દારૂમાં કોઈએ ઝેર દીધું; એનો વંશ ગયો. આ બીજા ભાઈને મારનાર પણ લાખો ખાચર હતો એમ બોલાય છે.

ઉબરડાની ચોકીદારી પણ કરપડા જ કરતા હતા. ફકીરા કરપડાની અવસ્થા પાકી હતી. એના હાથમાં હવે તો તલવાર ધ્રૂજતી હતી. પણ લાખો ખાચર ઉબરડાનો ગરાસ ભોગવે, તે પહેલાં તો મારે મરી ખૂટવું, એવી એની પ્રતિજ્ઞા હતી. બગડ ગામમાંથી ખાચરોનો એક દીકરો લાવીને એણે ઉબરડાની ગાદી પર બેસાડ્યો. એનું નામ વેળો ખાચર.

એક દિવસ ફકીરો કરપડો ઘેર નથી. મૂળુ ખાચર અને લાખો ખાચર ઉબરડે ચડી આવ્યા. કરપડાની બાઈઓને હરણ કરી છોબારી ગામે ઉપાડી ગયા. પણ મૂળુ ખાચર પવિત્ર હતા. બાઈઓને એમણે બહેનો કરીને રાખી.

મૂળુ ખાચર નહોતા ત્યારે કરપડાઓ પણ ધ્રાંગધ્રા રાજની મદદ લઈને છોબારી આવ્યા. આવીને પોતાની બાઈઓને હાથ કરી. માણસો ફકીરાને કહે : 'મૂળુ ખાચરનાં ઘરનાંને લઈને આપણે આપણું વેર વાળીએ.'

ફકીરાએ જવાબ દીધો : 'બાપ ! વહુનાં આણાં હોય પણ કાંઈ માનાં આણાં હોય ? મૂળુ ખાચરના ઘરમાં આઈ છે, તે આપણી મા કહેવાય.'

ભાઈઓને ઘેર પહોંચાડ્યા પછી ફકીરો કરપડો રાજસાહેબનાં માણસો સાથે ભટકતો હતો. મચ્છુ નદીને કિનારે એ બધા ચાલતા હતા. ત્યાં તો સામે કાંઠે ખાચર ભાઈઓનું કટક ઊભેલું દેખ્યું. દેખીને ફકીરાએ પોતાનાં અને રાજસાહેબનાં તમામ માણસોને પાછાં વાળી દીધાં. 'બીજા સહુ બચે એટલા માટે હું એકલો આખા કટકને રોકીશ. મને મારવામાં બધા રોકાઈ જશે. હું હવે જિંદગી જીવી ચૂક્યો છું; મને મરવા દ્યો, તમે આપણા ધણીને સંભાળો', એમ કહીને એણે પોતાના વંશના જુવાનોને ઉબરડાનો માર્ગ પકડાવ્યો અને પછી નદીને કાંઠે કાંઠે એણે ઘોડી દોડાવી. વચ્ચે ઓરિયાનો બાંધેલ ઊંચો ધોરિયો આવ્યો, તે વટાવ્યો. પણ બીજે જ ડગલે એક ભગદાળું આવ્યું; તેમાં પડતાં ઘોડીનો પગ ભાંગ્યો. બચવાની બારી રહી નહિ, કેમ કે સામે કાંઠે પણ શત્રુઓનું કટક દોડતું આવે છે.

તલવાર કાઢીને ફકીરો એકલો ઊભો રહ્યો. સામે કાંઠેથી એ એકલવાયા સ્વામીભક્ત વીરને

મૂળુ ખાચર ધારી ધારીને નિહાળી રહ્યા. ફકીરાની ધોળી ધોળી દાઢીમૂછ પવનના ઝપાટામાં ફરકતી હતી; આથમતા સૂરજનાં કિરણ એની તરવાર ઉપર રાસ રમતાં હતાં; નદીનાં પાણી એ બુઢ્ઢા મોઢા ઉપર ઝળાંઝળાં થતાં હતાં; અને ફકીરો પડકારતો હતો : 'હાલ્યા આવો, મૂળુ ખાચર, હાલ્યા આવો.'

મૂળુ ખાચરે પોતાની ફોજને કહ્યું : 'ખબરદાર, એની ઉપર બંદૂક છોડશો મા. ઊભા ઊભા એનાં દર્શન કરો. આવું રૂપ ફરી કે'દી દેખવાના હતા ! વાહ વીર, વાહ ! રંગ છે તારી જનેતાને.'

પણ એવું દર્શન કરવા માટે લાખા ખાચરની પાસે આંખો નહોતી. એની નજરમાં તો ઉબરડાની કાળી કાળી રસાળી જમીન રમતી હતી. એણે પોતાના માણસને ઈશારો કર્યો, ગોળી છૂટી : હ મ મ મઃ ફકીરો ઢળી પડ્યો.

જખમમાંથી ખળળળ ખળળળ લોહીનો ધોરિયો છૂટ્યો છે, ફકીરાના શ્વાસ તૂટવા મંડ્યા છે. પણ છેલ્લી ઘડીએ એ શું કરતો હતો ? પોતાની પછેડીની ફાંટમાં ધરતીની ધૂળ ભેગી કરતો હતો.

સામે કાંઠેથી સ્વર આવ્યો : 'ફકીરા કરપડા ! મરતી વખતે ચાળો ઊપડ્યો કે શું ?'

આ કાંઠેથી જવાબ ઊઠ્યો : 'ના, બાપ ! આ તો મારા ધણીની ધરતીને મરતો મરતોય બાંધી જાઉં છું. ત્યાં જઈને કહીશ કે મારા ધણી ! મરતાં મરતાંયે તારી જમીન લીધી છે, દીધી નથી.'

લીધી પણ દીધી નહિ, ધણિયુંવાળી ધરા,
કીધી કરપડા, ફતેહ આંગત ફકીરિયા !

ફકીરાના રામ ઊડી ગયા. મૂળુ ખાચરે એના પગ પાસે બેસીને આંસુ પાડ્યાં. એણે પ્રતિજ્ઞા લીધી કે ઉબરડાની ચપટી માટી પણ મારે હવે ન ખપે.

ફકીરા કરપડાની ખાંભી અત્યારે મચ્છુને કાંઠે મોજૂદ છે.

## ૩. વિસામણ કરપડો

ધણીની ધરતી સાચવતો ફકીરો કરપડો મચ્છુને કાંઠે મર્યો, પણ પોતાની ખાનદાનીનું લોહી પોતાના વંશને વારસામાં દેતો ગયો. ફકીરાની ત્રીજી પેઢીએ ઉબરડામાં વિસામણ કરપડો થયો, અને વેળા ખાચરની ત્રીજી પેઢીએ ભોજ ખાચર થયા. છ વરસના અને એકના એક વહાલા દીકરા ભોજનું કાંડું વૃદ્ધ વિસામણને ભળાવીને ભોજના બાપ દેવ થઈ ગયા. ભોજની મા તો





વહેલાં ગુજરી ગયેલાં. ભોજને સાંભરતુંયે નહિ હોય કે માનું મોં કેવું હશે.

ભોજને કમરીબાઈ નામે બહેન હતાં. તે જામનગર તાબે દહીરા ગામના દરબાર શાદૂલ ધાધલના ઘરમાં હતાં. લોકો કહેતા હતા કે કમરીબાઈ તો આઈ વરૂવડીનો અવતાર છે.

બાપુ ગુજર્યાના ખબર પડતાં કમરીબાઈએ શાદૂલ ધાધલને કહ્યું, 'કાઠી, મારા બાપનું ગામતરૂં છે અને ભાઈ ભોજના મોઢામાં હજી દૂધિયા દાંત છે! એને મારા પિતરાઈઓ જીવતો નહિ રહેવા આપે, માટે હાલો, આપણે ઉબરડે જઈને રહીએ.'

ત્યાં તો બહેનને પણ સ્વર્ગાપરનું તેડું આવ્યું; બહેન મરવા સૂતાં; પણ જીવ કેમેય જાતો નથી. આપા વિસામણે ઢોલિયા પાસે બેસીને પૂછ્યું : 'બહેન, તું તો વરૂવડીનો અવતારઃ અને જીવ કેમ જાતો નથી ?'

બહેને જવાબ દીધો : 'કાકા, મારા ભોજનું શું થાશે ?'

'કાં માડી! ભોજની ફિકર શેની ! એની રખેવાળી કરનારા એના બે કાકા બેઠા છે ને!'

'વિસામણ કાકા, ભોજ મરે તો ગરાસ કોને જાય ?'

'એના કાકાને.'

'બસ ! સમજ્યા, બાપ ?'

'સમજ્યો, બેટા ! લે ત્યારે સાંભળ. ભોજ જે દી મરશે તે દી સ્વર્ગાપરને મારગે ઉબરડાનો એકેએક કરપડો બે ડગલાં ભોજની મોઢા આગળ માંડશે. માટે, મારા બાપ ! તારા જીવને સદ્‌ગતિ કર.'

કમરીબાઈના પ્રાણ એટલું સાંભળીને છૂટી ગયા. પણ આ બધી વાતો ભોજ ખાચરના પિતરાઈઓના કાને ગઈ. એ બધાને પગથી માથા સુધી ઝાળ થઈ. ભોજને ટૂંકો જ કરવો એવો મનસૂબો ઘડાયો.

બહેન ગઈ એટલે તો દરબારગઢ ઝાંખો પડી ગયો. વિસામણ ડોસાએ ઓરડામાં આવીને જોયું તો ઓળીપો બગડી ગયેલો, ચાકળા ચંદરવા વીંખાઈ ગયેલા અને માંડ્યનાં વાસણ કાળાં પડેલાં.

'મારા બાળારાજાના ઓરડા આમ રઝળતા કેમ રખાય ! ગઢની આબરૂના કાંકરા થઈ જાય ને !' એમ વિચાર કરીને એણે આઠ વર્ષના ભોજનો વિવાહ કર્યો. ગોસળ ગામની ચૌદ વરસની રંભા જેવી કાઠિયાણી આણી. જુવાન કાઠિયાણી પોતાના ઘરમાં માંડછાંડ કરવામાં તલ્લીન બની

ગઈ. ધણી કેવડો છે એ ધ્યાન કરવાનું ભાન એને રહ્યું નહિ.

એંશી-એંશી વરસના બે કરપડાને આપા વિસામણે ડેલીએ ચોકી કરવા બેસાડ્યા. રોજ સવારે ગઢમાંથી વડારણ આવીને લોટના બે શગભર્યા સૂંડા ડેલીએ મૂકી જાય, ને બેય કરપડા આખો દિવસ સાધુ-બ્રાહ્મણને છાલિયું લોટ આપે. ગઢમાં એક કૂતરૂં પણ બે બુઢ્ઢા કરપડાની રજા વગર પેસી ન શકે.

વિસામણ કરપડાને જીવો નામે એક દીકરો હતો. એ જીવો અને કરપડાના બીજા સત્તર તેવતેવડા જુવાનો સવાર પડે ત્યારથી ભોજભાઈને વીંટી લ્યે, તે રાતે સૂવાટાણે નોખા પડે.

પિતરાઈઓને તો હજાર વાતે પણ વેર કરવું હતું. પોતાનાં ઘોડાં લઈને ભોજની સીમ એ ભેળવવા મંડ્યા, એટલે એક દિવસ વિસામણ કરપડાએ એ બધાં ઘોડાં બાંધી દીધાં.

પિતરાઈઓએ ધ્રાંગધ્રાના રાજસાહેબ પાસે જઈને લાલચ દીધી કે 'જો ભોજને ઠેકાણે કરો, તો અમારો અરધો ગરાસ તમને આપીએ.'

રાજ મનુભા વિસામણ કરપડાને 'વિસામણ કાકા' કહી બોલાવતા. મોરબી અને ધ્રાંગધ્રા વચ્ચે મીઠાના અગર માટે જ્યારે તકરાર પડી હતી ત્યારે રાજસાહેબને જો કોઈએ જિતાડ્યા હોય તો તે વિસામણ કાકાએ. વિસામણ કાકા કરપડાઓનાં માથાં લઈને રાજસાહેબની વહારે ગયેલા. પણ ગરાસની લાલચે બધા ગુણ ભુલાવી દીધા.

રાજસાહેબે વિસામણ કાકાને ધ્રાંગધ્રે તેડાવી લીધા. કાકાની ઘોડીને ગઢની માંહ્યલી ઘોડારમાં બંધાવી દીધી. ડેલીની મેડી ઉપર જ કાકાને સીસમનો ઢોલિયો ઢળાવી દીધો. પોતાની થાળીમાં જ કાકાને જમાડવા મંડ્યા. કોઈ રાજાના જેવી કાકાની ચાકરી થવા લાગી. પણ કાકાને ક્યાંય રેઢા ન મૂકે. કાકા કેદી બન્યા.

બીજી તરફથી રાજસાહેબે ત્રણસો બંદૂકદારોને તૈયાર કરી, એક દિવસ સોપો પડ્યે ઉબરડામાં પેસાડી દીધા. બંદૂકદારો ભોજના પિતરાઈની ડેલીમાં સંતાઈ ગયા.

સવાર પડ્યું. ખળાવાડમાં તલનાં ઓથડાં ખંખેરવાનાં હતાં તેથી ભોજભાઈને પટેલ ખળાવાડે પધારવાનું કહી ગયો. અઢાર જુવાનજોધ કરપડાની વચ્ચે વીંટાઈને ભોજ ખળાવાડે ગયો. ગામ ખાલી થયું. દૈવને કરવું હશે તે સવારે વહેલો એક બાવો ભોજના પિતરાઈઓની ડેલીએ લોટ માગવા ગયો. ત્યાં એણે દાઢીવાળા ત્રણસો બંદૂકદાર દેખ્યા. ખળાવાડે જઈને એણે બાતમી દીધી.





વિસામણ કાકાનો સપૂત જીવો કરપડો આખી રમત કળી ગયો. ભોજ ખાચરના માગણિયાત ખોડા રાસળિયાને બોલાવ્યો. બે ઘોડાં મંગાવ્યાં. રાસળિયાને કહ્યું : 'ભોજભાઈને તાબડતોબ ગોસળ પહોંચાડી એના સસરાને સોંપી આવ. જોજે હો, તારો ધણી છે.'

ખોડો ભોજ બાપુને લઈ ગોસળ ચાલ્યો. ગોસળ સાયલાનું ગામ હતું.

પોતાના સત્તરેય ભેરુબંધોને ખબરદાર કરીને જીવો પાછલી બારીએથી પોતાના ફળિયે આવ્યો. પોતાની ફળી અને ભોજ ખાચરની ફળી વચ્ચે એક બારી હતી. તેમાં થઈને ભોજભાઈની ડેલીએ આવ્યો. આવીને એંસી વરસના બેય કરપડાના કાનમાં વાત કહી : 'ત્રણસો બરકંદાજ આવી પહોંચ્યા છે. ભોજભાઈને તો ગોસળ ભેગા કર્યા, પણ આઈનું શું થશે ? આઈને મારે ઓરડે લઈ જઈને ગોસળ મોકલાવી દઉં ? ભલે પછી એ કમજાતો આવીને ગઢના ગાભા વીંખવા હોય તો વીંખી જાય.'

બેય બુઢ્ઢાઓએ ધોળાં ધોળાં માથાં ધુણાવ્યાં. બેય જણા બોલ્યા : 'ના રે, બાપ ! બાપડી આઈએ આટઆટલી મહેનતે ઓરડા શણગાર્યા એ કાંઈ રેઢા મેલાય ? આઈ બાપડી આંસુડાં પાડી પાડીને અરધી થઈ જાય ને !'

'પણ હું છું ને! આઈને હું લઈ જાઉં છું.'

તગવાર ખેંચી લાલચોળ આંખ કરી એંશી વરસના બે ડોસા બોલ્યા : 'જીવા, અમને આંહીં તેં નથી બેસાડ્યા; તારે બાપે બેસાડ્યા છે. એ આવશે ને કહેશે તો ઊઠશું. બાકી તો આંહીં જ મરશું. ગઢમાંથી એક માટલું પણ બીજે ક્યાંય નહિ ફેરવવા દઈએ. એંશી વરસે શું અમે દાઢીમાં ધૂળ ઘાલશું ?'

જીવો ચાલ્યો ગયો. હવે ધીંગાણા વિના બીજો ઉપાય ન રહ્યો. અઢારે જણા વરરાજા બનીને ઉઘાડી તરવારે ગામમાં ચાલ્યા. મોખરે જીવો ચાલતો હતો ત્યાં તો સત્તર જણામાંથી એક સાવજ જેવો જુવાન દોડીને મોઢા આગળ થયો. જીવો કહે : 'કેમ, ભાઈ?'

'કેમ શું વળી? તું મોટો ને હું શું નાનો છું ? પહેલી ગોળી તો હું જ ઝીલીશ.'

ત્યાં તો ધડિંગ ધડિંગ ધડિંગ કરતી ત્રણસો ગોળીઓ સામેથી વછૂટી. પણ રામ રાખે એને કોણ ચાખે? અઢાર જણામાંથી એક લાખાને પગે જ જખમ થયો. એક ગાય અને એક પનિહારી ઘવાયાં, બાકીના સત્તરેય મરદોએ એ ધુમાડાના ગોટેગોટની અંદર ઉઘાડી તરવારે દોટ મૂકી. ત્રણસો બરકંદાજોને ડેલીએ દાબી દીધા. ફરીવાર બંદૂકો ભરાય ત્યાં તો અઢારેય તરવારો પાકલ

શેરડી જેવા વેરીઓને વાઢવા મંડી. ડેલીમાં એક સીદી ને જીવો કરપડો મંડાણા ને ડેલી બહાર લાખો એક સિપાઈને પછાડી માથે ચડી બેઠો. દુશ્મનોનો સોથ વળી ગયો. બચ્યા તે ભાગી છૂટ્યા.

ઘવાયેલો વાઘ જેમ વકરી જાય, તેમ લાખો પણ ઝનૂને ચડ્યો. એ દોડ્યો દુશ્મનોના ઓરડા ઉપર. ઓરડાની ઓસરીમાં દુશ્મનોનાં બે છોકરાં કિનખાબનાં ઘોડિયાંમાં સૂતાં હતાં. બીજાં સાદાં, મેલાં ઘોડિયાંમાં વડારણોનાં બે છોકરાં સૂતેલાં. લાખાની ત્રાડ સાંભળીને કાઠિયાણીઓ તો ઓરડામાં ભરાઈ ગઈ, પણ રંગ છે દાસીઓને ! એમણે તરત જ પોતાના છોકરાઓને કિનખાબનાં ઘોડિયાંમાં સુવાડી દીધા, અને દરબારના કુંવરોને પોતાના છોકરાની જગ્યાએ સુવાડ્યા.

કાળભૈરવ જેવો લાખો ત્યાં પહોંચ્યો, જઈને કિનખાબનાં ઘોડિયાંમાં પોઢેલાં બાળકોને છેદી નાખ્યાં. કાઠિયાણીઓ અને દાસીઓની રડારોળ થઈ રહી. એ કાળી કિકિયારી સાંભળીને જીવો કરપડો દોડતો આવ્યો. છોકરાને હણાયેલ જોઈને જીવાએ કહ્યું : 'ધિક્, લાખા ! લોહીનો આટલો બધો તરસ્યો ? આ આપણી માયું નથી ? એનાં છોકરાં આપણા ભાંડું નહિ ? આ તેં કોને મારી નાખ્યા ? ભાગી જા, પાપિયા !'

લાખાને બહાર કાઢ્યો ત્યાં સુધી દાસીઓએ આંસુ રોકી રાખ્યાં હતાં, પણ પછી ન રહેવાયું. પોતાનાં બે ગભુડાંને મરેલાં ભાળીને એમણે છાનું રોઈ લીધું.

જીવો કહે : 'રંગ છે તમને ! તમે જ સાચી ક્ષત્રી જનેતા. બહેનો, હવે ફડકો રાખશો મા. હું ઊભો છું.'

એ જ વખતે વેલડાં જોડાવીને જીવાએ એ બધી બાઈઓને બગડ મોકલી દીધી. ત્યાર પછી આ વંશ બગડમાં જ ચાલ્યો છે, પાછા ઉબરડે આવ્યા જ નથી.

ધ્રાંગધ્રાના બરકંદાજો ભાગી નીકળ્યા, પછી કરપડાઓને બીક લાગી કે હમણાં ધ્રાંગધ્રાની તોપો આવી પહોંચશે; તેથી ઉબરડું છોડી અઢારેય જણા ગોસળ ચાલ્યા ગયા.

★★★

હવે, જે રાત્રે ધ્રાંગધ્રાના બરકંદાજો ઉબરડામાં દાખલ થયા તે રાત્રે ધ્રાંગધ્રામાં શું બન્યું ? ડેલીને માથે મેડી ઉપર મખમલના ગાદલામાં વિસામણ કરપડો સૂતેલ છે; પણ એને ઊંઘ આવતી નથી. એના મનમાં આફરડા આફરડા થડકારા થવા લાગ્યા. મનમાં થયું કે અત્યારે ને અત્યારે ચડી નીકળું.





પણ એની ઘોડી ક્યાં? દરવાજે દરબારના જીવા જમાદારની ચોકી હતી. જીવાને એણે કહ્યું : 'મારી ઘોડી લાવો.'

'વિસામણ કાકા, હવે રામરામ કરો.'

'કાં, બાપ ?'

'ઘોડીયે મળે નહિ, ને તમારાથીયે નીકળાય નહિ. મારો રોટલો તૂટે, મારા હાથમાં બેડી પડે.'

વિસામણ કરપડાએ જીવાને મોંએથી બધી વાત જાણી. અત્યાર લગીમાં તો ઉબરડાનો બાળધણી જમદ્વારે પહોંચ્યો હશે, એવી ગણતરી એણે કરી લીધી. બુઢ્ઢાની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. કપાળમાં મોતની કરચલીઓ પડી ગઈ.

'એ જીવા ! એ બાપ ! કેમેય કરીને મને જાવા દે. મારૂં જીવ્યું ધૂળ થઈ જાય છે !'

'બને જ નહિ.'

ડોસો કરગરવા લાગ્યો. એના હૈયામાં નિમકહલાલી રોતી હતી. જીવાએ નિમકહલાલી અનુભવી હતી. ડોસાના કાલાવાલાએ એની છાતી પણ પિગળાવી. પોતાના ભાણેજને બોલાવીને એણે પોતાનો ઘોડો મંગાવ્યો. વિસામણ કરપડાને ઘોડે બેસાડી, લગામ ભાણેજના હાથમાં સોંપી. જ્યાં સવાર પડે ત્યાં કરપડાને નીચે ઉતારી તાબડતોબ પાછા આવવાની ભાણેજને ભલામણ કરી.

'કાકા, જોજો હો, મારાં છોકરાં ન રઝળાવતા.'

'હો બાપ !'

વિસામણ કરપડો ચાલ્યો. સવાર પડ્યું એટલે ડોસાને નીચે ઉતારીને ઘોડો પાછો વળી નીકળ્યો. પણ હજી તો ઉબરડું ક્યાંય આઘું રહ્યું. એંશી વરસનો ડોસો આજ આફતના ખબર સાંભળીને જ અરધો તો મરી ગયો છે, ફડકો પડવાથી એની કેડ ભાંગી ગઈ છે. વળી ઉપર ભાલું, તલવાર અને અફીણના ખડિયાનો ભાર છે. હાલતો જાય છે, નિસાસો નાખતો જાય છે, ને ઘડી ઘડી પોરો ખાતો જાય છે,

વચમાં સુંદરી ગામ આવ્યું. સુંદરીમાં પોતાનો ઓળખીતો એક ચારણ રહેતો હતો. ચારણને એણે ખૂબ ખવરાવેલું. ત્યાં એ ઘોડું માગવા ગયો. ચારણે ઘોડું તો ન દીધું, પણ ઊલટો જાકારો દીધો. દુ:ખી કાઠી ચાલી નીકળ્યો.

રસ્તામાં એક વાણિયો ને એક ગરાસિયો મળ્યા. વાણિયાની રાંગમાં ગરાસિયાની ઘોડી રમતી આવતી હતી. ગરાસિયે કહ્યું : 'અરે વિસામણ કાકા! આમ પગપાળા કાં?'

'બાપ, ઘોડી મને પાડીને ભાગી ગઈ. મને વાગ્યું છે. ચલાતું નથી. સામે ગામ પહોંચાય તો ઘોડું લઈ લઉં.'

ઘોડી ગરાસિયાની હતી. ગરાસિયો કહે: 'શેઠ, ઊતરો; કાકાને સામે ગામ પહોંચાડવા પડશે.

ઘોડી ઉપર રાંગ વાળીને વિસામણે ઘોડીના ડેબામાં એડી મારી. ઘોડી ચાલી નીકળી. રજપૂતનું મોં ફાટ્યું રહ્યું; એ બોલ્યો : 'કાકા, દગો ?'

ચાલતી ઘોડીએ ડોસો કહેતો ગયો : 'ભા, ફિકર કરશો મા. કાલ સવારે તમારી ઘોડી પાછી પહોંચાડીશ. આ તો દગો કહો, તો દગો !'

એમ કહીને વિસામણ કરપડે ઘોડી વહેતી મૂકી. બપોરે ઉબરડે આવ્યો. બધા સમાચાર લઈને ગોસળ ગયો. ત્યાંથી અઢારેય જુવાનોને લઈ ગીરમાં ગયો. ત્યાંથી જેતપુર દરબાર મૂળુ વાળાની મદદથી ધ્રાંગધ્રા સામે બહારવટું માંડ્યું.

★★★

કરપડાના બહારવટાએ ધ્રાંગધ્રાને ડોલાવી નાખ્યું. આખરે જીવા જમાદારે વિચાર કર્યો : 'આ પાપ મારે માથે છે. મેં એને જીવતો જાવા દીધો ત્યારે આમ બન્યું ને ! એની વાંસે મારે જ મરવું જોઈએ.'

જીવો જમાદાર ઘોડે ચડ્યો. રાજસાહેબે ઘણો સમજાવ્યો, પણ જીવો માન્યો નહિ. પોતાની ફોજ સાથે એ ઉબરડે જઈ રાત રહ્યો. સવારમાં પડાવ ઊપડ્યો ત્યારે ગાયોનું ધણ પહર ચરીને ઝાંપામાં દાખલ થતું હતું. ગાયોની ધકબકને લીધે ઘોડેસવારોનાં ઘોડાં થંભી રહ્યાં. ગાયો ઘોડાંને શિંગડે મારવા લાગી એટલે સવારો ભાલાં લઈને ગાયોને મારવા લાગ્યા. આ નિર્દયતા જોઈ ગોવાળની આંખમાં લોહી વરસ્યું. એ બોલ્યો : 'ગાયનાં શીંગ નથી ખમાતાં, તો કરપડાનાં ભાલાં શે ખમાશે ? આ પડ્યા તમારા કાકાઓ – સીમાડાની તળાવડીએ. જાઓ ને મરદ હો તો !'

ગોવાળને ખૂબ માર મારીને ફોજ તળાવડી તરફ ચાલી નીકળી. રાતે માવઠું થયેલું, એટલે બહારવટિયાના સગડ તો ચોખ્ખા હતા. તળાવડીએથી એ ટુકડી નીકળીને ગઈ હતી. નીકળીને સુદામડાને પડખે ભમરના ડુંગરામાં આશરો લઈ લીધો હતો.



પડ જુઓ પાંચાળ (ભાગ-૩ સાયલા)

એ ડુંગરમાં એક ઊંડું નેરું છે. ઉપરવાસ થઈને એ નેરામાં દાખલ થવાય છે. બીજો રસ્તો નથી. બેય કાંઠે ભયંકર ઊંચી ભેખડો ઊભી છે. નિરાધાર બહારવટિયાઓને આશરો લેવા માટે જ જાણે કુદરત માતાએ આ જગ્યા બનાવી હશે.

સત્તર જણા એ નેરામાં બેસી ગયા. અઢારમો લાખો કરપડો નેરાને કાંઠે એક ધાર ઉપર ચાડીકો બનીને બેઠો. ત્યાં તો આઘેથી ધ્રાંગધ્રાની ગિસ્તની ખેપટ ઊડતી દેખાણી. લાખાને એકલા લડીને જશ લેવો હતો તેથી એણે પોતાના સાથીને કહ્યું : 'જા, નેરામાં જઈને હોકો ભરી આવ.'

ગિસ્ત આવી તેને લાખાએ કાંઠે જ થંભાવી દીધી. જીવો જમાદાર એકલો અંદર ઊતર્યો. હાથમાં ભરેલી બંદૂક હતી. જીવો કરપડો ઘોડી પર ચડીને હેઠવાશ ભાગવા મંડ્યો અને કહેવા લાગ્યો : 'જીવા જમાદાર, તેં મારા બાપને તે દી બચાવ્યો છે. આજ શીદ એ ગણ ભૂલવછ? શું મોઢું લઈને હું તારા ઉપર ઘા કરું ?'

જીવા જમાદારે પડકારા કર્યા : 'જીવા, જે કાળે જે ધરમ ! હવે ભાગ મા; હમણાં તારી ઘોડીનો ગાભ નીકળી પડશે.'

'તારી પાસે ભરી બંદૂક છે એટલે ડરાવતો હોઈશ, કાં ?'

'આ લે, બંદૂક !' કહીને જીવા જમાદારે બંદૂક ફેંકી દીધી. બેય જીવા બરછીએ આવ્યા. કરપડાનો ઘા બરાબર જીવા જમાદારના પેટમાં વાગ્યો. ઘોડી ઉપરથી એ લથડ્યો, પણ એક પગ પેંગડામાં ભરાઈ રહ્યો; ઘોડી આંટા ફરવા મંડી. જમાદાર ઢસડાણો. કરપડે નીચે ઊતરીને જમાદારને છૂટો કર્યો ત્યારે જમાદાર બોલ્યો : 'જીવા, હું સૈયદ છું. મારી કાયા ઢસડાણી તેમ તારું બહારવટુંયે ઢસરડાશે. હું તો મરું છું, પણ ભાઈ, મારો છોકરો હાલ્યો આવે છે, એને બચાવજે. તારા બાપને બદલે મારો દીકરો દેજે.'

જીવો જમાદાર મરી ગયો : એના દીકરાને કરપડા અડક્યા નહિ. જીવાની દફનક્રિયા કરીને કરપડા ગીરમાં ઊતરી ગયા.

આખરે જેતપુરના મૂળુ વાળાએ રાજસાહેબ સાથે વિષ્ટિ કરીને કરપડાઓનું બહારવટું પાર પડાવ્યું. કરપડાને એક સો સાંતીની જમીન મળી અને ભોજ ખાચરને પણ એનો ગરા પાછો સોંપાયો. અત્યારે કરપડા પોતાની જમીન ખાય છે. પણ ભોજ ખાચર બીજી પેઢી નિર્વંશ ગયા, એટલે ધ્રાંગધ્રાએ ઉબરડાનો ગરાસ ઊંચકાવી લીધો છે.

# કાનિયો ઝાંપડો

મહારાજને આથમવાનું ટાણું થતું હતું. તે વખતે સીમમાંથી રખોલિયાએ હાંફતાં હાંફતાં આવી સુદામડા ગામે વાવડ દીધા કે સીમાડે ખેપટ ઊડતી આવે છે. માળિયાના મિયાણાનું પાળ એકસામટી સો-સો બંદૂકો સાથે સુદામડા ભાંગવા ચાલ્યું આવે છે.

સાંભળીને દરબાર શાદૂળ ખવડના માથામાં ચસકો નીકળી ગયો. આજ એને પોતાની આબરૂ ધૂળ મળવાનું ટાણું આવ્યું લાગ્યું. એના તમામ કાઠીઓ ગામતરે ગયા હતા. ગામમાં ઘરડાં-બુઢ્ઢા વિના કોઈ લડનારો ન મળે. હથિયાર હતાં નહિ, તેમ હથિયાર બાંધી જાણે તેવી વસ્તીયે નહોતી. ઘડીક વાર તો લમણે હાથ દઈને શાદૂળ ખવડ બેસી રહ્યા.

'પાળ આવે છે! મિયાણાનું મોટું પાળ આવે છે!' એવો પોકાર આખા સુદામડામાં પડી ગયો, અને એ પોકાર સાંભળ્યા ભેળા તો લોકો ઘરમાંથી ધમાકા દેતાં બહાર આવ્યાં. કાઠિયાણીઓ સાંબેલાં લઈ લઈને ઉંબરે ઊભી રહી. છોકરાં તો પા'ણાની ઢગલી કરી શત્રુઓની સામે ધીંગાણું મચાવવા ટોળે વળ્યાં.

કોઈએ કહ્યું કે 'બાપુ મૂંઝાઈને બેઠા છે : હથિયાર નથી, માણસ નથી, ગામ લૂંટાશે, બાઈયુંને માથે તરકડાઓના હાથ પડશે. એટલે બાપુ તગવાર ખાઈને મરશે !'

'અરે મર્યાં ! મર્યાં ! અમે શું ચૂડિયું પે'રી છે ?' નાનાં નાનાં ટાબરિયાં અને ખોખડધજ બુઢ્ઢા બોલી ઊઠ્યાં.

'અને અમે ચૂડલિયુંની પે'રનારિયું શું તાણી કાઢેલ છીએ તે એમ અમારે માથે પારકા હાથ પડવા દેશું ? અમારો ચૂડલો જેને માથે ઝીંકશું એની ખોપરીનાં કાચલાં નહિ ઊડી જાય ? જાવ બાપુ પાસે, અને એને હરમત આપો.'

વસ્તીના જે દસ-વીસ માણસો હતા તે શાદૂળ ખવડની ડેલીએ ગયા; જઈને હોંકારા કરી ઊઠ્યા કે 'એ આપા શાદૂળ ! એલા શાદૂળો થઈને આમ ક્યારનો વિચાર શું કરછ ? અમારાં ખોળિયાંમાં પ્રાણ છે ત્યાં સુધી બાપડા મિયાણા શું સુદામડાનો ઝાંપો વળોટી શકે ? અરે, હથિયાર બાંધ્ય. તારા ગામની બાયડિયું કછોટા વાળીને ઊભી થઈ ગઈ છે !'

ત્યાં એક વાઘરણ બોલી : 'અરે બાપ શાદૂળ ખવડ ! અમે બધાંય તો સુદામડાનાં ધણી છયેં. તે દી લાખા કરપડાએ નીંભણી નદીને કાંઠે ગામ બધાંને શું નહોતું કહ્યું કે 'સુદામડા તો સમે માથે !' તે દીથી આખી વસ્તી ગામની સરખી ભાગીદાર થઈ છે. તારી ડેલી અને અમારા કૂબા



પડ જુઓ પાંચાળ (ભાગ-૩ સાયલા)

વચ્ચે ફરક નથી રહ્યો. સુદામડાને માથે માથાં જાય તોય શું? ધણી છૈયેં !'

'હા! હા! અમે બધાં સુદામડાનાં સરખે ભાગે ધણી છીએ !' એમ આખી વસ્તી ગરજી ઊઠી.

સંવત 1806ની અંદર આખું ગામ એક શત્રુ સામે લડ્યું હતું. તે દિવસથી જ 'સમે માથે સુદામડા'ના કરાર થયેલા. એટલે કે આખી વસ્તીને સરખે ભાગે ગામની જમીનની વહેંચણ થઈ હતી તે વાત ગામની વાઘરણ પણ નહોતી વીસરી.

એક ઝાંપડો પણ એ વખતે ત્યાં ઊભો હતો. 'એલા, છેટો રે' ! છેટો રે' !' એમ સહુ એને હુડકારતાં હતાં. ત્યાં તો એની સામે આંગળી ચીંધીને એની વહુ કહેવા લાગી : 'અને, એ શાદૂળ બાપુ ! આ મારો ધણી કાનિયો તમને શૂરાતન ચડાવવા બૂંગિયો વગાડશે. ઈયે સુદામડાનો ભાગદાર છે. અને રોયા ! સુદામડા સારૂ જો તું આજ મરીશ નહિ ને, તો હું તને ઘરમાં નહિ ગરવા દઉં !'

ઝાંપડો હસ્યો, કાંઈ બોલ્યો નહિ, પણ ગળામાં કોઠી જેવડો ઢોલ ટાંગીને પોતાના રાઠોડી હાથ વડે તરઘાયો વગાડવા માંડ્યો. એની જોરાવર દાંડી પડી, એટલે જાણે કે આસમાન ગુંજવા લાગ્યું. એનું નામ કાનિયો ઝાંપડો.

'એલા, ગાડાં લાવો, ઝટ ગાડાં ભેળાં કરો.' એવી હાકલ પડી. કાનિયાને તરઘાયે કાયરને છાબડે પણ હરિ આવ્યા.

હડેડાટ કરતાં ગાડાં આવી પહોંચ્યાં. ધબોધબ ગામના ઝાંપા બંધ થયા, અને ઝાંપા આડાં આખા ગામનાં ગાડાં ઠાંસી દીધાં. એની આડા દસ દસ માણસો તલવાર લઈને ઊભા રહ્યા. ઝાલરટાણું થઈ ગયું. ગામનો બાવો ધ્યાન ધરીને ઠાકર મા'રાજની આરતી ઉતારવા માંડ્યો. પાંચ શેર પિત્તળની એ ઊજળી આરતીમાંથી દસ દસ જ્યોતના ઝળેળાટ ઠાકર મા'રાજના મોઢા પર રમવા મંડ્યા. ટપૂડિયાં છોકરાં હાંફતાં હાંફતાં ચોરાના એ તોતિંગ નગારા ઉપર ડાંડીના ઘા દેવા લાગ્યાં. અને બીજી બાજુ ઝાંપા બહાર આછા આછા અંધારામાં નીંભણી નદીને કાંઠે દુશ્મનોની બંદૂકની જામગરીઓ ઝબૂકવા માંડી.

ઓલી વાઘરણનો કૂબો બરાબર ઝાંપાને પડખે જ હતો. શિકાર કરવાની બંદૂકમાં દારૂગોળી ધરબીને જામગરી ઝેગવી વાઘરણે પોતાના ધણીના હાથમાં દીધી અને કહ્યું : 'એય રોયા ! તેતર ને સાંસલાં તો રોજ મારછ, તઈ આજ એકાદ મોવડીને મારીને ગામનું ધણીપણું તો સાચું કરી દેખાડ્ય !'

વાઘરીને ચાનક ચડી. હાથમાં બંદૂક લઈને ગાડાના ગૂડિયા વચ્ચે ગોઠવાઈને એ બેસી ગયો. મિયાણા આવી પહોંચ્યા. મોખરે એનો સરદાર લખો પાડેર ચાલ્યો આવતો હતો. લખા પાડેરના હાથમાં જે જામગરી ઝગતી હતી તેના અજવાળામાં એની રાક્ષસી કાયા બરાબર ચોખ્ખી દેખાતી હતી. એને દેખતાં જ કૂબાને ઓટે ઊભાં ઊભાં વાઘરણે વાઘરીને ચીસ પાડી : 'એય પીટ્યા ! જોઈ શું રિયો છો ? દે, દે, ઈ મોવડીના કપાળની ટીલડીમાં નોંધીને કર ભડાકો ! ને કાચલાં કરી નાખ્ય એની ખોપરીના. દે ઝટ! ચાર જુગ તારૂં નામ રે'શે.'

પણ વાઘરીના હાથ કંપવા માંડ્યા. બંદૂક ફોડવાની એની છાતી ન ચાલી. માથે વીજળી પડી હોય એવો એ ત્યાં ને ત્યાં સજ્જડ થઈ ગયો. તે વખતે એક સુતાર હાથમાં હાથલો લઈને ઊભો હતો. કાનિયાએ તરઘાયા ઢોલ પર ડાંડી નાખી, ત્યાં સુતારનું સત જાગી ગયું. એના મનમાં અજવાળું થઈ ગયું કે 'હાય હાય! હુંય સુદામડાનો સરખો ધણી ! અને આવો લાગ જાય !'

એણે દોટ દીધી. વાઘરીના હાથમાંથી ઝૂંટવીને એણે બંદૂક ખભે ચડાવી. લખા પાડેરના કપાળ સામે નોંધી, દાગી, અને હડુડુ દેતી ગોળી છૂટતાં વાર જ લખાની ખોપરીમાં 'ફડાક !' અવાજ થયો. હરદ્વારના મેળામાં કોઈ જોરદાર હાથની થપાટ વાગતાં દૂબળા સાધુડાના હાથમાંથી સવાશેર ખીચડી સોતું રામપાતર ઊડી પડે તેમ લખાની ખોપરી ઊડી પડી. જીવતરમાં પહેલી જ વાર હાથમાં બંદૂક ઝાલનારા એ સુતારે રંગ રાખી દીધો.

અને પછી તો 'ધો ! ધો !' એમ દેકારો બોલ્યો. પાડેર પડ્યો અને અંધારામાં મિયાણા આકુળ વ્યાકુળ થયા. મનમાં લાગ્યું કે ઝાંપામાં કોણ જાણે કેટલા જોદ્ધા બેઠા હશે. ગોકીરો પણ કાળા ગજબનો થઈ પડ્યો. પથરા છૂટ્યા. મિયાણાની જામગરીઓ બંદૂકોના કાનમાં ચંપાવા લાગી. ભડાકા થયા. પણ ગોળીઓ ઠણણણ દેતી ગાડા સાથે ભટકાઈને ભોંયે પડવા માંડી. તોયે એ તો મિયાણાની બંદૂકો ! કંઈકને ઘાયલ કરીને લખા પાડેરની લાશ લેતા કે મિયાણા રવાના થયા.

ઝાંપા ઉપર તો રંગ દાખી દીધો. પણ કાનિયો ઢોલી ગોતે છે કે 'આપો શાદૂળ ક્યાં ? ઝાંપે ડંકતા ડંકતા જે ઘાયલો પડ્યા હતા તે કહે : 'કાનિયા! આપા શાદૂળને ગોત, એને બચાવજે.'

કાનિયો ઢોલી ધણીને ગોતવા લાગ્યો.

હાથમાં ઉઘાડી તગવાર લઈને આપો શાદૂળ ગઢની રાંગે રાંગે અંદરથી તપાસતા તપાસતા ચાલ્યા જાય છે. બીજું કોઈ આદમી એની પાસે નથી. એને ફડકો હતો કે ક્યાંક શત્રુઓ ગઢ ઉપરથી ઠેકીને ગામમાં પેસી જશે.





મિયાણા પણ બહારને રસ્તે બરાબર ગઢની રાંગે રાંગે ચાલ્યા જતા હતા, એવામાં તેઓએ ગઢની દીવાલમાં એક નાનકડું ગરનાળું દીઠું. લાગ જોઈને મિયાણા અંદર પેસવા લાગ્યા, અને પડખે હાડકાંનો એક મોટો નળો પડ્યો હતો, એ ઉપાડીને મિયાણાએ આપા શાદૂળને માથે ઝીંક્યો. પહેલવાન મિયાણાના પ્રચંડ ઘાએ આપો શાદૂળ બેહોશ બનીને ધરતી ઉપર ઢળી પડ્યા.

પણ ત્યાં તો 'ધડ ! ધડ ! ધડ !' – એમ કોણ જાણે એકસામટી કેટલી તગવારના ઝાટકા મિયાણાઓને માથે તૂટી પડ્યા. ભૂતનાથના ભેરવ જેવા કદાવર અને ખૂની મિયાણા, મોટા પહાડને માથેથી પથરા પડે તેમ ધરતી ઉપર પડવા લાગ્યા. આ કોની તલવારો ઝીંક બોલાવે છે તે જોવા ઊંચી નજર કરવાનીયે વેળા નહોતી. 'આ લે ! આ લે ! લેતો જા !' એમ ચસકા થતા જાય છે ને તલવારના ઝાટકા પડતા જાય છે. શત્રુઓનો સોથ વળી ગયો. સામસામી તલવારોની તાળી બોલી ગઈ. પણ કોણ કોને મારે છે તેની અંધારે ગમ ન પડી. મિયાણા ભાગ્યા, અને ભાગ્યા તેટલા પણ દ્વારકાના જાત્રાળુની જેમ સુદામડાની જાત્રાનાં એંધાણ તરીકે તલવારના ઝાટકાની દ્વારકા છાપ લેતા ગયા.

એ છાપો દેનારી ભુજા કોની હતી ? એ અંધારામાં કોણ, કેટલા જણા વારે આવી પહોંચ્યા હતા ? બીજું કોઈ નહિ. એકલો કાનિયો જ હતો. કાનિયો બાપુને ગોતતો હતો. બરાબર ટાણે એ આવી પહોંચ્યો. બાપુનો બેહોશ દેહ પટકાઈને પડ્યો હતો. તેની જ કમરમાંથી કાનિયે તલવાર ખેંચી લીધી. અને અંધારામાં એની એકલી ભુજાએ પંદર-પંદર ઝાટકા સામટા પડતા હોવ એટલી ઝડપથી તલવાર આછટી. એણે એકલાએ દેકારો બોલાવ્યો. સુદામડાને સહુથી વધુ બચાવનાર એ કાનિયો હતો.

આપા શાદૂળની કળ ઊતરી, એણે આંખો ઉઘાડી. પડખે જુએ ત્યાં પચીસ-પચીસ ઘામાં કટકા થઈ ગયેલો કાનિયો પડ્યો છે.

બાપુ ! સુદામડા –' એટલું જ એ બોલી શક્યો. પછી એના પ્રાણનો દીવો ઓલવાઈ ગયો.

સવારે ચોરામાં ડાયરો ભરાણો. મરેલાઓને દેન દેવાની તૈયારી થતી હતી. બધી લાશો સામે પડી હતી. એ ટાણે માણસોનો અફસોસ ઉડાડવા માટે ગઢવીએ પોરસનાં કાઢ્યાં : 'ખમા ! ખમા તને, આપા શાદૂળ ! આજ તેં કાઠિયાણીની કૂખ ઉજાળી ! જોગમાય- સુદામડાનું નાક રાખ્યું. વાહ રણના ખેલણહાર !'

(1)

છોહડાં રણભડાં કે' એમ સાદો,

લોહ ઝડાકા બેસલડાં,
ભડ ઊભે ઝાંપો ભેળાયે,
(તો) ભઠ છે જીવન એહ ભડાં.

(શાદૂળ ખવડ કહે છે : 'હે બળવાન જોદ્ધાઓ, હે તગવારોના સાધેલા વીર નરો, તમે હાજર છતાં. જો ગામના દરવાજામાં દુશ્મનો દાખલ થઈ જાય, તો વીર એવા શૂરવીરોનું જીવતર ધૂળ મળ્યું.')

(2)

એમ મરદ લુણાઓત આખે,
સણજો ગલ્લાં નરાં સરાં,
નર ઊભે ભેળાય નીંગરૂં,
તો નાનત છે એહ નરાં.

(લૂણા ખવડનો પુત્ર શાદૂળ કહે છે કે 'હે પુરૂષો, સાંભળજો, કે જો મરદ ઊભો હોય છતાં લૂંટાય, તો તો એવા મરદને લાંછન હજો.')

(3)

વળગ્યા ગઢે માળિયાવાળા,
માટીપણારા ભરેલ મિંયા,
પોતે ચકચૂર થિયો પવાડે,
એમ કેક ભડ ચકચૂર કિયા.

(માળિયાવાળા મિયાણા લૂંટારા, કે જે મરદાનગી ભરેલા હતા તે, સુદામડાના ગઢ ઉપર તૂટી પડ્યા. તે વખતે બહાદુર શાદૂળ ખવડ મરણિયો બન્યો અને બીજા કંઈકને એણે શૂરાતન ચઢાવ્યાં.)

(4)

સાદે ગઢ રાખ્યો સુદલપર,
દોખી તણો ન લાગે દાવ,
એમ કરી કસળે ઊગરિયો,
રંગ છે થાને, ખવડારાવ.

(સુદામડાનો ગઢ શાદૂળ ખવડે એવી રીતે બચાવી લીધો. દુશ્મનોને લાગ ફાવ્યો નહિ. એ





રીતે શાદૂળ ખવડ, તુંયે ક્ષેમકુશળ ઉગરી ગયો. ખવડોના રાજા, રંગ છે તને.)

પોતાના પરાક્રમનું ગીત સાંભળીને શાદૂળ ખવડે ઉદાસ મુખે ડોકું હલાવ્યું.

ચારણ પૂછે : 'કાં, બાપ ! કાંઈ મોળું કહ્યું ?'

'ગઢવા! કવિની કવિતાયે આભડછેટથી બીતી હશે કે ?'

'કાંઈ સમજાણું નહિ, આપા શાદૂળ !'

'ગઢવા ! તમારા ગીતમાં મારો કાનિયો ક્યાં ? કાનિયાના નામ વિનાની કવિતાને હું શું કરૂં ?!'

ચારણને ભોંઠામણ આવ્યું. એણે ફરીથી સરસ્વતીને સાદ કર્યો. બે હાથ જોડીને એણે દિશાઓને વંદના દીધી, ત્યાં એની જીભમાંથી વેણ ઝરવા માંડ્યાં

(ગીત – જાંગડું)

અડડ માળિયો કડડ સુદામડે આફળ્યો,
ભજ નગર વાતનો થિયો ભામો,
કોડ અપસર તણા ચૂડલા કારણે,
સૂંડલાનો વાળતલ ગિયો સામો.

(માળિયાના મિયાણા સુદામડા ઉપર તૂટી પડ્યા, જાણે કે ભુજ અને નગર વચ્ચે યુદ્ધ મંડાયું. એ વખતે રણક્ષેત્રમાં મરીને અપ્સરાઓને પરણવાના કોડથી એક ઝાડુ કાઢનાર ભંગી શતૃઓ સામે ગયો.)

વરતરિયા તણો નકે રિયો વારિયો,
ઘઘુંબ્યો પાળ ને ચડ્યો ઘોડે,
ઢોલના વગડાવતલ કેમ નવ ધડકિયા,
ઢોલનો વગાડતલ ગિયો ધોડે.

(પોતાની બાયડીનો વાર્યો પણ એ ન રહ્યો. લશ્કર તૈયાર થયું. પોતેય ઘોડે ચડ્યો, અને એની પાસે ઢોલ વગડાવનારાઓને – શૂરવીરોને તો હજી શૌર્ય ચઢતું રહ્યું. ત્યાં તો ઢોલ વગાડનારો પોતે જ રણઘેલો બનીને દોડ્યો.

વીભડા તણાં દળ કરમડે વાઢિયાં,
સભાસર આટકે લોહી સૂકાં,

અપસરા કારણે ઝાટકે આટકી,
ઝાંપડો પોળ વચ થિયો ઝૂકા.

(શત્રુઓનાં ટોળાંને એણે લડીને તરવારથી કાપી નાખ્યાં. અપ્સરાઓને વરવાનો ઉત્સાહી એ કાનિયો ભંગી લડીને આખરે શેરી વચ્ચે મર્યો.)

ભડ્યા બે રખેહર જેતપર ભોંયરે,
વજાડી ખાગ ને, આગ વધકો,
રંગે ચડ્યો ગામને, સામે કસળે રિયા,
એટલો કાનિયાનો મરણ અધકો.

(અગાઉ પણ બે અછૂતો લડેલા હતા : એક જેતપુરમાં ચાંપરાજ વાળાના યુદ્ધ વખતે ને બીજો ભોંયરગઢની લડાઈમાં. તે બન્નેએ પણ પોતાના ગામને ખાતર ખડ્ગ વાપર્યાં. પણ કાનિયાનું મરણ તો એથીયે અધિક છે, કેમ કે એક તો એણે ગામને વિજયનો રંગ ચડાવ્યો, ને વળી પોતાના માલિકને એણે કુશળ રાખ્યા.)

## પાંચાળનું વન્યજીવન

પાંચાળમાં 150 વર્ષ પહેલાં સિંહ જોવા મળતા હતા. આ ઉપરાંત દીપડો, જંગલી બિલાડી, કીડીખાઉં, વરુ, શિયાળ, પટ્ટાવાળું ઝરખ, વાણિયાર, ધોરખોદીયું, નોળિયું, નીલગાય, ચિંકારા, સાબર, શેળો, સાહુડી, સસલું, લોંકડી, જંગલી ડુક્કર વગેરે વન્યપ્રાણીઓ જોવા મળતાં હતાં.

ગરોળી, ઘો, કાકિડા, સાપની માસી, વીંછી, દેદડા, કાચબા અને સાપ (નાગ) ખડચીતળો, ફરસો, કાળોતરો, ધામણ, ભંફોડી, ચેકર્ડ, રૂપસુંદરી, અજગર વગેરે સરીસૃપ અને ઊભયજીવ જોવા મળતા હતા.

ડૂબકી, પેણ, ચાસ, દસરથીયું, દુધીયો લટોરો, નવરંગ માખીમાર, કોશી, ઢોંક, ફ્લેમીંગો, ગીધ, સમડી, ચીબરી, મોર, પતંગિયા વગેરે યાયાવર પક્ષીઓ જોવા મળતા હતા.

ઘાસ, વડ, પીપળો, બોરડી, રાયણ, ખાખરો, લીંબડો, વનસ્પતિઓ, થોર વગેરે જોવા મળતા હતા.

-Wild Life of Panchal Dr. Chapraj Karapda





## એભલ પટગીર

એભલ પટગીર ડંકો દીધો, સોરઠ દેશમાં,
નવખંડ રાખ્યું કાઠીનું નામ રે.
મરદ એભલ આખા મલકમાં,
નોલીનું અમર રાખ્યું નામ રે.

ઈ.સ. 1915 થી 1921, ‘માત્ર છ વર્ષના ટૂંકા બહારવટામાં નોલીના એભલ પટગીર અંગ્રેજ એજન્સી અને ગાયકવાડ સરકાર સામે લડી આખા કાઠિયાવાડમાં પોતાનું નામ અમર કરી ગયા. એભલ પટગીર નોલીના રૂખડ પટગીરના પુત્ર. એ સમયે નોલી અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં હતું; આજે સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં છે. ગાયકવાડ સરકારની ચોથનો પ્રતિકાર કરતાં એભલ પટગીરનાં ગામ-ગરાસ જપ્ત થયાં એ અન્યાય સામે જ 45 વર્ષની ઉંમરે તેઓ બહારવટે ચડ્યા. થોડા સમયમાં એમની ફરતે એકવીસ માણસોની ટોળી બંધાઈ. માથાનું ઇનામ ખાલસા સરકારનું રૂ. 300 અને જામ સાહેબનું રૂ. 250 જાહેર થયું.

એભલ પટગીરે જામ સાહેબનું રણજીતગઢ ઉતરાણના દિવસે ભાંગ્યું; આ ઉપરાંત તુરખા, ચુડા, કારીયાણી, આટકોટ, ગળીયાણુ જેવાં અનેક ગામ ભાંગ્યાં. કારીયાણી ભાંગીને સાત મણ સાકર વહેંચી

એમના ચારિત્ર્યનો ઉમદા તત્વઃ તેઓ ગાંધી વિચારધારાને માન આપતા. ગાંધીવાદી દરબાર ગોપાલદાસ (ઢસા-રાયસાંકળી)નાં ગામ એમણે ભાંગ્યાં નહિ; એક વાર પકડાયેલાં બે બાળકો રાયસાંકળીનાં છે જાણી તુરંત છોડી મૂક્યાં.એભલ પટગીરની ગાથા સાથે અભણ છતાં મર્મજ્ઞ ચારણ કવિ પાલરવભા પાલિયાનું નામ જોડાયેલું છે, ઝવેરચંદ મેઘાણીના ચિત્તમાં પણ આ કવિ ચોંટી ગયેલા. મેઘાણી કહેતા કે

‘પાલરવભા દુઃખનાં કૂંડાં પીને કવિતાનો ઓડકાર ખાતો.
એભલની મર્દાનગી એમના હૈયા ને હોકારા દેતી
ચેતવણી છતાં તેઓ નોલી જઈ દુહા સંભળાવ્યાઃ
કડાબીડના કોઈ, સો પટ ગોળા સોસરાં,
તેગ ન છોડી તોય, અંગ્રેજ આગળ એભલા.

એભલને રંગ દેવા બદલ પાલરવભાની ધરપકડનું વોરંટ છૂટ્યું, પણ લાખાવાડના દરબાર વીરા ખવડે એમને સત્તર વર્ષ સુધી આશરો આપી સાચવ્યા. ઉંડવાને કાંઠે વીરગતિઃ નડાળાની સીમમાં ઉંડવા નદીને કાંઠે પોલીસે ઘેરો નાખ્યો. અંગ્રેજ સાહેબે ફાયરિંગ બંધ કરાવી, જીવનદાનનું વચન આપી શરણે થવા કહ્યું પણ એભલ પટગીર અડગ રહ્યાઃ પાળીયાદથી વધારે દારૂગોળો મંગાવાયો; સતત ત્રણ કલાક ગોળીબાર ચાલ્યો. શરીર ચારણી જેવું વીંધાયા છતાં છેલ્લે સુધી પોતે ગોળીબાર ચાલુ રાખ્યો અને વીરગતિ પામ્યા.

## ચોટલાવાળી

વાતને આજ સત્તાવીશ વરસ થઈ ગયાં. સંવત 1955ની સાલમાં મોતી શેઠ નામે રાણપુરનો વાણિયો નાગડકાની વાટે ગોળ લેવા આવેલો. તે દી તેણે આ પ્રમાણે અક્ષરેઅક્ષર વાત કરી:

આપા, થોડા મહિના અગાઉ હું નાગનેશ ઉઘરાણીએ ગયેલો. સાંજ પડ્યે ઉઘરાણીના રૂપિયા વીસ મારા ખિસ્સામાં નાખીને મેં પાછા વળવાનું પરિયાણ કર્યું. ચોરે બેઠેલા ચૂંવાળિયા કોળીઓએ રૂપિયા વીસ મારા ખિસ્સામાં પડતા જોયા.

હું બહાર નીકળ્યો. મેં પગ ઉપાડ્યા. મંડ્યો ઝટ ભાગવા. એમાં વાંસેથી હાકલા પડ્યા : 'ઊભો રે'! ઊભો રે'!'

ભાઈ, મેં પછવાડે જોયું. ચૂંવાળિયાને દેખ્યા. મારા પ્રાણ ઊડી ગયા. હું ભાગ્યો. મારે મોઢે લોટ ઊડતો આવે, શ્વાસનો ગોટો વળતો આવે, પાઘડીના આંટા ગળામાં પડતા આવે, અને બે હાથ કાછડી ઝાલીને હું ભાગતો આવું છું; વાંસેથી 'ઊભો રે !' એલા, ઊભો રે !' એવા દેકારા થાતા આવે. દેકારા સાંભળતાં જ મારા ગૂડા ભાંગી પડ્યા.

સામે જોઉં ત્યાં નદીને કાંઠે ટૂંકડું એક વેલડું છૂટેલું. કોઈક આદમી હશે ! હું દોડ્યો. પાસે પહોંચું ત્યાં તો બીજું કોઈ નહિ ! એક રજપૂતાણી: ભરપૂર જુવાની: એકલી: કૂંપામાંથી ધૂપેલ તેલ કાઢીને માથાની લાંબી લાંબી વેણી ઓળે.

ભફ દેતો હું એ જોગમાયાને પગે પડી ગયો. મારા કોઠામાં શ્વાસ સમાતો નહોતો.

'એલા, પણ છે શું ?' બાઈએ પૂછ્યું.

'માવડી, મને ચૂંવાળિયા લૂંટે છે, તમનેય હમણે.....'

મારો સાદ ફાટી ગયો. બાઈના ડિલ માથે સૂંડલો એક સોનું: વેલડામાં લૂગડાં-લત્તાની પેટી. આજુબાજુ ઉજ્જડ વગડો. કાળા માથાનું માનવી ક્યાંય ન દેખાય. આમાં બાઈની શી વલે થાશે ? મારો પ્રાણ ફફડી ઊઠ્યો.

'કોણ ? બાપડા ચૂંવાળિયા લૂંટે છે ?' મોં મલકાવીને બાઈએ પૂછ્યું.

'માતાજી ! આ હાલ્યા આવે !' ચૂંવાળિયા દેખાણા. પંદર લાકડિયાળા જુવાન. આપાઓ ! નજરોનજર નીરખ્યું છે. અંબોડો વાળીને રજપૂતાણી ઊભી થઈ. વેલડાના હેઠલા ઝાંતરમાંથી એક કાટેલી તલવાર કાઢી. હાથમાં તલવાર લઈને ઊભી રહી છે. અને ચૂંવાળિયા ઢૂકડા આવ્યા ત્યાં તો એણે ત્રાડ મારી : 'હાલ્યા આવો, જેની જણનારીએ સવા શેર સૂંઠ્ય ખાધી હોય ઈ હાલ્યા આવો.'





ચૂંવાળિયા થંભી ગયા. સહુ વીલે મોઢે એકમેકની સામે જોવા મંડ્યા. લોચા વળતી જીભે એક જણે જવાબ દીધો : 'પણ અમારે તો આ નદીમાં પાણી પીવું છે. વાણિયો તો અમથો અમથો ભેમાં ભાગે છે.'

'પી લ્યો પાણી !' રાજેશ્વરીની રીતે બાઈએ આજ્ઞા દીધી.

ચૂંવાળિયા પાણી પીને ચાલ્યા ગયા. પાછું વાળીને મીટ માંડવાનીયે કોઈની છાતી ન ચાલી. દેખાતા બંધ થયા એટલે બાઈએ કાટેલી તલવાર પાછી ગાડાના ઝાંતરમાં મેલી દીધી.

'બહેન !' મેં કહ્યું : 'મારી સાથે રાણપુર હાલો. એક રાત રહીને મારૂં ઘર પાવન કરો.'

'ના, બાપ; મેંથી અવાય નહિ. હું મારે સાસરે જાઉં છું.'

ખિસ્સામાંથી આઠ રૂપિયા કાઢીને હું બોલ્યો : 'બહેન, આ ગરીબ ભાઈનું કાપડું !'

'મારે ખપે નહિ !'

એણે ગાડાખેડુને જગાડ્યો. વેલડામાં બેસીને એ ચાલી નીકળી.

કચ્છની એ દીકરી, અડવાળ ગામ પરણાવેલી: એટલું જ મને યાદ રહ્યું છે. નામઠામ ભુલાણાં છે. પણ એ ચોટલાવાળીનું મોઢું તો નિરંતર મારી નજરે જ તરે છે.

## નિંભણી ડેમ



બાંધકામ અને હેતુ : આ ડેમનું નિર્માણ ઈ.સ. 1980 થી ઈ.સ. 1990ના દાયકામાં કરવામાં આવ્યું હતું. તેનો હેતું ખીંટલા અને તેની આજુબાજુના વિસ્તારના ખેડૂતોને સિંચાઈનું પાણી પૂરૂં પાડવાનો તેમજ ભુગર્ભ જળના સ્તર ઊંચા લાવવાનો હતો.

વિસ્તાર : નિંભણી જળસંપતિ યોજના નો સ્પીલવે બીજ

સાંકળ : 2687.36 મીટર

દરવાજા : 10

સાઈઝ : 9.14. X 3.5 મીટર

નિંભણી ડેમની જળસંગ્રહ ક્ષમતા : 218.5 મિ.ધનફુટ

સિંચાઈ હેઠળની જમીન : આશરે 1000 થી 1500 હેક્ટર જમીન

લાભાર્થી ગામ : ખીંટલા, ગુંદિયાવડા, ઓવનગઢ, અમરાપર, વાટાવચ્છ, સુદામડા.

# દરબાર શ્રી વીરા ખવડ

શ્રી પાલરવભા પાલીયાએ બહારવટીયા એભલ પટગીર (નોલી) ની પ્રસસ્તિના દુહા રચતા એભલ પટગીર વધુને વધુ ગામ ભાંગવા લાગ્યા, એજન્સી સરકારે તપાસ કરાવતાં, ખ્યાલ આવ્યો કે પાલરવભાની કવિતાથી પ્રેરાયને એભલ ત્રાસ ગુજારે છે. એજન્સી સરકારે પાલરવભા પાલિયાને પકડવાનું વોરન્ટ કાઢ્યું અને તેમને કોઈ આશ્રય આપે તો તેમને પણ પકડીને તેનો ગરાસ જપ્ત કરવાનો હુકમ કર્યો. પાલરવભાને સમાચાર મળતાં તેઓ પાંચાળના કાઠી દરબારોના રજવાડામાં ફરી વળ્યાં, પણ કોઈએ આશ્રય ન આપ્યો. જે રાજાઓ પાલરવભાને ગામ-ગરાસ, સંપત્તિ અને ભેંસું આપવા તૈયાર હતા, તે બધાએ આશ્રય આપવાની ના પાડી. કેમ કે, એક કવિ માટે પોતાનો ગામ-ગરાસ હોડમાં મુકવા કોઈ તૈયાર ન હતું, એજન્સી સરકારની ખફગી (નારાજગી) વહોરવાને બદલે બધાએ પાલરવભાને જ જાકારો આપવાનું મુનાસિબ માન્યું. હતોત્સાહ બનેલ પાલરવભા છેવટે લાખાવાડ (હાલ તાલુકો સાયલા જિલ્લો સુરેન્દ્રનગર)માં દરબાર શ્રી વીરા ખવડની ડેલીએ ગયા અને દુહા કહ્યા કે :

ભેસું દેતા ભૂપતિ, વળી જમ્યું દેતા જે; (એવા)
નર ગયા નાકારે, (એની) વાટેય નો રહી વીરડા. 1

આજો હુતો પણ ઓહરા, કરમ સંજોગે કાઠા;
મેપત થયા માઠા (એને) વઢાય નહીં કાંઈ વીરડા. 2

ભૂલ્યા માઠા ભૂપતિ, આવડત કળ આહા;
પણ જાણસ જાંજણકાં, વાતો સાચી વીરડા. 3

માઠાની ભીસું મરે, છેવટે લીં જાય ચોર;
ધરપત્ય રીઝે ન ઢોર, વેદુ પાલરવને વીરડા. 4

આપે ન પગ આડો કરે, કંઈ નર કાઠીઅરા;
જસ ના હોય, જાંજણકાં, વત હિણાને વીરડા. 5

જેનામાં છાત્રવટનું તેજ ખમીર હતું, તેવા દરબાર શ્રી વીરા ખવડ કવિની હૃદયવ્યથા સાંભળીને દ્રવિત થઈ ગયા. ક્ષણવારમાં તેમણે પોતાનો ધર્મ નક્કી કરી લીધો. એક તરફ પોતાનો આશરા ધર્મ હતો. તો બીજી તરફ એજન્સી સરકારની ખફગી (નારાજગી) અને ગામ-ગરાસની જપ્તીનો ભય હતો. પરંતુ આ અટંકી કાઠીએ ધર્મ ખાતર પોતાની સંપત્તિ અને પ્રાણને પણ





હોડમાં મુકવાનો નિર્ણય કરી લીધો. દરબાર શ્રી વીરા ખવડ પાલરવભા પાલિયાને બથમાં લઈને મળ્યા અને કહ્યું : 'પાલરવભા, હું અને મારા બે દીકરા જીવતા હોય ત્યાં સુધી તમારો કોઈ વાળ વાંકો નહીં કરે, આ ડેલીમાં તમે નિર્ભય રીતે નિવાસ કરો.' અને દરબાર શ્રી વીરા ખવડે પોતાનું વચન પાળી બતાવ્યું. સત્તર વર્ષ સુધી પાલરવભાને પોતાને ત્યાં રાખીને, છેવટે એજન્સી સરકારને સત્ય સમજાવીને પાલરવભાને હાજર કરી, વોરન્ટ રદ કરાવ્યું. એ પછી પાલરવભા પાલિયાને લાખાવાડમાંથી વિદાય કરતી વખતે એક ઘોડી આપી રજા આપેલી. આવી નવડ દાતારી દાખવનાર અટંકી વીરા ખવડને પાલરવભાએ કવિતામાં અમર કરી દીધા. પાલરવભા પાલિયાના હૃદયસાગરમાં આવેલ ભરતી આ વીસીમાં વ્યક્ત થઈ છે.

વીરા લાખાવાડ, ચારે ખંડ કીધી છતી;
પ્રજમાં આડી પાળ જે તેં રાખી જીવણાઉત.
કુંતાના પાંચેય કુંવર, એમાં સૌથી અરજણ સાર;
(એમ) દીહસ તું દાતાર, ખલકમાં વીરા ખવડ
ચોસઠને ચોવીસ, બંધવ તું લાખે બીયા;
એટલાની આશીષ, ખમ્મા તુને વીરા ખવડ

લાખાવાડના દરબારશ્રી વીરા ખવડની મહેમાનગતિ પર મુગ્ધ થઈ પાલરવભાએ આ દુહાની રચના કરી.

'કાઠીયાવાડમાં કો'ક દી ભૂલો પડ્ય ભગવાન;
મોળા કરૂં મેમાન (તને) સરગ ભુલાવુ શામળા.'

આ દુહો વિશ્વનું નાગરિકત્વ પામ્યો છે. એવો કોઈ કલાકાર નહીં હોય કે જેમણે આ દુહો પોતાના કાર્યક્રમમાં પ્રસ્તુત નહીં કર્યો હોય. કવિનો શબ્દ કેવો વજનદાર હોય છે, અને એને કોઈ સરહદ કે ભાષાના સીમાડા નડતા નથી એનું ઉદાહરણ પાલરવભાના 'શામળા' નામ છાપથી અને પાલવ નામથી રચાયેલા દુહાઓ છે.

સંદર્ભ સાહિત્ય :

★ સ્વર્ગ ભુલાવું શામળા : લેખકઃ પાલરવભા પાલિયા
★ રાજકવિ નાનુભાઈ રેણુકા સાહેબના બારોટના ચોપડાની નોંધ.
★ રાસલીયા પુંજા મીરના દુહા કવિત સંગ્રહ.

## પડ જુઓ પાંચાળ (ભાગ-૩ સાયલા) લેખન કાર્યશિબિર







**સ્થાન : શ્રી લાલજી મહારાજની જગ્યા, ભગતનું ગામ (સાયલા)**
**તારીખ : ૦૩જી જુલાઈ ૨૦૨૬ને શુક્રવાર**





સંદર્ભ ગ્રંથો :


★ The ruling Prince of India
★ History of Kathi JW wotson
★ Kathiyawad directory
★ Surendranagar Gazetier
★ Memoranda on Indian state
★ સૌરાષ્ટ્રની રસધાર
★ ભલ ઘોડા ભલ વંકડા
★ ઊર્મિ નવરચના
★ કાઠી ઇતિહાસ અને સંસ્કૃતિ ડૉ. પ્રદ્યુમન ખાચર
★ કાઠીઓ અને કાઠીયાવાડ ડૉ. પ્રદ્યુમન ખાચર
★ રાસમાળા – એલેક્ઝાન્ડર ફાર્બસ
★ સૌરાષ્ટ્રનો ઇતિહાસ– શંભુપ્રસાદ દેસાઈ
★ કાઠીયાવાડ સર્વસંગ્રહ – જે. ડબલ્યુ. વોટસન
★ ભગવદ ગો મંડળ
★ કાઠી સંસ્કૃતિ ભાગ-1 જીલુભાઈ ખાચર
★ કાઠી અભ્યૂદય વિશેષાંક – નાગભાઈ
★ આનું નામ ભાઈબંધી – જીલુભા ખાચર
★ નેશનલ આર્કાઈવ્ઝ– દિલ્હી,જયપુરની ફાઈલો
★ કાઠી સંસ્કૃતિ દીપ સંસ્થાનના ઐતિહાસિક સંશોધનાત્મક લેખ.
★ સ્વર્ગ ભુલાવું શામળા – પાલરવભા પાલીયા
★ રાજ કવિ નાનુભાઈ રેણુકા સાહેબની વહીઓ, ટિપ્પણ, ગાઈડ, દુહા, કવિતા, બારોટી સાહિત્ય.
★ રાસલીયા પુંજા મીર સુદામડાના દુહાઓ અને કવિતા સંગ્રહ
★ મુળુભા પાલિયાના કથાવસ્તુ ખાંભી,પાળિયા, દુહા,કવિતા
★ વોકર સેટલમેન્ટ
★ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ
★ લવજી સ્વામી સુવર્ણ ગ્રંથ
★ ઝાલા વંશ વારિધિ
★ યાદ હેમુ આવશે (સ્મરણ મંજૂષા)